A. Or.
2059 l

A. or.
2659 t

Patel

Dr Martin Haug

With best respects and compliments

from the Author.

Bombay 2nd
December 1872.

Stanton Hall

Irân-ni mukhtesar tavârikh (Abridge
history of Iran) from Gayomard to Yazd
by Bahmanji Behrâmji Patel.- Bombay

ઈરાનની મુખતેસર તવારિખ

કયોમરશના વખતથી તે યઝદજર્દ–શેહરીયારનાં
રાજ્યની આખેરી સુધીની.

પત્રના આકારમાં,

દરેક પત્રને લગતા સવાલો સાથે.

બનાવનાર

બહમનજી બેહરામજી પટેલ.

"અઝ નકશો નેગારે દરો દીવાર શેકસ્તેહ
આસાર પદીદ અસ્ત સનાદીદે અજમરા"

માએની—આ પેછે ઈરાની પાદશાહોની જાહેર નિશાન,
તે કદીમ ચિતારવાલાં બીસમાર બાંધકામ.

BIBLIOTHECA
REGIA
MONACENSIS

મુંબઇ,

દફ્તર આશકારા છાપાખાના મધે
બેહરામજી ફરદુનજીની કુંપનીએ છાપીઉંછે.
કોટ—બેહરામજી હોરમજજી સ્ટ્રીટ, ના૦ ૬ તથા ૧૧.

૧૨૪૨ યઝદજર્દી.

૧૮૭૨ ઇસવી.

કિમ્મત ૩૧)

REGISTERED UNDER ACT XXV. OF 1867.

આ પુસ્તક ધસવી સન ૧૮૬૭) ના ૨૫) માં કાયદા
પ્રમાણે સરકારમાં નોંધાવ્યું છે, અને તે ઉપર
સઘળો હક બનાવનારનો છે.

સ્ત્રી કેળવણીનાં કામને જેઓ મદદ તથા ઉત્તેજન આપેછે, તેઓ ખચીત પોતાનાં કુટુંબનું, ટોળાનું, અને દેશનું ચાલતા તથા આવતા વખતને માટે ભલું કરેછે. તેવા ગ્રહસ્થો તથા બાનુઓની જનાબમાં આ નહાનું પુસ્તક તેના બનાવનારે મોટાં માન અને ઈઝત સાથે અર્પણ કર્યું છે.

દીબાચો.

"પહેલે અને છેલ્લે, જાહેરમાં અને બાતેનમાં,
ખોદાતાલાના શોાગરાના."

પૃથ્વિની સપાટી ઉપર વસનારી સઘળી જાતોમાં પારસીઓની સંખ્યા ઘણી ઓછીછે, તોપણ તે એક એવા મોટા ટોળાની ઓલાદછે, કે જેણે આગળ એક લાંબા જમાના સુધી ઈરાન દેશમાં ઘણી જાહોજલાલી સાથે રાજ્ય ચલાવ્યું હતું. જે ટોળામાં જમશેદ, ફેદુન, કૈખુસરૂ, ગોસ્તાસ્પ, કુરસ, દારયવુસ-વિસ્તાસ્પ, અરશ-ચારસા, અર્દશીર-દરાઝદસ્ત, અર્દશીર-બાબેગાન, અને નોશીરવાન-આદેલ જેવા પાદશાહો રાજ્ય કરી ગયા હતા, જેઓનાં રાજ્યની ધજા દુર દેશોમાં પુર દબદબાથી ઉડતી હતી, જેઓનાં નામ તથા કામથી એક વેળાએ શું યુનાન કે શું રૂમ, શું ચીન કે શું તારજ તશીના મુલકો થરથર ધુજતા હતા, તથા જેઓની ફતેહનો તુંદ પવન એક વેળાએ પૃથ્વિની સપાટીના મોટા ભાગ ઉપર ફુકતો હતો; એવું જે મોટું તથા જાહોજલાલી ભર્યું રાજ્ય આપણા વડવાઓ ભોગવી ગયાછે, તેઓની તવારિખ જાણવી આપણને ઘણી અગત્યનીછે.

ઈશાનની તવારિખમાં આજ લાંબી મુદ્દત થઇ એટલોતો ગુંચવારો પડયોછે કે હજુ સુધી કેટલીક બા-બતો ઉપર વિદ્વાનો એકમત થતા નથી. તોપણ ખીલારોકી હરફોની તપ્સીઓની જે શોધો થઈછે તેઓને ઉકલાવ્યાથી, તથા આપણાં ધર્મ પુસ્તકોના કેટલાક ભાગોની યુરોપિઅન વિદ્યાથી થએલી શરેહ ઉપરથી ઘણોક ગુંચવારો આજ દુર થઈ ગયોછે, અને ઈશાનનાં રાજયની સઉથી વધારે જાહોજલાલી ભરી બિના જે જમાનાના દોરથી ગુમ થઇ ગઇ હતી, તે વિદ્યાનાં બળથી પાછી અજવાળામાં આવીછે.

આપણા પારસીઓનાં બાળકોને શિખાડવાને માટે ઈશાનનો મુખતેસર તવારિખનું એકુ નહાનું પુસ્તક નહીં હોવાથી કેટલાક સદ્ગ ગ્રહસ્થોની ભલામણ ઉપરથી આ પુસ્તક અમોએ પત્રના આકારમાં રચ્યુંછે, તથા દરેક પત્રની પછવાડે તેને લગતા સવાલો ટાંકયાછે, કે જેથી શિખનારને પોતાનો પાઠ કરવાને તથા શિખવનારને તે પાઠ લેવાને એકસરખી રીતે સવલ પડે. તેમજ પેહેલા પત્રમાં અસલ **ઈશાન** દેશનાં જાણવાજોગ પ્રાંતો તથા શેહેરોનો ટુક ખોલાસો આપ્યોછે; અને **ઈશાન** શિવાય **યુનાન, રોમ,** ઇત્યાદિ દેશોમાનાં જે પ્રાંતો તથા શેહેરો આ મુખતેસર તવારિખનાં પુસ્તકમાં આવ્યાંછે તેમનો ખોલાસો પછવાડે વધારા તરીકે મુળાક્ષરોને અનુક્રમે

આપ્યોછે; તથા એક લાયકીવાળા મિત્રની મદદથી શરૂઆતમાં અસલ ઈશનનેા નકશેા પણ દાખલ કીધેાછે.

આપણા લેાકેા હુખામનિસ વંશના પાદશાહેાનાં નામેા જે પ્રમાણે યુનાનીઓએ લખ્યાંછે તે પ્રમાણે વાપરેછે, પણ અમેાએ આ પુસ્તકમાં ખીલારેાકી તપ્સીઓ પ્રમાણે તેઓનાં અસલ ઈરાની નામેા વાપરયાંછે, કે જે વાંચવાનેા બાળકેાને માહવેરેા પડયાથી તેઓ મજકુર પાદશાહેાને યુનાની નામેાને બદલે તેમનાં ખરાં ઈરાની નામેાથી ઓળખી શકે.

આ પુસ્તક રચતી વેળાએ નિચલા ગ્રંથેા અમેાને મદદ તથા ભેામીઆ તરીકે અતી ઉપ્યેાગી થઈ પડયાં હતાં :—

જાન માલકમની ઇરાનની તવારિખ.

જીઆરજ રાલીનસનની હીરેાદેાતસ, તથા એનશીયનત માનરકીસ.

એમ. રાલીનસની પ્રાચીન કાળની તવારિખ.

જીઆરજ ગ્રેાતની યુનાનની તવારિખ.

રાલીનસ અને બીજા ગ્રંથકારેા ઉપરથી ઉપજાવેલી અસલી તવારિખનું પુસ્તક.

ડાકટર મારતીન હાઉગનું જરથેાસ્તી ધર્મ વિષેનું પુસ્તક.

જીઆરજ ડેવીસની પત્રના આકારમાં લખેલી ઇંગલંડની તવારિખ.

ફેરદેાસી તુસીનું શાહનામું.

ફરજાને બેહરામની શારેસ્તાને ચેહાર ચમન.

મી૦ જેહાંગીર બરજોરજી વાછાનેા ઇરાની બીલારેાકી તપ્સીઓ વિષેનેા રેસાલેા.

મી૦ જમશેદજી પાહલણજી કાપડીઆની તવારિખે કદીમ ઇરાન.

મી૦ એહરામજી ભીખાજી કાંગાની ઇરાનની તવારિખ.

મી૦ ખરશેદજી રૂસ્તમજી કામાજીનું જરથોસ્તનામું.

છેલ્લા ત્રણ ગ્રંથકારોના અમો અકસર કરી વધારે આભારી થયા છીયે, કેમકે તેઓનાં કિમતી પુસ્તકોમાંથી અમોને મદદ મલીછે એટલુંજ નહીં, પણ તેઓએ ખુદ પોતે અમોને કેટલીક ઉપ્યોગી મદદો તથા સુચનાઓ કીધીછે; તેમજ અતરેના માજી ડેપ્યુતી એડયુકેશનલ ઇનસ્પેકતર મી૦ જેહાંગીર હોરમસજી પંથકીએ પણ આ પુસ્તકના સંબંધમાં ઘણીક મદદો કીધીછે, કે જે માટે એ ત્યારે ગ્રહસ્થોનો અમો ખરાં જીગરથી ઉપકાર માન્યે છીયે.

શેવટે અમો પુરતા ભરોસાથી ઉમેદ રાખ્યે છીયે કે આ પુસ્તક જોકે આપણા પારસીઓનાં બાળકોને શિખાડવાને માટે બનાવ્યુંછે, તોપણ ઘણીખરી ઉમરે પુગેલી પારસી બાનુઓ તથા ગ્રહસ્થો કે જેઓ આપણાં અસલ વતનની તથા રાજ્યની તવારિખથી અનજાણાંછે, તેઓ પણ તેનો ઉપ્યોગ કરવાને ચુકશે નહીં.

ર. એ. ૫.

ઈશાનની મુખતેસર તવારિખ

પત્રના આકારમાં.

પત્ર ૧ લો.

મારી પ્યારી દીકરી,

જે વેળા હું તમારાથી છુટો પડયો, તે વેળા મેં તમારી ઉપર વારેઘડીએ પત્ર લખવાને કબુલાત આપી હતી, અને તે મુજબ હું આ પેહેલો પત્ર લખું છું, તથા હવેથી દર વેળા લખતો રહીશ. હું તેમાં કાંઇ ઘર સંસારની અથવા ખાનગી બાબતો નહીં લખીશ, પણ આપણાં અસલ વતન ઈશાનની મુખતેસરમાં તવારિખ લખતો જઈશ, કે જે વાંચ્યાથી તમોને જ્ઞાન મળે, તથા ફાયદો હાંસલ થાય. આ તવારિખ કાંઇ લંબાણ નહીં પણ ટુકામાંજ જણાવીશ, કેમકે તમારી વય હજુ નહાનીછે, તેથી તમોને ઘણું યાદ રહી શકે નહી; પણ એથી જેમ જેમ તમો મોટાં થશો, અને ઈશાનની મોટી તવારિખ વાંચવા માંડશો, ત્યારે તે માહેલી બાબતો તમોને જલદીથી સમજ પડશે. હું જે તમારા ઉપર લખી મોકલું તે તમારે ફકત અભ્યસ્થું વાંચી જવું નહીં,

પણ ધીરજથી વાંચી વિચાર કરી તે માહેલી બાબતો યાદ રાખવી.

હરેક દેશની તવારિખ જાણવા આગમન તે દેશનું, તથા ત્યાંના લોકોનું વર્ણન જાણવું એ ઘણું અગત્યનું છે, અને તેટલા માટે આ પત્રમાં હું તમારા ઉપર ઈરાન દેશનું વર્ણન લખી મોકલું છું.

યાદ રાખજો કે ઈરાન એશિઆખંડ માહેલો એક મોટો દેશ છે. એ દેશની હદ અસલના વખતમાં કેટલી તથા કયાં લગણ હતી તે ચોકસ જણાતું નથી; પણ તેની જાહોજલાલીના વખતમાં તેની ઉત્તર દિશાએ કાસ્પિઅન સમુદ્ર અને કાકેસસના પાહાડો, પૂર્વે સિંધુ અને જહૂન નદીઓ, દક્ષિણે ઈશની અખાત અને હિંદી મહાસાગર, તથા પશ્ચિમે યુફ્રેતિસ નદી હતી.

ઈરાન દેશ તેની જાહોજલાલીના વખતમાં જે કેટલાક પ્રાંતોમાં વહેંચાયલો હતો, તેમાંના મુખ્ય પ્રાંતોનાં નામ, તથા તેમનું થોડું ક જાણવા જોગ વર્ણન, તમારી જાણને માટે નિચે ટાકું છું—

"પરસિસ.	ગેદ્રુશિયા.
સુસિયાના.	પાર્થિયા.
મીડિયા.	હરકેનિયા.
એરિયા.	એકત્રિયાના.
કરમાનિયા.	સોગદિયાના."

"પરસિસ (ફારસ)—એ પ્રાંત ઈરાની અખા-
"તની ઉત્તર દિશાએ આવેલોછે. અહીંઆંની જમીન

" ઘણો ઉનડછે. મર્દસ્તના મેદાનમાં બૂર નદીના કાંઠા
" આગળ પર્સીપોલીસ અથવા તખ્તે જમશેદ ના-
" મનું નામીચું શેહેર હતું. પર્સીપોલીસથી આ-
" સરે પાંચ મૈલની વેગળાઇએ નકશે રૂસ્તમ નામનો
" એક પાહાડછે, તેની ઉપર સાસાનિઆનોના વખ-
" તના કેટલાએક ચિતાર હાલ પણ જોવામાં આવેછે.
" પર્સીપોલીસથી પચાસ મૈલના તફાવત ઉપર મોર-
" ઘાબના મેદાનમાં પેસારગેદા હતું. હાલ એ પ્રાંતમાં
" શાહપૂર, ફીસા, બુશેર, અને શીરાજ આવેલાંછે."

" સુસિયાના (ખુઝીઝસ્તાન)—એ પ્રાંત ફારસ
" ની પશ્ચિમ દિશાએ આવેલોછે. અહીંઆંની જમીન
" ઘણી માતબરછે. એની રાજધાની સૂસા, કોએ-
" સ્પિસ નદીના કાંઠા ઉપર હતી. થંડીની ઋતુમાં
" ઈરાનના પાદશાહો એ શેહેરમાં આવીને રેહેતા
" હતા. સૂસાથી પિસ્તાલીસ મૈલની વેગળાઇએ કહા-
" રૂન નદીના કાંઠા ઉપર શુસ્તર નામનું વખણાયલું
" શેહેરછે. શુસ્તર શિવાય બીજાં ઘણાં શેહેરો એ
" પ્રાંતમાં આવેલાંછે, તેમાં અહાવાઝ તથા બસ્સોશ,
" એ બે શેહેરો જાણવાજોગછે."

" મીડિયા—એ પ્રાંત ફારસની ઉત્તર દિશાએ
" આવેલોછે. એ બે ભાગમાં વહેંચાયલો હતો; એ-
" ત્રોપેતેની (આઝરબીજાન) અને મીડિયામેજર (ઈ-
" રાકે અજમી)—એ બંને ભાગો માહેલા પેહેલા ભા-

" ગમાં પુષ્કળ પાહાડો, તથા જંગલો દીઠામાં આવેછે;
" પણ એનો બીજો ભાગ ઈશકે અજમી ઘણો સુંદર
" અને રળિઆમણોછે. એ ભાગમાં એકબેટાના
" (હામાદન) કરી એક મોટું અને નામીચું શેહેર હતું.
" એકબેટાનાની પડોસમાં બીહિસ્તુન નમનો એક
" ખડકછે, તે ઉપર દારાયસ-હિસ્તા સ્પિસના વખત-
" ના લેખો દીઠામાં આવેછે. એકબેટાનાથી આ-
" સરે બસેં મૈલને છેટે અલબુઝના પાહાડો આગળ
" રે કરીને એક મોટું અને પુરાતન શેહેર હતું. હાલ
" એ ભાગમાં તેહરાન અને ઈસફહાન નામનાં બે
" મોટાં શેહેરોછે."

" એરિયા (સેજીસ્તાન તથા ખોરાસાનનો દક્ષિણ
" ભાગ)—એ પ્રાંત મીડિયાની ઉગમણ દિશાએ આ-
" વેલોછે. એમાંથી એરિઅસ (હેરી) નામની નદી વ-
" હેછે, તેથી એનું નામ એરિયા પડેલુંછે. એરિયાની
" જગાએ હાલ હેરાતનું નામીચું શેહેર આવેલુંછે.
" હેરાત શિવાય એ પ્રાંતમાં નીશાપૂર તથા યઝદ
" જાણવા જોગ શેહેરોછે."

" કર્મનિયા (કરમાન) અને જેદ્રુશિયા (મકરાંન)-
" એ બંને પ્રાંતો ફારસની ઉગમણ દિશાએ આવેલાંછે.
" અહીંઆં પાહાડો, તથા રેતીનાં મેદાનો શિવાય બી-
" જું કંઈ દીઠામાં આવતું નથી. હાલ કર્મનિયામાં
" કર્મન તથા ગોમશુન નામનાં શેહેરોછે."

" પાર્થિયા (તેખ્રિસ્તાન) અને હરકેનિયા (મા-
" જીનદ્રાન)—એ પ્રાંતો મીડિયાની ઉગમણુ તરફ કા-
" સ્પિઅન સમુદ્રના કાંઠા ઉપર આવેલાંછે. પાર્થિ-
" યાની જમીન ઉજડ અને પાહાડીછે. હરકેનિયાનો
" મુલક પાહાડીછે ખરો, પણ તે આખા ઈશાનમાં ઘણો
" ફલવંત અને રળિઆમણો ગણાયછે."

" બેકત્રિયાના (બલ્ખ) અને સોગદ્દિયાના
" (બોકારિઆ)—એ પ્રાંતો એશિયાની ઈશાન કોણે આ-
" વેલા છે. એમ્બોની વચ્ચે ઓકસસ અથવા જહૂન
" નદી વહેછે. બેકત્રિયાનો મુલક ઘણો રસાળ હતો.
" સોગદ્દિયાનાની રાજધાની મેરેકંદા (સ્મરકંદ) હતી.
" અસલના વખતમાં એ શેહેર પણ વેપારનું એક મોટું
" મથક હતું."

મારી પ્યારી દીકરી આ પ્રત્ર લાંબો થવાથી ઈરાન દેશનું વર્ણન અત્રેજ પુરૂં કરૂંછું, અને બીજા પત્રમાં ત્યાંના લોકોની હાલત, ધર્મ, તથા રીતભાત વિષેનું વર્ણન કરીશ.

હું છું તમારો વાહાળો બાપ.

તાજે કલમ—દરેક પત્રની પછવાડે હું તેને લ-
ગતી બાબતોના થોડાક સવાલો લખી મોકલીશ, કે જે
તમોએ કોઇ બીજાં પાસે પુછાવવા, અને જોવું કે તમો
તેના જવાબો આપી શકોછો કે નહીં. એક નકશો

જોતી વેળા ધ્યાનમાં રાખવું કે તેનું મથાળું તે ઉત્તર દિશા, હેઠળ દક્ષિણ દિશા, જમણા હાથ ભણી પૂર્વ દિશા, અને ડાબા હાથ ભણી પશ્ચિમ દિશા આવેલાં હોયછે.

સવાલો.

ઈરાન કયા ખંડ માહેલો એક દેશ છે ?

એ દેશની હદ અસલના વખતમાં, તથા તેની જાહોજલાલીના વખતમાં કયાં લગણ હતી ?

એ દેશ તેની જાહોજલાલીના વખતમાં કેટલા તથા કયા કયા પ્રાંતોમાં વહેંચાયલો હતો ?

પરસિસનો પ્રાંત કયાં હતો ?

ત્યાંની જમીન કેવી હતી ?

મર્દસ્તના મેદાનમાં **બૂર** નદીના કાંઠા આગળ કયું નામીચું શેહેર હતું ?

પર્સીપોલીસથી આસરે પાંચ મૈલની વેગળાઇએ કયો પાહાડ હતો ?

તેની ઉપર હાલ શું જોવામાં આવેછે ?

પર્સીપોલીસથી પચ્યાસ મૈલના તફાવત ઉપર **મોરઘાબ**ના મેદાનમાં શું હતું ?

હાલ એ પ્રાંતમાં કયાં શેહેરો આવેલાં છે ?

સુસિયાનાનો પ્રાંત કયાં હતો ?

ત્યાંની જમીન કેવી હતી ?

તેની રાજધાની કયાં હતી ?

શુસ્તરનું શેહેર કયાંછે ?

શુસ્તર શિવાય બીજાં કયાં શેહેરો જાણવા જોગછે ?

મીડિયાનો પ્રાંત કયાં આવેલો હતો ?

એ કયા બે ભાગોમાં વહેંચાયલો હતો ?
પેહેલા ભાગમાં શું દીઠામાં આવતું હતું ?
બીજો ભાગ કેવો હતો, તથા તેમાં કયું નામીચું શેહેર હતું ?
એકબેટાનાની પડોસમાં કયો બડકછે, તથા તે ઉપર શું દીઠામાં આવેછે ?
એકબેટાનાથી આસરે બસેં મૈલને છેટે કયો પાહાડછે ?
આ પાહાડ આગળ કયું પુરાતન શેહેર હતું ?
હાલ એ ભાગમાં કયાં શેહેરોછે ?
એશિયાનો પ્રાંત કયાં આવેલો હતો ?
એમાંથી કઈ નદી વહેતી હતી ?
એશિયાની જગાએ હાલ કયું શેહેર આવેલુંછે ?
હેરાત શિવાય એ પ્રાંતમાં બીજાં કયાં જાણવાજોગ શેહેરોછે ?
કર્માનિયા અને **ગેદ્રુશિયા**ના પ્રાંતો કયાં આવેલાં હતાં ?
અહીંઆં શું દીઠામાં આવેછે ?
હાલ **કર્માનિયા**માં કયાં શેહેરોછે ?
પાર્થ્યા અને **હુરકેનિયા**ના પ્રાંતો કયાં આવેલા હતા
પાર્થિયાની જમીન કેવી હતી ?
હુરકેનિયાનો મુલક કેવો હતો ?
બેકત્રિયાના અને **સોગદ્દિયાના**ના પ્રાંતો કયાં આવેલા હતા ?
એએની વચ્ચે કઈ નદી વહેતી હતી ?
બેકત્રિયાનાનો મુલક કેવો હતો ?
સોગદ્દિયાનાની રાજધાની કઈ હતી ?
અસલના વખતમાં એ શેહેર શાનું મથક હતું ?

---

(૮)

પત્ર ૨ જો.

મારી પ્યારી દીકરી,

મારા પેહેલા પત્રમાં મેં તમારી ઉપર **ઈરાન** દેશનું વર્ણન લખી મોકલ્યું હતું; હવે આ પત્રમાં હું **ઈરાન** દેશના પ્રાચીન કાળના લોકોની હાલત, ધર્મ, તથા રીત-ભાત વિષે થોડું'ક લખું'છું.

ઘણાજ પુરાતન જમાનામાં ઈરાનીઓ નં'ગલી હાલતમાં હતા, પણ તેઓની સ્થિતિ પાછળથી ઘણી સુધરી હતી. તેઓએ દેવો એટલે ખરાબ ખાસીયતના લોકો સાથે લડી તેમને ઠેકાણે લાવી મુકયા હતા, તથા કેટલાક નવા નંવા હુનરો શિખી ખેતીવાડીમાં પણ સુધારો કર્યો હતો. પછી **હખામનિસ** વંશના પાદશાહોના વખતમાં તો **ઈરાન** દેશ જાહોજલાલી ભર્યું થઈ ગયું હતું, અને તેની ધજા પૃથ્વિની સપાટી ઉપર પૂર દબદબાથી ઉડતી હતી.

ઈરાની લોકો એકજ ખોદાને માનતા હતા તથા તેની બં'દગી કરતા હતા. પાદશાહ **ગોસ્તાસ્પ**ના વખતમાં પેગંબર સાહેબ **જરથોસ્ત** પેદા થયો. તેણે પોતાનો બરહક ધર્મ **ઈરાન** તથા તેની રાજધાની **બલ્ખ**માં ફેલાવ્યો. તેના ધર્મની મુખ્ય મતલબ ફકત એક ખોદાને માનવો તથા તેના હુકમો પ્રમાણે ચાલવું એવીછે. એ ધર્મનું મૂળ તત્વ આ ત્રણ શબ્દોમાં ઘણું'ખરૂં આવી

રહેછે—"હુમત, હુખ્ત, હુવરેશત" એટલે "નેક વિચારવું, નેક બોલવું, અને નેક કરવું." એ બરહક પેગંબરે બદીનો તથા બુરા લોકોનો નાશ કીધો હતો, અને લોકોને પોતાના ધર્મનો નેક માર્ગ બતાવ્યો હતો. પાછળથી એનો ધર્મ પડતી દશામાં આવી ગયો હતો, પણ તે હખામનિસ વંશ તથા તે પછી છેક સાસાનિઆન વંશના પાદશાહોના વખતમાં પાછો તાજો થયો. જરથોસ્તના લાવેલા ધર્મને જરથોસ્તી અથવા માજદીઅસની દીન કરીને પણ કહેછે.

અસલી ઈરાનીઓ જાતે ઘણા દેશહિતકારી હતા. તેઓ પોતાના પાદશાહને ઘણું માન આપતા તથા તેને ચાહાતા હતા. તેઓ પોતે પેહેલવાનો તથા સિપાહુઓમાં ખપવું ઘણું માન ભરેલું સમજતા હતા, તથા પોતાનાં બચ્ચાંને બાળપણથીજ સાચ્ચું બોલતાં, ઘોડે બેસતાં, અને તીર મારતાં શિખવતા હતા. તેઓ સ્ત્રીઓનો મલાજો જાળવતા હતા, તથા તેઓને સારી તરબિયત આપતા હતા. તેઓની સ્ત્રીઓ પણ બહાદૂર તથા હિંમતવાન હતી. તેઓમાં આપણી માફક બાળ લગ્નનો રેવાજ હતો નહીં, પણ છોકરો તથા છોકરી બંન્ને પોતાની ઉંમરે પુગી પોતાને મનગમતું જોડું પસંદ કરતાં હતાં.

ઈરાનીઓ હમેશાં સાચ્ચું બોલવાને ઘણું ચાહાતા હતા, તેઓમાં "નબળાઓને બંચાવી લેવાનો ધ-

ણે૦ ઉત્તમ ખવાસ હતો, તેમજ નમનતાઈ, દયા, હિં-
મત, તથા સખાવતના ગુણે૦ એકસરખી રીતે હતા."

છેલ્લું તેઓના ધર્મગુરૂઓ ઘણા કાબેલ, દાનાવ, સમજુ, તથા આપઅખત્યાર હતા. પાદશાહો પોતે પણ ધર્મગુરૂઓની સલાહ લેતા હતા, તથા તેઓથી કાંઈ આડું કામ બનેતો ધર્મગુરૂઓ તેની સામે વાંધો લેતા હતા. તેઓ પોતાના જનમાનોને ધર્મ સંબંધી રાહપર બોધ આપી નીતિના માર્ગ ઉપર ચલાવતા હતા.

મારી પ્યારી દીકરી આ બે પત્રોમાં મેં તમારી ઉપર ઈરાન દેશનું, તથા ત્યાંના લોકોનું થોડુંક વર્ણન લખી મોકલ્યુંછે. હવે આવતા પત્રથી હું તમારી ઉપર ઈરાન દેશની તવારિખ લખવાને શરૂ કરીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

ઘણાજ પુરાતન વખતમાં ઇરાનીઓ કેવી હાલતમાં હતા, તથા પાછળથી તેઓની હાલત કેવી થઇ હતી ?

કયા વંશના પાદશાહોના વખતમાં ઇરાન દેશ જાહોજલાલી ભર્યું થઇ ગયું હતું ?

અસલી ઇરાનીઓ કોણને માનતા હતા, તથા કોણની બંદગી કરતા હતા ?

પેગંબર **જરથોસ્ત** કોણના વખતમાં પેદા થયો હતો ?

જરથોસ્તના ધર્મની મુખ્ય મતલબ શું છે, તથા તેનું મૂળ તત્વ કયા ત્રણ શબ્દોમાં આવી રહ્યુંછે ?

જરથોસ્તના લાવેલા ધર્મને બીજું કયાં નામથી ઓળખેછે ?

અસલી ઇરાનીઓ કેવા હતા, તથા પોતાના પાદશાહો સાથે કેવી રીતે ચાલતા હતા ?

તેઓ શામાં બપવું માન ભર્યું સમજતા હતા ?

તેઓ પોતાનાં બચ્ચાંને બાળપણથી શું શિખવતા હતા ?

તેઓ સ્ત્રીઓને કેવી રીતે ગણતા હતા, તથા તેઓ પણ જાતે કેવી હતી ?

તેઓમાં બાળલગ્નનો રેવાજ હતો કે નહીં ?

અસલી ઇરાનીઓમાં કયા ગુણો ઘણા સરસ હતા ?

તેઓના ધર્મગુરૂઓ કેવા હતા ?

પત્ર ૩ જો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા બે પત્રોમાં મેં તમારી ઉપર ઇરાન દેશનું તથા ત્યાંના લોકોનું ટુક વર્ણન લખી મોકલ્યું હતું, અને હવે ત્યાંની તવારિખને લગતી બિના લખવાને શરૂ કરૂંછું તે તમો ધ્યાન દઈ વાંચજો.

ઇરાન દેશમાં પેહેલ વેહેલું પેશદાદીઆન વંશે રાજ્ય કીધું હતું. યાદ રાખજો કે તે વખતે ઈરાન દેશ તે હાલનું ઈરાન નહીં, પણ અસલનું ઈરાનવેજ કે જેને એરીઅનેમ-વએજો કરી કહેછે તે જાણવું. આ ઈરાનવેજ કયાં હતું તે હજુ સુધી ચોકસ જણાયું

નથી, પણ કેટલાક વિદ્વાનોના ધાર્યા પ્રમાણે તે "સોગ-દિયાનાની ઈશાન કોણે બીલરટાગના પાહાડો આગળ કે જ્યાંથી ઓકસસ અને જકઝારતિસ નદીઓ વહેછે ત્યાં હોવું જોઇએ." પેશદાદીઆન વંશનો પેહેલો પાદશાહ કયોમરશ કરી હતો, કે જેને ગેલશાહ એટલે જમીનનો પાદશાહ કરીને પણ કહેતા હતા. એના વખતમાં લોકો ઘણી જંગલી હાલતમાં હતા અને પાહાડોની કઢણો તથા જંગલોમાં વસતા હતા. એને ત્યાં સિઆમક નામે એક સોહામણો તથા લડાયક દીકરો હતો. એ પોતાની રૈય-તના લોકોને આસ્તે આસ્તે સુધારાપર લાવ્યો હતો, પણ કેટલાક લોકો જેઓ જંગલી હાલતમાંજ રહી ગયા હતા તેઓ વારેઘડીએ એનાં રાજ્ય ઉપર હુમલા કર્યા કરતા હતા. આ લોકોને દેવો કરી કહેતા હતા. એક વેળા કયોમરશે તેઓની સાંમે લડવાને પોતાના દીકરાને મો-કલ્યો. તે તેઓની સાથની લડાઈમાં માર્યો ગયો, જેથી કયોમરશ ઘણો ગમગીન થયો અને તેના શોકમાં બેઠો. સિઆમકનો હુશંગ નામે એક દીકરો હતો, કે જેને કયોમરશે પાછળથી પેલા દેવ લોકોની સાંમે તેના બાપનો કિનો લેવા માટે લડવાને મોકલ્યો. હુશંગે તેઓ સાથે લડી તેમને હરાવ્યા. ત્યારબાદ કયોમરશ પોતાની બલ્ખની રાજધાનીમાં જઇ રહ્યો અને ત્યાં થોડુંકમાં મરણ પામ્યો.

એની પછી હુશંગે રાજ્ય ચલાવ્યું હતું. એ

પાદશાહ ઘણો બુદ્ધિવાન હતો. એના વખતમાં લોઢું, આતશ, વિગેરેની શોધ થઈ હતી. એવું કેહેછે કે "એક દિવસે એ પાદશાહ જંગલમાં ફરતો હતો તેવામાં તેણે એક સાપ દીઠો; તે સાપ ઉપર તેણે એક પથ્થર ફેંકયો, કે જે તે સાપને લાગ્યાને બદલે એક બીજા પથ્થર સાથે અથડાયો, અને તે માહેથી આતશની ચિણગારી ઉડી પાસે કચરા તથા કાંટામાં પડી, જેથી તે સળગી આતશ રોશન થયો, અને પેલો સાપ તેમાં બળી મુવો. આ આતશને શેહેરમાં લાવી એક ગુંબજમાં મેહયો, અને તેનો કેબલો કરવા લોકોને ફરમાવ્યું, તથા તે દિવસે એક મોટું જશન કીધું." જાવેદાને ખેરદ એવે નામનું એક પુસ્તક એણે લખ્યું હતું. એનાં મરણ પછી એનો દીકરો તેહેમુરશ ઇરાનનાં તખ્ત ઉપર આવ્યો હતો.

તેહેમુરશે તખ્ત ઉપર આવતાંને વાર સઘળા મોબેદો, દાનાવો, તથા સિપાહઓને બોલાવીને કહ્યું કે "આ તખ્ત, તાજ, ગોરઝ, અને કોલાહને લાયકનો હું થઈશ; બદીનો રસ્તો હું ધોઈ નાખીશ; અને ત્યાં નેકીનો રસ્તો હું બાંધીશ; હર જગાએથી દેવોને ઓછા કરીશ; અને તેમને બાંધીશ," ઇત્યાદિ શબ્દો કહી પોતે તખ્ત લીધું. એના વખતમાં પણ હુનર સંબંધી થોડો ઘણો સુધારો થયો હતો, તથા એણે કેટલાંક જાનવરો પણ પાળ્યાં હતાં. એ પાદશાહનો શિદ્દાસ્પ નામે એક

ઘણો દાનાવ તથા સમજુ દસ્તૂર હતો, જેની સલાહથી એ પોતાનાં સઘળાં કામકાજો કરતો હતો. એના વખતમાં પણ પેલા જંગલી (દેવ) લોકોએ પાછી ઈરાન ઉપર ચઢાઇ કીધી હતી. તેઓની સાંમે એ બહાદૂરીથી લડયો, અને તેઓમાના બે સરદારોને પકડીને બાંધ્યા, તથા બાકીના કેટલાકોને મારી નાખ્યા. આથી એ પાદશાહને તેહેમુરશ-દેવબંદ એટલે દેવોને બાંધનારો કરીને પણ કેહેછે. એનાં મરણ પછી એનો નબીરો જમશેદ ઈરાનનાં તખ્ત ઉપર બેઠો હતો. તેનાં રાજયનું વર્ણન હવે પછીના પત્રમાં હું તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

ઈરાન દેશમાં પેહેલવહેલું રાજ્ય કયા વંશે કર્યું હતું ?

ઈરાન દેશ તે કયો, હાલનો કે કોઈ બીજો ?

પેશદાદીઆન વંશનો પેહેલો પાદશાહ કોણ હતો તથા તેને બીજો શું એલકાબ હતો ?

કયોમરશના વખતમાં લોકો કેવી હાલતમાં તથા કયાં વસ્તા હતા ?

એના દીકરાનું નામ શું, તથા તે કેવો હતો ?

એનાં રાજ્ય ઉપર વારેઘડીએ કયા લોક હુમલો કર્યા કરતા હતા ?

એ દેવો એટલે કોણ ?

કયોમરશો તેઓની સાંમે લડવાને કોણને મોકલ્યો હતો ?

આ લડાઇમાં કોણ માર્યું ગયું હતું ?

કયોમરશે તેનો કિનો લેવા માટે કોણને મોકલ્યો હતો?
હુશંગે તેમને શું કર્યું હતું?
પછી કયોમરશ કયાં જઇ રહ્યો હતો?
એની પછી એનું રાજ્ય કોણને મળ્યું હતું?
હુશંગ પાદશાહ કેવો હતો, તથા તેના વખતમાં શાની શોધ થઈ હતી?
આતશની શોધ કેમ થઈ હતી?
હુશંગ પાદશાહે કયું પુસ્તક લખ્યું હતું?
એની પછી એનું રાજ્ય કોણને મળ્યું હતું?
તેહેમુરશે તખ્ત ઉપર આવતાંવાર કોણની આગળ અને શું ભાષણ કીધું હતું?
એ કોણની સલાહથી પોતાનાં સઘળાં કામકાજો કરતો હતો?
એના વખતમાં કોણે પાછી ઇરાન ઉપર ચઢાઈ કીધી હતી?
તેઓની સાંમે એણે શું કીધું હતું?
આ ઉપરથી એને કયાં નામથી ઓળખેછે?
તેહેમુરશ-દેવબંદ એટલે શું?
તેહેમુરશની પછી ઇરાનનાં તખ્ત ઉપર કોણ આવ્યું હતું?

પત્ર ૪ થો.

મારી પ્યારી દીકરી,

હું ધારૂંછું કે હું જે કાંઇ તવારિખ તમારી ઉપર લખી મોકલુંછું તેપર તમો સારૂં ધ્યાન આપતાં હશો, અને ઈરાનના અસલી પાદશાહો વિષે હજુ વધારે જાણવાને તમો ઈચ્છા રાખતાં હશો. જે પાદશાહ

વિષે આ પત્રમાં હું તમારી ઉપર લખવા માગું છું તે નામીચો પાદશાહ **જમશેદ**છે. એ **વીવીંઘાન**નો દીકરો, તથા **તેહેમુરશ** પાદશાહનો નબીરો હતો. એણે તખ્ત ઉપર આવતાંને વાર રાનદ્વારી, સંસાર સંબંધી, તથા ધર્મ સંબંધી ઘણાક સુધારા કીધા હતા, તથા પોતાની રૈયતને ચાર ટોળામાં વહેંચી નાખી હતી. તેમાં પેહેલો **અથોશ્નાન** ટોળો કે જેમાં દાનાવો તથા દીનદારો હતા; બીજો **રથ્યોસ્તારાન** કે જેમાં પેહેલવાનો તથા સિપાહો હતા; ત્રીજો **વાસ્ત્રિઓસાન** કે જેમાં ખેડુતો હતા; અને ચોથો **હુતોખ્સાન** કે જેમાં કારીગરો હતા.

જમશેદ પાદશાહે **તખ્ત જમશેદ** કરી એક શેહેર બંધાવ્યું હતું. એવું કેહેછે કે જે દિને તે બંધાઇ રહ્યું તે દિને સૂર્યનો મેષ રાશિમાં દાખલ થવાનો દિવસ હતો. તે દિવસે **જમશેદ** ધામધુમથી તે શેહેરમાં પોતાનાં તખ્ત ઉપર બેઠો, અને તે દિવસને **જમશેદી-નોશોઝ** કરી નામ આપ્યું, કે જે આપણામાં આનલગણ કાએમછે. આ નોરોઝની ક્રિયા દર વર્ષે છ દાહડા લગણ ખુશી ખુશાલી સાથે કરવામાં આવતી હતી.

જમશેદ પાદશાહે બીજા ઘણાક સુધારા કર્યા હતા, તથા એની રૈયતે એનાં રાજ્યમાં ઘણું સુખ ભોગવ્યું હતું. પણ મગરૂબીએ એનો નાશ કીધો. એણે પોતે જે આટલાં બધાં કામો કર્યાં હતાં તે ઉપરથી ઘણોજ મગ-

ક્રૂળ થવા લાગ્યો, અને પોતાના લોકો કનેથી ખોદાઈ માન માગ્યું. કેટલાક લોકોને તેથી ગોસ્સો ઉપજ્યો, અને તેઓએ તેથી ઝોહાક નામના એક પારકા મુલકના પાદશાહને ઉસ્કેરીને ત્યાં બોલાવ્યો. આથી જમશેદને નાસી જવાની ફરજ પડી, અને તે સિસ્તાન, હિંદુસ્થાન, તથા મહાચીનના મુલકો તથા જંગલોમાં ભટકતો ફર્યો. ઝોહાકે તેને પકડી આપનારને મોટું ઈનામ આપવાનું જાહેર કર્યાથી આખરે એ તેના હાથમાં પકડાયો અને માર્યો ગયો.

મારી પ્યારી દીકરી તમોએ આ ઉપરથી જોયું હશે કે બગરૂબીથી માણસનો કેવો નાશ થાયછે, માટે તમોએ કદી પણ તમારી સારી હાલત ઉપર બગરૂબ થવું નહીં, પણ સર્વ સાથે હળીમળીને નમનતાઈથી ચાલવું. આવતા પત્રમાં હું તમારી ઉપર ઝોહાકનાં રાજ્યનું વર્ણન લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

જમશેદ પાદશાહ કોણનો દીકરો હતો?
એણે તખ્ત ઉપર આવ્યા પછી કયા કયા સુધારા કર્યા હતા?
એણે પોતાની રૈયતને કેટલા ટોળામાં વહેંચી નાખી હતી?
એ ચારે ટોળામાં કોણ કોણ હતા?
જમશેદ પાદશાહે કયું શેહેર બંધાવ્યું હતું?

એ શેહેર બંધાઇ રહ્યું તે દિને કયો દિવસ હતો?
તે દિને **જમશેદે** શું કીધું હતું?
આ દિવસને આજ લગણ આપણ કયાં નામથી ઓળખીએ છૈયે?
નોરોઝની ક્રિયા દર વર્ષ કેટલા દિવસ લગણ કર્યામાં આવતી હતી?
જમશેદ પાદશાહનો નાશ શાથી થયો હતો?
એણે શા માટે મગરૂરી કીધી હતી?
આથી એની રૈયતના લોકોએ કોણને પોતાનાં દેશ ઉપર બોલાવ્યો હતો?
જમશેદ નાસીને કયાં ગયો હતો?
પછી એ કેમ માર્યો ગયો હતો?

પત્ર ૫ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાં મેં **જમશેદ**ની પાદશાહીનો બિના લખી હતી, અને તે ઉપરથી તમે જોયું હશે કે તેની પછી **ઈરાન**નાં તખ્ત ઉપર **ઝોહાક** બેઠો હતો. એ **મરદાસ** નામના એક પાદશાહનો દીકરો હતો. તખ્ત ઉપર આવતાંને વાર એ પોતાની રૈયત ઉપર ઘણો જુલમ તથા ઘાટકીપણું ગુજારવા લાગ્યો, અને **જમશેદ**નાં કુટુંબનો નાશ કરી તેના **આતબીન** નામના એક ભાઈને મારી નખાવ્યો. આતબીનની ફ્રાનક નામે બૈરત હમેલદાર હોવાથી તે અલબુઝના પાહાડ

ભણી નાસી ગઇ, અને ત્યાં તેણે એક દીકરાને જન્મ આપ્યો, તથા તેનું નામ ફરીદુન કરી રાખ્યું. ત્યારબાદ એક રાત્રે ઝોહાકને એવો સ્વપ્નો આવ્યો કે ફરીદુન નામનો એક શખ્સ તેને મારી નાખી કીયાનનાં તખ્ત ઉપર બેસશે. આ ઉપરથી તેને ઘણીજ ધાસ્તી લાગી, અને તે એકગમથી ફરીદુનની શોધ કરવા મંડયો, તથા બીજીગમથી એક દસ્તાવેજ બનાવી તેપર પોતાને કબુલ રાખવા સારૂં લોકો પાસે સહી કરાવી લીધી; પણ કાવા નામના એક બહાદૂર લુવારે તે ઉપર સહી કીધી નહીં, અને તે ફાડી નાખ્યો; પછી પોતાનાં પેહેરણમાંથી એક ઝૂડો બનાવી તે સધળે ઠેકાણે ફરીદુનને નામની પોકાર મારી ઘણા લોકોને પોતાની તરફેણમાં લઇ ફરીદુનને શોધી લાવ્યો. ફરીદુને તેઓની સાથે મળી જઇ ઝોહાક ઉપર ચઢાઇ કરી તેને હરાવ્યો અને પોતે તખ્ત ઉપર બેઠો.

મારી પ્યારી દીકરી તમોએ ઝોહાક પાદશાહના ઉપલાં ટુક વર્ણન ઉપરથી જોયું હશે કે જુલમી રાજાઓ પોતાની પ્રજાને કેવા આંખના પાટા જેવા થઇ પડેછે અને તે તેના જુલમ તથા ઘાતકીપણાથી કંટાળી જઇ તેનો કેવો નાશ કરેછે. આપણને ઇશ્વરનો આભાર માનવો જોઇએ કે હાલમાં આપણ કોઇ ઝોહાક જેવા જુલમીના રાજ્યમાં નથી, પણ વિકટોરિયા રાણીનાં અપક્ષપાત અને અદલ રાજ્યમાં સુખ ભોગવીએ છીએ, અને ઉમેદ રાખીએચ કે તે રાજ્ય આપણા ઉપર ઘણું સુધી કાએમ રહે.

ફેદુને તખ્ત ઉપર બેઠા પછી ઝોહાકના વખતની સઘળી બદીઓ શેહેરમાંથી દુર કીધી, તથા સઘળા લોકોને અદલ ઈનસાફ આપવા લાગ્યો. એને સેલમ, તુર, અને ઈરચ એવે નામના ત્રણ દીકરા હતા, અને તે ત્રણેને એણે પોતાની હૈયાતીમાંજ પોતાનાં રાજ્યના ત્રણ ભાગ કરી વહેંચી આપ્યા હતા. તેમાં સેલમને મહાચીન તથા પૂર્વ તરફના બીજા મુલકો આપ્યા; તુરને તુરાનનો મુલક; અને ઈરચને પોતાનું ઈરાનનું રાજ્ય આપ્યું. આથી પેલા બંન્ને વડા ભાઈઓને તેની અદેખાઈ આવી કે તેઓના બાપે પોતાના સૌથી નહાના દીકરાને ઈરાનનો આબાદ તથા ફલવંત મુલક આપ્યો, અને તેથી તેઓએ પોતાના બાપ ઉપર એક કાસદ પાસે એવું કહેવડાવ્યું કે "તેં અમોને તારા મુલકો વહેંચી આપવામાં ઘણી ગેરઈનસાફી કીધીછે, તેટલા માટે અમો પૂર્વ તથા ઉત્તર તરફનાં લશ્કરને લઈને ઈરાન તથા ઈરચને પાયમાલ કરીશું." જ્યારે ફેદુને આ પેગામ સાંભળ્યો ત્યારે તે પોતાના બંન્ને દીકરાઓપર ઘણોજ ગોસ્સે થયો, અને ઈરચને તે વાતની ખબર પડયાથી તે પોતાના બાપને થંડો પાડી તેની તરફથી પેગામનો જવાબ લઈ પોતાના બંન્ને ભાઈઓને સમજાવવા ગયો; પણ તેઓએ તેનું કાંઈ સાંભળ્યું નહીં, અને તેને મારી નાખી તેનું સર પોતાના બાપ આગળ મોકલ્યું. ફેદુને જેવું તે જોયું તેવોજ તુરત

બેહોશ થઇ ગયો, અને પછી ગમગીનીથી પોતાના બંન્ને પાપી દીકરાઓને શ્રાપ દીધા.

હવે પ્યારી દીકરી તમે જુવો કે પેલા બંન્ને ભાઈ-ઓએ પોતાના નઈફ પિતાને આથી કેટલું બધું દુઃખ દીધું કેહેવાય; કોઈ પણ મા બાપને ઘેર એવાં દુષ્ટ છોકરાં નહીં અવતરે તો બેહેતર. છોકરાંઓએ પોતાનાં મા બાપ સાથે કેવી ચાલ ચલાવવી જોઈએ, તથા તેઓની પોતાનાં માવતર તરફ શું ફરજછે, તે હું ધારૂંછું કે તમો સારીપેઠે સમજોછો, માટે અહીંઆં તે વિષે વધારે લખવાની કાંઇ જરૂર નથી.

હવે એરચની પરીચેહેર નામની એક દીકરી હતી, અને તે ફ્રેદુનના ભત્રિજા પશંગ સાથે પરણેલી હતી. તેણીએ મનોચેહેર નામના એક દીકરાનો જન્મ આપ્યો કે જને ફ્રેદુને પોતાની સાથે રાખી લાયક રીતે તાલીમ આપી હતી, તથા જ્યારે તે ઉંમરે પહોંચ્યો ત્યારે તેને કેટલુંક લશ્કર આપી સેલમ તથા તુરની સામે એરચના કિનાને માટે લડવાને મોકલ્યો. મનોચેહેરે તે બંન્ને સાથે લડી તેઓને મારી નાખ્યા, અને તેમના મુલકો હાથ કરી પાછો ફ્રેદુનની પાસે ગયો. ફ્રેદુને તેને પોતાની પાસે બેસાડી પોતાને હાથે તેના માથાં ઉપર તાજ મેલ્યું. ત્યારબાદ થોડા વખતમાં ફ્રેદુન મરણ પામ્યો. એણે મનોચેહેરને નિચલી શિખામણ દીધી હતી.

" તારી તવારિખનાં દરેક પાનાં દાખલ તું તારી

" જીંદગીના દરેક દાહડાને ગણજે, અને તેથી સંભાળ
" રાખજે કે જેથી ચીન તેપર લખાય તે એવી નહીં
" હોય કે હવે પછીની ઓલાદને તેથી શરમાવવું પડે."

આ પત્ર લંબાણ થવાથી મનોચેહેરનાં રાજ્યની બિના આવતા પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

જમશેદની પછી ઈરાનનાં તખ્ત ઉપર કોણ આવ્યું હતું?
ઝોહાક કોણનો દીકરો હતો?
એણે પોતાની રૈયત સાથે કેવી ચાલ ચલાવી હતી?
એણે જમશેદના કુટુંબના કયા શખ્સને મારી નખાવ્યો હતો?
આ આતબીનની ઓરત કયાં નાસી ગઇ હતી?
ત્યાં તેણીને પેટે કોણ અવતરયો હતો?
તેનું નામ શું રાખ્યું હતું?
ત્યારબાદ ઝોહાકને શું સ્વપ્નો આવ્યો હતો?
આથી ઝોહાકે શું કીધું હતું?
એ દસ્તાવેજ ઉપર કોણે સહી નહીં કીધી હતી?
પછી કાવાએ શું કીધું હતું?
કેદુને તેઓ સાથે મળી જઈ ઝોહાકને શું કીધું હતું
પછી ઝોહાકનાં તખ્ત ઉપર કોણ બેઠું હતું?
કેદુને તખ્તપર આવ્યા પછી કેવી રીતે રાજ્ય ચલાવવા માડયું હતું?
એને કેટલા દીકરા હતા?

આ ત્રણે દીકરાઓને એણે પોતાનાં રાજ્યના કયા કયા ભાગો વહેંચી આપ્યા હતા?

એનું પરિણામ શું નિપજ્યું હતું?

તેઓએ પોતાના બાપપર કાસદ પાસે શું કહેવડાવ્યું હતું?

ફેદુને તે સાંભળી શું કર્યું હતું?

તેની તરફથી તે પેગામનો જવાબ કોણ લઇ ગયું હતું?

તેઓએ એરચને શું કીધું હતું?

એરચનું કોઇ વારસ હતું કે નહી?

પરીચેહેર કોણની સાથે પરણેલી હતી?

પરીચેહેરના દીકરાનું નામ શું હતું?

મનોચેહેરને કોણે સાથે રાખ્યો હતો?

ફેદુને તેને ઉમરે પુગ્યા પછી કયાં લડાઇ કરવા મોકલ્યો હતો?

તે લડાઈમાં મનોચેહેરે શું કીધું હતું?

આથી ફેદુને તેને શું કીધું હતું?

ફેદુને મરતી વેળા મનોચેહેરને શું શિખામણ દીધી હતી?

પત્ર ૬ ઠો.

મારી પ્યારી દીકરી,

મેં સાંભળ્યુંછે કે હું જે તવારિખ તમારી ઉપર લખી મોકલુંછું તે ઉપર તમો સારૂં ધ્યાન આપોછો, માટે હું ઈરાનના અસલી પાદશાહો વિષે તમારી ઉપર વધારે લખી મોકલુંછું. છેલ્લા પત્રમાં તમોએ ઝોહાક તથા ફેદુનનાં રાજ્ય વિષે વાંચ્યું, અને હવે તેમની

પછીના પાદશાહ **મનોચેહેર** વિષે આ પત્રમાં હું લખું છું. **મનોચેહેરે** તખ્ત ઉપર આવતાંને વાર ઇનસાફ તથા દાનાઈથી રાજ્ય ચલાવવા માડયું હતું. એના વખતમાં **સામ-નરીમાનને** ત્યાં **જાલનો** જન્મ થયો હતો. **આ સામ-નરીમાન** કોણ હતો તે વિષે હું ધારૂં છું કે તમો અજાણ્યાં હશો. એ **જમશેદ** પાદશાહની ઓલાદના **કેશ્સારૂપ** નામના નામીચા પેહેલવાનનો નબીરો હતો, અને એણે તથા એની ઓલાદે પોતાની સધળી ઉમર **ઈરાનનાં** રાજ્યની સેવા બજાવવામાં કાહાડી હતી. ઉપલો **જાલ** પેહેલવાન **કાબુલના** પાદશાહની **શેહાબે** નામની એક દીકરી સાથે પરણ્યો હતો, અને તેને પેટે નામીચા પેહેલવાન **ઝુસ્તમનો** જન્મ થયો હતો. **આ ઝુસ્તમનાં** કૌવત વિષે **ઈરાનની** તવારિખ લખનાર નામીચો શાએર **ફેરદોસી** ઘણું લંબાણથી બયાન કરેછે.

મનોચેહેર પાદશાંહને **નોઝર** નામનો એક દીકરો હતો. તેને મરતી વેળાએ તેણે કેટલીક શિખામણો આપી હતી, તથા **સામ** અને **જાલની** દરેક કામમાં સલાહ લેવાને ભલામણ કીધી હતી.

નોઝરે પોતાના બાપનું તખ્ત લીધા પછી તેની શિખામણો ઉપર કાંઇ ધ્યાન આપ્યું નહીં, અને રાજ્યનો કારોબાર તે સધળો માઠી રીતે ચલાવવા લાગ્યો. આવી હાલત જોઈને **ફેદુનના** દીકરા **તુરનો** નબીરો

પશંગ કે જે તુશનનો પાદશાહ હતો તેણે પોતાના દીકરા અફ્રાસ્યિાબની સરદારી હેઠલ એક લશ્કર ઈરાન ઉપર ચઢાઇ કરવાને મોકલ્યું. અફ્રાસ્યિાબે ત્રણવાર નોઝર સાથે લડાઇ કરી, અને અંતે તેને હરાવ્યો. આ ઉપરથી નોઝર ત્યાંથી નાસી ગયો અને અફ્રાસ્યિાબ ઈરાનનાં તખ્ત ઉપર બેઠો. આ ખબર જાલને થતાંને વાર તે અફ્રાસ્યિાબની સાંમે લડવાંને આવ્યો, અને તેને ઈરાનનાં તખ્ત ઉપરથી ઉઠાડી ઝુ નામના પાદશાહ મનોચેહેરની ઓલાદના એક શખ્સને પાદશાહી આપી.

ઝુએ ટુક મુદ્દતમાં ઘણી સારી રીતે રાજય ચલાવ્યું. એને કેરસાસ્પ નામે એક દીકરો હતો. તેનું રાજય ઘણું ટુકું હોવાથી તેમાં કાંઇ જાણવાજોગ બનાવો બન્યા હતા નહીં.

ઝુનાં મરણ પછી કેરસાસ્પ તેનાં તખ્ત ઉપર આવ્યો હતો. તેનાં રાજયમાં વળી અફ્રાસ્યિાબે ઈરાન ઉપર ચઢાઇ કીધી હતી, પણ એ પોતે નબળો હોવાથી તેની સાંમે થઇ શકયો નહીં, તેથી તેની રૈયતે જાલને તેની સાંમે થવાને અરજ કીધી. જાલે પોતાના દીકરા રૂસ્તમને તેની સાથે લડવાને મોકલ્યો. રૂસ્તમે લડીને તેને હરાવ્યો. પછી જાલે રૂસ્તમને અલબુઝના પાહાડ ઉપર મનોચેહેર પાદશાહની ઓલાદનો કૈકોબાદ નામે જે એક શખ્સ રહેતો હતો તેને બોલાવવાને મોકલ્યો. રૂસ્તમે ત્યાં જઇ કૈકોબાદને સધળી ઈરાનનાં રાજયને

લગતી કેફીઅત કહી, અને તેને ત્યાં બોલાવી લાવીને ઈરાનનું રાજ્ય સોંપ્યું.

કૈકોબાદના ઈરાનનાં તખ્ત ઉપર આથાથી પેશદાદીઅાન વંશની આખરી આવી, અને કયાની વંશનું રાજ્ય શરૂ થયું. આવતા પત્રમાં કૈકોબાદનાં રાજયનું વર્ણન તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાય.

સવાલો.

મનોચેહેર કેવી રીતે રાજ્ય ચલાવવા માડયું હતું ?
એના વખતમાં કોણનો જન્મ થયો હતો ?
સામ-નરીમાન કોણ હતો ?
જાલ કોણની સાથે પરણ્યો હતો ?
આ જોડાંથી કયા નામીચા પેહેલવાનનો જન્મ થયો હતો ?
મનોચેહેરના દીકરાનું નામ શું હતું ?
મરતી વેળાએ **મનોચેહેરે નોઝરને** કોણની સલાહ પ્રમાણે ચાલવાની ભલામણ કીધી હતી ?
નોઝરે રાજયનો કારોબાર કેવી રીતે ચલાવવા માડયો હતો ?
આથી કોણે **ઈશાન** ઉપર ચઢાઈ કરવા લશ્કર મોકલ્યું હતું ?
અફ્રાસિયાબે નોઝરને શું કીધું હતું ?
આથી **ઈશાનનું** તખ્ત કોણે લીધું હતું ?
અફ્રાસિયાબને ઈશાનનાં તખ્ત ઉપરથી કોણે ઉઠાડયો હતો ?

જાલે તેની જગાએ કોણને તખ્ત ઉપર બેસાડયો હતો ?
એણે કેવી રીતે રાજ્ય ચલાવ્યું હતું ?
એનાં મરણ પછી એનું રાજ્ય કોણને મળ્યું હતું ?
કેરસાસ્પનાં રાજ્યમાં વળી કોણે પાછી ઈશાન ઉપર ચઢાઈ કીધી હતી ?

એ પોતે તેની સામે થયો હતો કે નહીં ?
ત્યારે તેની સામે કોણ થયું હતું ?
ઇસ્તમે તેને શું કીધું હતું ?
પછી જાલે ઇસ્તમને ઈશાનનાં તખ્ત ઉપર બેસાડવા માટે કોણને બોલાવવા મોકલ્યો હતો ?

ઈશાનનાં તખ્ત ઉપર કૈકોબાદના આવ્યાથી કયા વંશની આખરી આવી, અને કયા વંશનું રાજ્ય શરૂ થયું ?

પત્ર ૭ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાં પેશદાદીઆન વંશના પાદશાહોની બિના પુરી થઈછે, અને તમો જાણતાં હશો કે તેમની પછી ઈશાનમાં કયાની વંશના પાદશાહોએ રાજ્ય કર્યું હતું. એ વંશનો પેહેલો પાદશાહ કૈકોબાદ હતો કે જને વિષે તમોએ મારા ગયા પત્રમાં વાંચ્યું હશે. તે પાદશાહ મનોચેહેરની બોલાદનો હતો, અને તેને અલબુઝના પાહાડ ઉપરથી જાલે પોતાના દીકરા ઇસ્તમ પાસે તેડાવી મંગાવી ઈશાનનું રાજ્ય સોંપ્યું હતું. એના તખ્ત ઉપર આવ્યા પછી અકસ્સિયાબે

જહુન નદી ઓળંગી પાછો **ઈશાન** ઉપર ચઢાઈ કરી. આ લડાઈમાં ઈરાનીઓની સરદારી **ફ્રસ્તમે** લીધી, અને તેમાં **અફ્રાસિયાબને** તથા તેનાં લશકરને મોટી હાર ખવાડી. આ ઉપરથી **અફ્રાસિયાબે** પોતાના બાપને આ લડાઇ બંધ કરવાને ભલામણ કીધી, તેથી તેના બાપે **કૈકોબાદ** ઉપર સુલેહ કરવાનો પૈગામ મોકલ્યો. **કૈકોબાદે** તે કબુલ કીધું, અને તે બંને રાજ્યો વચ્ચે એવી રીતે સુલેહના કોલકરારો થયા કે "બંન્ને રાજ્ય વાળાઓએ **જહૂન** નદીની હદ લગણ પોતપોતાનો કાબુ રાખવો." **કૈકોબાદને** પેટે **કૈકાઉશ, અેશીસ, ફ્રમ,** અને **અરમન** એવે નામના ચાર દીકરા હતા. તેમાં **કૈકાઉશ** વહેા હોવાથી તેને પોતાના બાપનાં મરણ બાદ **ઈશાનનું** રાજ્ય મળ્યું.

કૈકાઉશે તખ્ત ઉપર આવતાંને વાર પેહેલી લડાઇ **માજીનદ્રાનના** મુલક ઉપર કીધી. ત્યાંના પાદશાહે તેને હરાવી કેદ કર્યો. આ ખબર જ્યારે **ઈશાનમાં** પોહોંચી ત્યારે **જાલે ફ્રસ્તમને** એક લશ્કર આપી તેને છોડાવવા મોકલ્યો. **ફ્રસ્તમે માજીનદ્રાન** જઈ ત્યાંના પાદશાહને મારી નાખ્યો, અને **કૈકાઉશને** બંદીખાનેથી છોડ્યો.

ત્યારબાદ **હમાવીશનના** પાદશાહે તેને કાંઈ દગલબાજીથી પોતાને દેશ બોલાવી ત્યાં કેદ પકડયો, કે જ્યાંથી પણ **ફ્રસ્તમે** તેને છોડાવ્યો.

પછી **કૈકાઉશે** પોતાના **સિઆવક્ષ** નામના દીક-

રાને અક્રાસિયાબની સાંમે લડવાને મોકલ્યો. અક્રા-સિયાબે તેની સાથે સલાહ કીધી, અને પોતાની ફીરંગીઝ નામની દીકરી સાથે તેને પરણાવ્યો. થોડીક મુદ્દતે પોતાના ભાઇ ગરસીવઝ તથા બીજાઓના જીઠું સમજાવ્યા ઉપરથી અક્રાસિયાબે સિઆવક્ષને મારી નખાવ્યો. આ વેળા ફીરંગીઝ ગર્ભવંતિ હોવાથી અક્રાસિયાબને એક રાત્રે એવો સ્વપ્નો આવ્યો કે "તેની દીકરીને એક દીકરો અવતરશે તે તેનું રાજ્ય લેશે, તથા તેને મારી નાખશે." આ ઉપરથી તેણે ફીરં-ગીઝને જેવું બાળક જન્મે તેવું જ તેને મારી નાખવાનો પોતાના વજીર પીશાનને હુકમ કીધો. પીશાન ઘણો દયાળુ તથા સમજુ હોવાથી તેણે ફીરંગીઝને જેવો દીકરો જન્મ્યો તેવોજ તેને એક ભરવાડને સોંપ્યો. તે ભરવાડે તેને ઘણાક ઉંચા દરજ્જાની તાલીમ આપી તથા તેનું નામ કૈખુસરૂ રાખ્યું. ત્યારબાદ થોડી મુદ્દત રહીને અક્રાસિયાબને ખબર પડી કે તેની દીકરીનો દીકરો હૈયાતછે, તેથી તેણે તે વિષે પીશાનને પુછ્યું. પીશાને કહ્યું કે તેને પાહાડ ઉપર પડેલો એક ભરવાડે જોયો તેથી તેણે તેની દયા લાવી તેને ઉંચકી લઈ પાળ્યોછે, પણ તે છોકરો ઘણો મૂર્ખછે. આથી અક્રાસિયાબે તેને બોલાવી મંગાવ્યો, અને તેણે પીશાનના શિખ્યા પ્રમાણે તેના સવાલોના સઘળા બેવકૂફી ભર્યા જવાબો આપ્યા, જેથી અક્રાસિયાબે તેને માફી બક્ષશી.

હવે જ્યારે સિઆવક્ષનાં મરણની ખબર ઈશનમાં પડી, ત્યારે કૈકાઉશ તેથી ઘણો ગમગીન થયો, અને અક્રાસ્યિાબ ઉપર તેનું વેર લેવા માટે એક મોટું લશ્કર ફ્રસ્તમની સરદારી હેઠલ મોકલ્યું. અક્રાસ્યિાબે તેની સામે ૩૦૦૦૦) માણસોનું એક લશ્કર પોતાના દીકરા સુરખેની સરદારી હેઠલ મોકલ્યું. આ લશ્કરને ફ્રસ્તમના દીકરા ક્રામરઝે હરાવ્યું અને સુરખેને મારી નાખ્યો. આથી અક્રાસ્યિાબે પોતે સરદારી લીધી, પણ તેમાંબી તેની હાર થઈ, અને નાસી જવાની ફરજ પડી. આ વેળા તેણે કૈખુસરૂને મારી નાખવાનો હુકમ કીધો, પણ પીશનના પાછા વચ્ચે પડયાથી તેને દેશનિકાલ કર્યો.

હવે કૈખુસરૂની શોધને માટે કૈકાઉશે ગામેગામે માણસો મોકલ્યાં હતાં; પણ ગેવ નામનો એક ઈરાની પેહેલવાન કે જે પાદશાહ કૈકાઉશના વડા વજીર ગુદરજના દીકરો હતો તેણે આખો ચીન દેશ ફરી કેટલીક જિતો મેળવી કૈખુસરૂને તેની મા સાથે ઈશનમાં પાદશાહ કૈકાઉશ આગળ હાજર કીધો. કૈકાઉશ તેને જોઈ ઘણોજ ખુશી થયો, તથા પોતે તખ્ત ઉપરથી ઉઠી તેને પોતાની હજુરમાં બેસાડયો, અને દરબારના સઘળાં માણસોને તેને શાહજાદા તરીકેનું માન આપવાનો હુકમ કીધો. આ હુકમને તુસ કે જે પાદશાહ મનોચેહેરની ઓલાદનો હતો તે સાંભે થયો, અને કહ્યું કે એના કર-

તાં કૈકાઉશના પોતાના સોદાબે નામની રાણીને પેટના દીકરા ફરયુઝનો શાહજાદા તરીકે વધારે હકછે. આ વાતની સાંભે ગુદરઝ થયો, અને તેઓ બંન્ને જણા વચ્ચે ભારે તકરાર ઉઠી, તથા તેનું શેવટ કૈકાઉશ એમ લાવ્યો કે એ બંન્નેમાંથી જે કોઇ દજ્બમન નામનો મોટો કિલ્લો કે જેમાં દેવો તથા જાદુગરો વસેછે તે જિતી લાવે તેને મારાં તખ્તનો વારસ કરૂં. આ કામમાં કૈખુસરૂ ફતેહ પામ્યો, અને તેને કબુલાત મુજબ ઈશનનું રાજ્ય મળ્યું. ત્યારબાદ થોડું કે કૈકાઉશ મરણ પામ્યો. કૈખુસરૂનાં રાજ્યનું વર્ણન આવતા પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

કયાની વંશનો પેહેલો પાદશાહ કોણ હતો ?

કૈકોબાદના વખતમાં કોણે પાછી ઈશન ઉપર ચઢાઈ કીધી હતી ?

આ લડાઈમાં ઈરાનીઓની સરદારી કોણે લીધી હતી, અને કોણ હાર્યું હતું ?

આ ઉપરથી અફ્રાસિયાબે પોતાના બાપને શું ભલામણ કીધી હતી ?

તેઓ બંન્ને વચ્ચે સુલેહના શું કોલકરારો થયા હતા ?

કૈકોબાદને કેટલા દીકરા હતા ?

તેનું રાજ્ય કોણને મલ્યું હતું ?

કૈકાઉશે તખ્ત ઉપર આવતાંનેવાર પેહેલી લડાઈ કયાં કીધી હતી ?

તે લડાઈમાં કોણ હાર્યું હતું ?

કૈકાઉશને બંદીખાનેથી કોણે છોડાવ્યો હતો ?

ત્યાર બાદ વળી તેને કોણે કેદ પકડયો, અને ત્યાંથી કોણે પાછો છોડાવ્યો ?

પછી કૈકાઉશે અફ્રાસિયાબની સાંમે લડવાને કોણને મોકલ્યો ?

અફ્રાસિયાબે તેને કોણ સાથે પરણાવ્યો હતો ?

પછી કોણના જુઠું સમજાવ્યા ઉપરથી તેને મારી નખાવ્યો હતો ?

અફ્રાસિયાબે પછી શું સ્વપ્નો જોયો હતો ?

આ ઉપરથી તેણે પોતાની દીકરીને જે બાળક જન્મે તેને મારી નાખવાનો કોણને હુકમ કીધો હતો ?

પીશને તે બાળક કોણને સોંપ્યું હતું ?

તે ભરવાડે તેને શું કીધું, તથા તેનું નામ શું રાખ્યું ?

અફ્રાસિયાબે કૈખુસરૂની હૈયાતી વિષે જાણ્યાથી શું કીધું હતું ?

પીશને તે વિષે શું તાલમેલ કીધી હતી ?

પછી અફ્રાસિયાબે કૈખુસરૂને શું કીધું હતું ?

હવે ઈરાનમાં સિઆવક્ષનાં મરણની ખબર ફેલાયાથી કૈકાઉશે શું કીધું હતું ?

અફ્રાસિયાબે તેની સાંમે કેટલું, તથા કોણની સરદારી હેઠલ લશ્કર મોકલ્યું હતું ?

તેમાં કયું લશ્કર હાર્યું ગયું, તથા કોણ માર્યો ગયો ?

આથી તુરાની લશ્કરની સરદારી કોણે લીધી હતી ?

આ લડાઈનું શેવટ શું આવ્યું હતું ?

હવે કૈખુસરૂને અફ્રાસિયાબે શું કીધું હતું ?

તેને **ઈશાન** તરફ કોણ શોધી લઈ ગયો હતો ?
કૈકાઉસે તેને કયાં બેસાડયો હતો, તથા તેને કેવી રીતે માન આપવાનો સર્વને હુકમ કીધો હતો ?
આ હુકમની સામે કોણ થયું હતું ?
તેની સામે કોણે તકરાર લીધી હતી ?
આ તકરારનું શું શેવટ આવ્યું હતું ?
આ કામમાં કોણ ફતેહ પામ્યું હતું, અને ઈશાનનું રાજ્ય કોણને મલ્યું હતું ?

પત્ર ૮ મો.

મારી પ્યારી દીકરી,

તમોએ મારા છેલ્લા પત્રમાંથી વાંચ્યું હશે કે **કૈકા-ઉશે** પોતાનું રાજ્ય પોતાના નબીરા **કૈખુસરૂ**ને આપ્યું હતું. **કૈખુસરૂ**એ તખ્ત ઉપર આવ્યા પછી પોતાના બાપના ખુનનું વેર **અફ્રાસિયાબ** ઉપર લેવા માટે એક મોટી ફોજ એકઠી કીધી. પેહેલ વેહેલાં તેણે **તુસ**ને એક નહાનું લશ્કર આપી **તુરાન** તરફ મોકલ્યો, કે જ્યાં **ઈશાન**ની સરદારી હેઠલનાં એક લશ્કરે તેનાં લશ્કરને હરાવ્યું, અને **તુસ**ને બંદીખાને નાખ્યો. આથી ઈરાનીઓની સરદારી **ફરશુ**એ લીધી; તેને પણ **ઈશાન**નાં લશ્કરે હરાવ્યો. આ ઉપરથી ત્રીજી વેળા **ઈશાની** લશ્કરની સરદારી **ગુદરજે** લીધી, વળી તેને પણ **ઈશાને** હરાવ્યો. આ ફતેહોથી કરી **અફ્રાસિયાબને** ઘણી ખુશી ઉપજી, અને બીજું એક મોટું ઈરાની લ-

ર્કર કે જે ઇસ્તમ તથા કૈખુસરૂના હાથ હેઠલ તૈયાર થતું હતું, તેનો ઉપર ધસારો કરવાનો તેણે ઠરાવ કર્યો. આથી ઇસ્તમે તુસને કાંઈ તાલમેલ કરી બંદીખાનેથી છોડવી પીશાનની સાંમે એક લશ્કરની સરદારી આપી મોકલ્યો. આ લડાઈમાં પણ તુસ હાર્યો, અને તેણે નાસવા માંડયું, તથા તેનાં લશ્કરને તુરાનીઓએ ઘેરી લીધું; પણ એ આફતમાંથી ઇસ્તમે તેને છોડવ્યો, અને પછી કેટલીક લડાઈઓ થયા બાદ ચીનના શાહનશાહ કે જે અફ્રાસિયાબની મદદે ઈરાનીઓની સાંમે લડવાને આવ્યો હતો, તે ઇસ્તમને હાથે કેદ પકડાયો. આ જોઈ અફ્રાસિયાબ ત્યાંથી નાસી ગયો, અને તેનો મુલક ઈરાની સરદારોના હાથમાં વહેંચાઇ ગયો. પણ પછી પાછું થોડીક મુદ્દતે તેણે પોતાનું રાજય મેળવ્યું.

પછી કૈખુસરૂએ પાછો ગુદરજીને તુશન ઉપર ચઢાઈ કરવાને મોકલ્યો. આ લડાઈમાં ગુદરજીની સાંમે પીશાન થયો, અને તેઓ વચ્ચે થોડીકવાર લડાઈ ચાલી. પણ પછી તેઓએ એવો ઠરાવ કર્યો કે બંન્ને લશ્કરમાંથી બાર બાર ચુનંદા પેહેલવાનોને ચુંટી કાઢવા અને તેઓએ એકમેકને હમનબરદ થઈ લડવું. આથી કરી આ લડાઈને દવાજદેહ-શેખની લડાઈ કરી કેહેછે. કેહેછે કે આ લડાઈમાં સઘળા તુરાની પેહેલવાનો ઈરાની પેહેલવાનોને હાથે માર્યા ગયા હતા, અને પીશાન

પોતે જે ગુદરજ્ઞનો હમનબરદ થયો હતો, તે પણ એમાં માર્યો ગયો. આ વાતની ખબર કૈખુસરૂને થયાથી તે પોતાને બાળપણમાં બંચાવનાર પીશાનનાં મરણથી અત્યંત દલગીર થયો, અને તેનાં રવાનને મોટી આબરૂ સાથે અવલમંજલ પોંહોંચડાવ્યું.

આ ફતેહ મેળવ્યા પછી કૈખુસરૂએ જહૂન નદી ઓળંગી સમરકંદ તથા બોખારાનાં શેહેરો જિતી લીધાં. ત્યારબાદ અફ્રાસિયાબે પોતાના દીકરા સેદેહ પાસે કૈખુસરૂને સુલેહનો પેગામ કેહેવડાવ્યો, પણ સેદેહે તે ઘણી તુંદીથી તેને કહ્યો, તથા ત્યાંજ તેની સાથે હાથો હાથ લડવાને માગણી કીધી. આથી કૈખુસરૂએ ચીડાઇ તેની માગણી કબુલ કીધી, અને તેઓ એકમેક સાથે લડયા, જેમાં સેદેહ માર્યો ગયો. આથી અફ્રાસિયાબે કૈખુસરૂની સાંમે એક બીજી લડાઇ ઉઠાવી, તે ઘણાં શૂરથી ચાલી, અને કમનસીબનો અફ્રાસિયાબ પોતે પણ તેમાં માર્યો ગયો, તથા સિઆવક્ષના કિનાને માટેની લડાઈનું શેવટ આવ્યું.

આ લડાઇ પુરી થયા પછી કૈખુસરૂએ પોતાની જીંદગીના બાકીના દિવસો એકાંતપણાંમા કાઢવાનો વિચાર કીધો, અને પોતાનું રાજ્ય તિચે જણાવ્યા પ્રમાણે પોતાના સરદારોમાં વહેંચી આપ્યું. કાબુલસ્તાન, જાબુલસ્તાન, અને નીમરૂઝ ફરતમને આપ્યાં; તથા પાદશાહ કૈકાઉશના જમાઇ લોહરાસ્પને પોતાનું ઈરા-

નનું રાજ્ય આપ્યું; તથા તુસને ખોશસાનનો મુલક આપ્યો, અને તેને તથા ફરથુઝને લોહરાસ્પના હુકમ પ્રમાણે ચાલવાની ભલામણ કીધી. આવી રીતની ગોઠવણો કર્યા બાદ તે બંદગીને ખાતર એકાંતપણામાં રહેવાને ગયો.

કૈખુસરૂ પાદશાહ ઘણોજ નેક, અદલ, તથા ઈનસાફને ચાહનારો હતો, અને એની રૈયત એના ઉપર ઘણી ખુશી હતી. એની પછીનો પાદશાહ **લોહરાસ્પ** પણ ઘણો નેક તથા સમજુ હતો. એનાં રાજ્યની શરૂઆતમાં જોકે કેટલાક બળવાખોર ઉઠયા હતા પણ તે એણે ઘણીજ ડાહાપણ ભરેલી રીતે સમાવી દીધા હતા, અને લોકોને પોતાને તાબે કીધા હતા. એણે **ચીન** તથા **તાતાર** દેશોપર પોતાનો અમલ બેસાડયો હતો; અને **ઈરાક**નો હાકેમ **રેહામ-ગુદરઝ** કે જેને સાધારણ રીતે **બખતુલ-નસર**નાં નામથી ઓળખતા હતા, તેને પોતાની શાહનશાહતને છેક વધારતી જવાનો એણે હુકમ કીધો હતો.

લોહરાસ્પને પેટે **ગોસ્તાસ્પ** નામનો એક લડાયક દીકરો હતો, તે કાંઈ કારણસર પોતાના બાપથી રીસાઈને દેશનિકાલ થયો હતો, અને **કેતાયુન** નામની એક ઘણીજ ખુબસુરત શાહજાદી સાથે પરણ્યો હતો. ત્યારબાદ થોડું કે તે પાછો પોતાને દેશ આવ્યો, અને **લોહરાસ્પે** તેને પોતાનું તખ્ત આપી પોતે એકાંતપણામાં

જીંદગી ગુજારી. ગોસ્તાસ્પનાં રાજ્યનું વર્ણન હવે પછીના પત્રમાં તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

કૈખુસરૂએ તખ્ત ઉપર આવ્યા પછી કોણની સાથે લડવા માટે એક મોટી ફૌજ એકઠી કીધી હતી ?

શા કારણથી આ લડાઈ કરવાનો એણે ઠરાવ કર્યો હતો ?

પેહેલ વેહેલાં એણે કોણની સરદારી હેઠલ તુરાન તરફ ફૌજ મોકલી હતી ?

આ ફૌજનું તથા તેના સરદારનું શું થયું હતું ?

આથી ઇરાનીઓની સરદારી કોણે લીધી હતી, અને તેનું શું થયું હતું ?

ત્રીજી વેળા તેઓની સરદારી કોણે લીધી હતી, અને તેમાં શું થયું હતું ?

આ ફતેહોથી ખુશી થઈ અફ્રાસિયાબે શું કરવાનો ઠરાવ કીધો હતો ?

આથી ઇસ્તમે શું કીધું હતું ?

તુસની ઉપર શું આફત ગુજરી હતી ?

તેને તેમાંથી કોણે છોડવ્યો હતો ?

પછી ઇસ્તમને હાથે કોણ કેદ પકડાયું હતું ?

આથી અફ્રાસિયાબે શું કીધું હતું ?

તેનો મુલક કોણના સ્વાધીનમાં ગયો હતો ?

પછી પાછું તેણે પોતાનું રાજ્ય મેળવ્યું હતું કે નહીં ?

આથી કૈખુસરૂએ તેની સાથે લડાઇ કરવાને કોણને પાછો મોકલ્યો હતો ?

તે લડાઇમાં ગુદરજીની સામે કોણ થયું હતું ?
તેઓ વચ્ચે શું ઠરાવ થયો હતો ?
આ લડાઇને કયાં નામથી ઓળખેછે ?
આ લડાઇમાં કઇ બાજુના પેહેલવાનો માર્યા ગયા હતા ?

આ ફતેહ પછી **કૈખુસરૂએ** કયાં શેહેરો જિતી લીધાં હતાં ?

પછી **અફ્રાસિયાબે** કોણ પાંસે **કૈખુસરૂ** પર સુલેહનો પેગામ મોકલ્યો હતો ?

સેદેહે કેવી રીતે તે પેગામ કહ્યો હતો, તથા શું માગણી કીધી હતી ?

તે માગણી **કૈખુસરૂએ** બાહલ રાખી હતી કે નહીં ?
આ હાથોહાથની લડાઇમાં કોણ માર્યું ગયું હતું ?
આથી **અફ્રાસિયાબે** શું કીધું હતું ?

આ લડાઇ કેવી રીતે ચાલી હતી, તથા તેમાં કોણ માર્યું ગયું હતું ?

હવે **કૈખુસરૂએ** પોતાની બાકીની જીંદગી કેવી રીતે ગુજારવાનો ઠરાવ કીધો હતો ?

તેણે પોતાનું રાજ્ય કોણને, તથા કેવી રીતે વહેંચી આપ્યું હતું ?

એની પછીનો પાદશાહ **લોહરાસ્પ** કેવો હતો ?
લોહરાસ્પનાં રાજ્યની શરૂઆતમાં શું થયું હતું, તથા એ તેમાં કેમ પાર પડયો હતો ?

એણે કયાં દેશો ઉપર પોતાનો અમલ બેસાડયો હતો, તથા પોતાની શાહનશાહત વધારતા જવાનો કોણને હુકમ કર્યો હતો ?

લોહરાસ્પે પછી પોતાનું રાજ્ય કોણને આપ્યું હતું, અને પોતે કેવી રીતે જીંદગી ગુજારવા માડી હતી ?

પત્ર ૯ મો.

મારી પ્યારી દીકરી,

તમોએ મારા ગયા પત્રમાં વાંચ્યું હશે, કે લોહરાસ્પે પોતાનું રાજ્ય પોતાના દીકરા ગોસ્તાસ્પને સોંપી પોતે એકાંતપણે જીંદગી ગુજારવા માડી હતી. ગોસ્તાસ્પનાં રાજ્યમાં સૌથી મોટામાં મોટો બનાવ એ બન્યો હતો કે તે વખતે આપણા બરહક પેગંબર જરથોસ્તે માજદીઅસની દીન ફેલાવી હતી.

એ પેગંબર જરથોસ્ત પાદશાહ ફેદુનની ઓલાદના પૌરૂસસ્પ નામના એક શખ્સનો દીકરો હતો, અને એની માનું નામ દોગદો કરી હતું. એવું કેહેછે કે એની જન્મ ભૂમિ "ઈરાન દેશમાં જબાર નામના પાહાડમાંથી દરજીક નામની વહેતી નદીને કિનારે રઅે નામનાં શેહેરમાં હતી." એના જન્મ પછી કેટલાક બદ રાહપર ચાલનારા લોકોએ એનો નાશ કરવાને ઘણી કોશીસો કીધી હતી, પણ તે સઘળી ફોકટ ગઇ. પાદશાહ ગોસ્તાસ્પે એની સાથે તકરાર કરવાને માટે દેશે દેશથી દાનાવ તથા કામેલ શખ્સોને બોલાવ્યા હતા; તે સઘળાઓ સાથે એણે કેટલાક દિવસો લગણ તકરાર કરી પોતાની બરહક દીન વિષે તેઓની ખાતરી કરી આપી હતી. તેની મતલબ બદીનો તથા બુરા લોકોનો નાશ કરવાની, તથા લોકોને નેક માર્ગ ઉપર ચલાવવાની હતી.

તેને જે જે જ્ઞાન ખોદાતાલા તરફથી મળ્યું હતું, તે તેણે લોકોમાં ફેલાવ્યું હતું. તેની સાંમે કુશમનો ઘણા ઉભા થયા હતા, પણ તે સઘળાઓ પોતાની મતલબમાં ફાવ્યા નહીં. તે વિષે એક ઘણો સરસ ફકરો તમારા વાંચવાને માટે નિચે ટાકું છું;—

" જરથોસ્તની સાંમે ઘણાક કુશમનો ઉભા થયા;
" તેઓ ઠગાઈ, બદી, તથા જુઠાઈમાં ચુનંદા હતા, વા-
" સ્તે હરેક તદબીરથી જરથોસ્તને તેના મકસ્મ ઠરાવ
" ઉપરથી ખસેડવાની તેઓએ તનવીન કીધી. તેઓ-
" એ જરથોસ્તને પેહેલાં લાલચ દેખાડી જોઇ, પણ
" જરથોસ્ત એક પાહાડની મિસાલે વગર હીલવે મ-
" કમ પોતાના એતેકાદ ઉપર મુસ્તકીમ રહ્યો. તેણે
" લાલચની કશી પરવા કીધી નહીં; અને હોશમજદને
" ખાતર, સચ્ચાઈને ખાતર, ભલી માનદીઅસની દી-
" નને ખાતર, પોતાનાં રૂવાનની સલામતીને ખાતર
" તેણે પોતાનો જાન ખોઇ દેવાને વધારે પસંદ કીધું;
" પણ માનદીઅસની દીન તરફ ફરવાને પસંદ નહીં
" કીધું. સારાં કામ ઉપર મકસ્મ ઈરાદાથી ટકી રહ્યાથી
" અંતે ફતેહ મળેછે, તેમ જરથોસ્તની ફતેહ થઈ; તે-
" ના કુશમનો ધુનવા લાગ્યા. તેઓએ જોયું કે જર-
" થોસ્તનો એતેકાદ મજબૂતછે; તેઓએ જોયું કે જર-
" થોસ્તનું હથિયાર હોશમજદનો એનમતી કલામછે;
" તેથી તેઓ પોતપોતાનામાં હર મશવરત કરવા લા-

" ગ્યા, પણ કોઈ બહાને જરથોસ્તનું મોત તેઓને હાથે
" આવ્યું નહીં. તેઓ એક બીજાને તાંના મારવા લાગ્યા
" અને પોતપોતામાં એક બીજાને ફજેત કરવા લાગ્યા,
" કે જેની ચાનકથી કદાચને કોઈનું લોહી ઉછળી આવે,
" અને તે જરથોસ્તની સાંમે થવાને કમર બાંધે, પણ
" કોઈનું જરથોસ્તની આગળ ચાલ્યું નહીં. જરથો-
" સ્તની તકરાર એવી મજબૂત હતી કે પૃથિવના દરેક
" મુલકોના વાકેફગાર લોકો તેને હરાવી શકયા નહીં.
" એાર જરથોસ્ત તેઓના ધર્મોનું ખોટાડું દેખાડવામાં
" ફતેહ પામ્યો, તેથી તેઓ લાચાર થઇ પોતપોતાને
" મકાને શરમિંદગીનો ખજાનો મેળવીને ભરાઇ બેઠા.
" જરથોસ્તની નવી દીન ઉપર અમલ કીધાથી દુનિયા-
" માંથી હર તરેહનો બદી ગુમ થઇ ગેઇ."

જરથોસ્તની દીન દુનિયામાં ફેલાવવાને માટે પા-
દશાહ ગોસ્તાસ્પે, તેની રાણી કેતાયુને, દીકરા અસ્ફ-
ફંદીઆરે, તથા વજીર જામાસ્પે ઘણી મદદ કીધી હ-
તી. જરથોસ્તે એકવીસ નુસ્ખ ઇઝાને ધર્મ પુસ્તકો
બનાવ્યાં હતાં, તે સઘળા મુલકોમાં ફેલાવ્યાં. આ એક-
વીસ પુસ્તકો માહેલાં સાતમાં બંન્ને દુનિયાની પેદાએસ
કેવી રીતે થઇ હતી તેની હકીકત લખી હતી; બીજાં
સાતમાં તમામ એલમ, હિકમત, નજુમ, તથા તબીબ-
પણાની હકીકત લખી હતો; તથા ત્રીજાં સાતમાં દીન-
આઇન તથા ઇનસાફ વિષે, તેમજ આ દુનિયામાં

જીંદગી કેવી રીતે ભોગવવી તેને લગતી હકીકત લખી હતી. આ પુસ્તકો સઘળે ફેલાયાથી તુરાનના પાદશાહ અરજાસ્પે ગોસ્તાસ્પ ઉપર એક નામું લખ્યું, તથા તેમાં તેને આ નવો ધર્મ છોડી દેવાને, તથા જો તે નહીં છોડેતો તેની સાથે લડાઈ કરવાની ધમકો આપી હતી. આથી ગોસ્તાસ્પ ઘણો ગોસ્સે થયો, અને જલદીથી તે-ઓ વચ્ચે એક લડાઈ ઉડી. આ લડાઈ ઈરાનમાં થઈ હતી, અને તેમાં ગોસ્તાસ્પનો ભાઈ ઝરીર અરજાસ્પ-ના દીકરા બીદરફ્શને હાથે માર્યો ગયો; પણ અસફંદીઆરે તુરત પોતાના જાનની દરકાર ન કરતાં બહાદૂ-રીથો લડી તેને મારી નાખ્યો, અને તુરાનીઓને હરાવ્યા.

મારી પ્યારી દીકરી શાહજાદા અસફંદીઆરના જેવા હાલમાં આપણામાં થોડાજ શખ્સો માલમ પડશે કે જેઓ પોતાના ધર્મનો બંચાવ તથા ફેલાવો કરવાને પોતાના જાનની પણ દરકાર રાખે નહીં. તમોએ પણ એક ખરી જરથોસ્તી બાંનું તરીકે જેમ પાદશાહ ગોસ્તા-સ્પની રાણી કેતાયુને જરથોસ્તી ધર્મનો ફેલાવો કરવાને મદદ કીધી હતી તેમ હમેશાં ધર્મનાં કામોમાં મદદ કરતાં રેહેવું.

હવે આ લડાઈની ફતેહ અસફંદીઆરથી કરી થવાથી ગોસ્તાસ્પ તેને ઘણો ચાહાવા લાગ્યો, તથા તેને બલખનો હાકેમ ઠેરવ્યો. આથી કેટલાક ફિસાદીઆ-ઓએ ગોસ્તાસ્પને એવું જુઠું સમજાવ્યું કે તારો દી-

કરો તને મારી નાખવાનો પ્રયત્ન કરેછે, જે ઉપરથી ગોસ્તાસ્પે તેને આઝરબીજાનના કિલ્લામાં કેદ કરાવ્યો. આ તક લઈ અરજાસ્પે પાછી ઈરાન ઉપર ચઢાઈ કીધી, તથા ખોરાસાન અને બલ્ખનાં મુલકો તથા કેટલોક ખજાનો લૂટયો, અને તેનાં લશ્કરનાં કેટલાંક માણસો નબરીથી ઈરાનનાં તે વેળાનાં પાયતખ્ત બલ્ખનાં આતશબેહરામમાં દાખલ થયાં, તથા કેટલાક મોબેદોને ત્યાં કતલ કીધા, અને તુરબરાતુર નામના એક તુરાની સરદારે ત્યાં પેગંબર સાહેબ જરથોસ્તને પણ મારી નાખ્યા હતા. જરથોસ્તનું મરણ દેએ મહિનાના ખોરશેદ રોજ નિપજ્યું હતું, પણ તેને આજ કેટલાં વર્ષ થયાં તે ચોકસ સાબેત થયું નથી.

હવે આ હારનો કિનો લેવા માટે ગોસ્તાસ્પે અસફંદીઆરને કેદખાનામાંથી છોડી અરજાસ્પની સાંમે લડાઈ કરવા મોકલ્યો. અસફંદીઆરે તેની ઉપર ચઢાઈ કરી તેને મારી નાખ્યો, તથા તેનો મુલક તારાજ કીધો.

હવે ઈરાનની તવારિખમાં અસફંદીઆરનાં મરણ તથા તેને કીધેલી લડાઈઓ વિષે લંબાણથી બયાન કરેલું છે, પણ તે અત્રે તમારી ઉપર લખવાને કસી અગત જોતો નથી.

ગોસ્તાસ્પના વખતમાં જરથોસ્તી ધર્મનો ફેલાવો ચોતરફ થયો હતો, અને તેથીજ એનું નામ તવારિખો-

માં અમર રહી ગયું છે. ગોસ્તાસ્પનાં રાજયની પછી ઈશાનની તવારિખમાં ઘણોક ગુંચવારો પડેછે, જે વિષે હવે પછીના પત્રમાં હું તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાય.

સવાલો.

ગોસ્તાસ્પનાં રાજ્યમાં સૈાથી મોટામાં મોટો બનાવ શું બન્યો હતો?

જરથોસ્ત પેગંબર કેાણની ઔલાદનો હતો?

તેનાં માબાપનાં નામ શું હતાં?

તેની જન્મભૂમિ કયાં હતી?

એના જન્મ પછી એનો નાશ કરનારાઓ પેાતાની કેાશીસમાં ફાવ્યા હતા કે નહીં?

ગોસ્તાસ્પે એની સાથે તકરાર કરવાને કેાણને બેાલાવ્યા હતા?

તે તકરારમાં જરથોસ્તે શું કીધું હતું, તથા તેની મુખ્ય મતલબ શું હતી?

જરથોસ્તને બાદા તરફથી જે જ્ઞાન મળ્યું હતું તેનો કેવો ઉપયેાગ કીધેા હતો?

તેની સામે થવા દુશમનોએ કેવા ઉપાયેા લીધા હતા, તથા તેમાં ફાવ્યા હતા કે નહીં?

જરથોસ્તની દીન દુનિયામાં ફેલાવવાને કેાણે ઘણી મદદ કીધી હતી?

જરથોસ્તે કેટલાં નુસ્ખ અથવા ધર્મ પુસ્તકેા બનાવ્યાં હતાં?

આ બેકવીસ ધર્મ પુસ્તકેામાં શું શું લખેલું હતું?

જરથોસ્તનો ધર્મ છોડી દેવાને ગોસ્તાસ્પને કોણે ધમકી આપી હતી ?

આ ધમકીથી ગોસ્તાસ્પે શું કીધું હતું ?

તે લડાઈ કયાં થઈ હતી, અને તેમાં કોણ કોણ માર્યા ગયા હતા ?

ગોસ્તાસ્પે અસફંદીઆરને કયાંનો હાકેમ ઠેરવ્યો હતો ?

પછી ગોસ્તાસ્પે તેને કોણના અને શું સમજાવ્યા ઉપરથી કેદ કરાવ્યો હતો ?

આ તક જોઈ ઈરાન ઉપર કોણે પાછી ચઢાઈ કીધી હતી ?

અરજાસ્પે કયા મુલકો લૂટયાં હતાં ?

તેનાં લશ્કરનાં માણસો કયાં જબરીથી દાખલ થયાં હતાં, અને ત્યાં શું કીધું હતું ?

જરથોસ્ત પેગંબરને કોણે મારી નાખ્યા હતા ?

જરથોસ્તનું મરણ કયે દાહાડે નિપજ્યું હતું ?

હવે ગોસ્તાસ્પે અરજાસ્પની સાંમે લડાઈ કરવાને કોણને મોકલ્યો હતો ?

અસફંદીઆરે તેને શું કીધું હતું ?

ગોસ્તાસ્પનું નામ શા માટે ઈરાનની તવારિખમાં અમર રહી ગયું છે ?

પત્ર ૧૦ મો.

મારી પ્યારી દીકરી,

મેં તમોને ગયા પત્રમાં લખ્યું હતું કે પાદશાહ ગોસ્તાસ્પની પછી ઈરાનની તવારિખમાં કેટલોક ગુંચ-

વારો પડેછે, પણ તે સઘળાનું બયાન અત્રે તમોને ઘણા કંટાળા ભરેલું લાગે, માટે ટુકામાં એટલું જ લખી જ-ણાઉંછું, કે હાલના વખતની કેટલીક શોધો પ્રમાણે "ગોશ્તાસ્પનાં રાજ્યની પછી એક લાંબા જમાનાની હકીકત ગુમ થઇ ગએલીછે," પણ એટલું જણાએ છે કે પાદશાહ ગોશ્તાસ્પની તથા આપણા પેગંબર સાહેબ જરથોશ્તની પછી દસ્તૂરો તથા મોબેદોનું જોર ઘણું વ-ધતું ગયું હતું, અને તેઓ એક મોટાં ટોળાં સહિત બલ્ખ અથવા બાખત્રિયાની ભૂમિ છોડી પશ્ચિમના મુલ્કમાં જઇ વસ્યા હતા, અને ત્યાં પોતાની ખલીફાઇ સ્થાપી હતી, એટલે પોતે દીનની દસ્તૂરી તથા મુલકની પાદશાહી એ બંને સાથે ચલાવતા હતા. આ જગાને યુનાનીઓ મીડિયા કરી લખી ગયાછે, અને તેની રા-જધાની રઝે અથવા રઘ કરી હતી એવું આપણાં ધર્મ પુસ્તકો ઉપરથી માલમ પડેછે. જેઓ એ જગાએ દસ્તૂરી તથા પાદશાહી ચલાવતા હતા, તેઓને જરથોસ્ત તેમો કરી કેહેતા હતા. બાબિલોનની તવારિખ લખનાર બેરો-સસના જણાવ્યા મુજબ તેઓએ ઇ૦ સ૦ પૂ૦ * ૨૪૫૮ માં બાબિલોનનું શેહેર પણ જિતી લીધું હતું, અને ત્યાં આઠ જણાઓએ જરથોસ્ત-તેમોને નામે એક પછી એક એમ ૨૨૪) વર્ષ લગણ અમલ ચલાવ્યો હતો.

---

* ઇ૦ સ૦ પૂ૦ (ઇસવી સન પૂર્વ) એટલે ખ્રિસ્તીઓ-ના પેગંબર ક્રાઈસ્ટના જન્મની આગમજનો સને.

ત્યારબાદ ઉપલા જરથોસ્તી ખલીફેાની સત્તા ઓછી થતી ગઈ, અને ખીઆલદીઆની શાહનશાહતનેા પાયેા નાખનાર નામીચા પાદશાહ નીમરૂદના હાથમાં તેઓનેા અમલ આવ્યેા હતેા. એવું કેહેછે કે આ નીમરૂદ નેા દીકરેા નૈનસ કે જે આસિરિયા દેશનેા પાદશાહ હતેા તેનું બળ ઘણું વધી પડયું હતું, અને તેને બાખત્રિયાના એક પાદશાહ ઓખસિયાઝ્રિસની સાથે મેાટી લડાઈ કરી તેનાં રાજ્યનેા ઈ૦ સ૦ પૂ૦ ૨૧૫૦) માં અંત આણ્યેા હતેા.

વળી એક બીજું મેાટું ઈરાનીઓનું ટેાળું "ઈરાનની દક્ષિણે ફારસીસ્તાન નામના પ્રાંતમાં આવી વસ્યું હતું, અને ત્યાં એક ખંડીઆ રાજા તરીકે નહાનું જેવું રાજ્ય ચલાવ્યું હતું," કે જેને લગતી કાંઈ વધારે હકીકત આપણને મલતી નથી. આ ટેાળાના વંશના લેાકેા એક લાંબેા જમાનેા ગુજરયાબાદ નામીચા ઈરાની પાદશાહ કુરૂસની સરદારી હેઠલ આખા ઈરાનના માલેક થયા હતા. "યુનાનીઓ તેઓને પરશિયાન તથા ઉગમણુ પ્રાંતના ઈતિહાસ કર્ત્તાઓ પારસી એવું નામ આપી ગયાછે."

આપણે આગળ જોયું તેમ આપણા મીડિયાના જરથોસ્તી લેાકેા કે જેઓએ એકવાર બાબિલેાનનું શેહેર પણ જિતી લીધું હતું, તે ટેાળાંની નૈનસે બાખત્રિયાનું

રાજ્ય લીધા પછી લાંબો મુદત સુધી કેવી હાલત હતી તે વિષે આપણને કાંઇ માલમ પડતું નથી.

હવે આસિરિયાનાં મનકુર રાજ્યનો ઇ. સ. પૂ. ૭૫૩) માં અંત આવ્યો, કેમકે ત્યાંનો છેલ્લો પાદશાહ **સારડાનાપેલસ** કે જે ઘણો હિચકારો તથા મોજ શોખમાં ચકચુર હતો, તેનાં અંધેર રાજ્યથી કરી **મીડિયા**ના હાકેમ **આર્બેસિસ**ને તેના ઉપર હુમલો કરવાને તક મળી; અને તેમાં તેને **બેલેસિસ** નામના **ખાલડીઆના** એક ધર્મ ગુરૂથી ઘણી ઉલટ તથા મદદ મળી, અને તેઓએ આથી **બાબિલોનિયા**ના લોકોને પણ હુમલો કરવાને ઉસ્કેર્યા. આ લોકો સાથે ઉપલા **ફારસીસ્તાન** જઇ વસેલા ઇરાનીઓ, તથા બીજા પ્રાંતવાળાઓ પણ સામેલ થયા, અને સઘળાઓએ **આસિરિયન** લોકો ઉપર ચઢાઇ કરી તેમને હરાવ્યા.

આથી **આસિરિયા**નું રાજ્ય **મીડિયા, આસિરિયા, અને બાબીલોનિયા**, એ ત્રણ ભાગોમાં વહેંચાઇ ગયું, અને તે સઘળાંઓપર **આર્બેસિસે મીડિયા**માં રહી પાદશાહી ચલાવી હતી. એ રીતે **આસિરિયા** તથા **બાબીલોનિયા**નાં રાજયો **મીડિયા**ના તાબામાં આવ્યાં હતાં. **મીડિયા**નાં રાજ્યની હકીકત હવે પછીના પત્રમાં હું તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

ગોસ્તાસ્પનાં રાજ્યની પછી ઈશાનમાં શું થયું હતું ?

હાલના વખતની કેટલીક શોધો ઉપરથી આપણને તે વિષે શું માલમ પડેછે ?

ગોસ્તાસ્પની પછી જરથોસ્તી દસ્તૂરો તથા મોબેદોએ કયાં પોતાની ખલીફાઇ સ્થાપી હતી ?

ખલીફાઈ સ્થાપી એટલે શું ?

આ જગાને યુનાનીઓ કયાં નામથી લખી ગયાછે, તથા તેની રાજધાની કયાં હતી ?

જેઓ ત્યાં ખલીફાઈ કરતા હતા તેમને કયાં નામથી ઓળખતા હતા ?

તેઓએ કયાં વર્ષમાં **બાબીલોન**નું શેહેર જિતી લીધું હતું ?

ત્યાં કેટલા શખ્સોએ, તથા કેટલાં વર્ષ લગણ, એક પછી એક **જરથોસ્ત્ર-તેમો**ને નામે ખલીફાઇ કરી હતી ?

ત્યાર બાદ તેઓનો અમલ કોણના હાથમાં ગયો હતો ?

આ **નીમરૂદ**ના દીકરા **નૈનસે** કયાં વર્ષમાં અને કોણનો અંત આણ્યો હતો ?

વળી ધરાનીઓનું બીજું એક ટોળું કયાં જઈ વસ્યું હતું ?

ત્યાં તેઓએ કેમ રાજ્ય ચલાવ્યું હતું ?

પછી તેઓના વંશો લાંબી મુદતે કોણની સરદારી હેઠલ આવ્યા **ઈશાન**ના માલિક થયા હતા ?

એ ટોળાને યુનાનીઓ તથા ઉગમણુ તરફના ધતિહાસ કર્ત્તાઓ શું નામો આપી ગયાછે ?

આસિરિયન વંશનો છેલ્લો પાદશાહ કોણ, તથા કેવો હતો ?

તેનાં રાજ્યની સમાપ્તિ કોણ લાવ્યું હતું ?

આર્બેસિસને કોણ તરફથી ઘણી ઉલટ તથા મદદ મળી હતી ?

તેઓએ પોતાની સાથે બીજા કયા લોકોને હુમલો કરવાને ઉસ્કેર્યા હતા ?

આથી આસિરિયાનું રાજ્ય કયા ભાગોમાં વહેંચાઇ ગયું હતું ?

તે સઘળાં પર કોણે અને કયાં રહી પાદશાહી ચલાવી હતી ?

પત્ર ૧૧ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાં મેં તમારી ઉપર આસિરિયાનાં રાજ્યની સમાપ્તિ સુધીનું વર્ણન લખ્યું હતું. તે ઉપરથી તમોએ જોયું હશે કે આસિરિયા તથા બાબીલોનિયાનાં રાજ્યો મીડિયાના તાબામાં આવ્યાં હતાં. આ ઉપરથી દેખાઇતું છે કે ઈરાનનું રાજ્ય પણ મીડિયાના તાબામાં આવ્યું હતું. હવે મીડિયાના લોકો સાત જુદાં જુદાં પરગણામાં વીખરાઈ જઈ રહેલા હતા, અને તેઓ ઉપર કોઈ ચોકસ હાકેમ અથવા સત્તા ચલાવનાર નહીં હોવાથી તેઓમાં ઘણી બેદાદી ચાલવા લાગી. આથી દીજોસિસ નામે એક શખ્સ કે જેણે પોતાનાં પરગણામાં પોતાનાં પ્રમાણિકપણાંથી ઘણી સારી આબરૂ મેળવી હતી, તેની પાસે સઘળાં આસપાસનાં

પરગણાના લોકો પોતાના કજીયા ટંટાઓ ચુકાવવા લાવતા હતા. આ કામથી જ્યારે તે આસપાસ સઘળે વખણાઈ ગયો ત્યારે તેણે પાદશાહી અમલ મેળવવાનાં અભિમાનથી લોકોનો ઇનસાફ ચુકવવાનું કામ મુકી દીધું, કે જેથી પાછી સઘળે ઠેકાણે આગળના કરતાં પણ વધારે બેદાદી ચાલવા લાગી. આથી મીડિયાના લોકોને કાંઇ નહીં પણ પોતાને માથે એક પાદશાહ ઠરાવવાની ફરજ પડી, અને તેઓએ તે પ્રમાણે દીજોસિસને ઇ૦ સ૦ પૂ૦ ૭૦૮) માં પોતાનો પાદશાહ નેમ્યો.

દીજોસિસે તખ્ત ઉપર આવતાંનેવાર લોકોમાંથી લશ્કરની કેટલીએક ટુકડીઓ બનાવી. પછી તેણે એક મોટી ટેકડીપર સાત મજબૂત દેવાલો બંધાવી તેની અંદર એકબેટાનાનું શેહેર વસાવ્યું, અને તે ટેકડીનાં મથાળાં ઉપર પોતાને માટે એક મેહેલ બંધાવ્યો. એણે લોકોને માટે કેટલાક કાયદાઓ બાંધ્યા હતા, તથા ૨૨) વર્ષ સુધી રાજ્ય કરી ઇ૦ સ૦ પૂ૦ ૬૮૬) માં મરણ પામ્યો હતો. એની પછી એનો દીકરો ફ્રેઆતિસ મીડિયાની ગાદી ઉપર આવ્યો હતો.

ફ્રેઆર્તિસે મીડિયાનું રાજ્ય એશિઆખંડના છેક ઉત્તર ભાગ લગણ વધાર્યું હતું, અને ઇરાનીઓ તથા બીજી પ્રજાઓ સાથે લડાઈઓ કરી તેમને તાબે કરી લીધા હતા. એ નિનેવેના આસિરિયન રહેવાસીઓ સાથે લડાઇ કરતાં ઇ૦ સ૦ પૂ૦ ૬૩૩) માં મા-

યોર્ ગયેા હતેા. એણે ૫૩) વર્ષ લગણ રાજય કર્યું હતું. એની પછી એનેા દીકરેા **કઅેકસરિસ** મીડિયાનાં તખ્ત ઉપર આવ્યેા હતેા.

કઅેકસરિસે પેહેલ વેહેલાં લશ્કરી ટુકડીઅેાને કાયદાસર ગેાઠવી હતી, તે આગમન સઘળા ભાલાદાર, તીરંદાજ, તથા ઘેાડેસ્વાર સિપાહેા. એકમેક સાથે ભેળશેળ થઈ લડતા હતા. **નિનેવેમાં આસ્સિરિયનો** ઉપર પેાતાના બાપનું વેર લેવા માટે એણે ચઢાઈ કરી તેમને હરાવ્યા હતા, તથા **નિનેવેને** ઘેરેા ઘાલ્યેા હતેા. આ તક જોઈ **સિથ્યાના** લેાકેાએ એના મુલક ઉપર ચઢાઇ કરી તે તાબે કરી લીધેા હતેા; પણ પછી એણે તેઅેાને મારી નાખ્યા હતા, તથા **મીડિયાનાં** રાજ્યને છેક **હેલીસ** નદીના કિનારાની પૂર્વ લગણ વધાર્યું હતું. એણે **લિડિયાના** રાજા **અેલીઆટીસ** સાથે છ વર્ષ લગણ અેક લડાઇ ચલાવી હતી, પણ તેનેા કાંઈ છેડેા આવ્યેાજ નહીં. છઠે વર્ષે જ્યારે તેઅેા લડાઈ કરતા હતા, ત્યારે અેકાઅેક સૂર્યનું અેક પુરેપુરૂં ગ્રહણ થઈ આવ્યું કે જેથી બંને બાજુનાં લશ્કરમાં ધમરાટ થયેા, અને લડાઈ બંધ પડી તેઅેા વચ્ચે સલાહ થઈ. ત્યારબાદ **કઅેકસરિસ** થેાડું‌ંક લગણ રાજય કરી ઈ૦ સ૦ પૂ૦ ૫૯૩) માં મરણ પામ્યેા. એની પછી એનેા દીકરેા **આસ્તૈયજીસ** તખ્ત ઉપર આવ્યેા હતેા. એનાં રાજ્યની બિના આવતા પત્રમાં હું તમારી ઉપર લખીશ.

હું છું તમારેા વાહાળેા બાપ.

સવાલો.

મીડિયાના લોકો કેવી રીતે રહેલા હતા, તથા તેઓનું રાજ્ય કેમ ચાલતું હતું ?

આથી આસપાસનાં પરગણાના લોકો પોતાના કજીયા કોણ પાસે ચુકવાવતા હતા ?

દીન્ઓસિસે પછી લોકોનો ઇનસાફ ચુકવવાનું કામ શા માટે મુકી દીધું હતું ?

આથી **મીડિયા**ના લોકોને શું ફરજ પડી હતી ?

તેઓએ **દીન્ઓસિસ**ને કયાં વર્ષમાં પોતાનો પાદશાહ નેમ્યો હતો ?

દીન્ઓસિસે તખ્ત ઉપર આવતાંને વાર શું કીધું હતું ?

પછી તેણે કયું શેહેર વસાવ્યું હતું ?

એણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી **મીડિયા**ની ગાદી ઉપર કોણ આવ્યો હતો ?

ફ્રેઆર્તિસે મીડિયાનું રાજ્ય કયાં લગણ વધાર્યું હતું ?

એણે કયા લોકોને તાબે કરી લીધા હતા ?

એ કયાં વર્ષમાં અને શું કરતાં માર્યો ગયો હતો ?

એની પછી કોણ **મીડિયા**નાં તખ્ત ઉપર આવ્યો હતો ?

કએકસરિસે પેહેલવેહેલાં શું કીધું હતું ?

તે આગમજ સઘળું લશ્કર કેવી રીતે લડતું હતું ?

એણે **નિનેવે**માં કોણ લોક ઉપર અને શા માટે ચઢાઇ કરી હતી ?

તેમાં કોણ હાર્યું હતું ?

પછી એણે **નિનેવે**ને શું કીધું હતું ?

આ તક જોઇ કયા લોકોએ એના મુલક ઉપર ચઢાઇ કરી તે તાબે કર્યો હતો ?

એણે પછી **સિથ્યા**ના લોકોનો શો હાલ કીધો હતો, તથા પોતાનાં રાજ્યને કયાં લગણ વધાર્યું હતું ?

લિડિયાના રાજા સાથે એને કેટલાં વર્ષ લડાઈ ચાલી હતી ?

તે લડાઈનો કયારે અને કેમ અંત આવ્યો હતો ?
પછી **કએકસરિસ** કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?
એની પછી કોણ **મીડિયા**નાં તખ્ત ઉપર આવ્યો હતો ?

પત્ર ૧૨ મો.

મારી પ્યારી દીકરી,

મને માલમ પડેછે કે હું જે ઈરાનની તવારિખના થોડો થોડો ભાગ તમારી ઉપર દરેક પત્રમાં લખી મોકલું છું, તે યાદ રાખવાને તમે ઘણી મેહેનત લ્યોછો, તેથી હું એજ બાબત વિષે તમારી ઉપર લખવાનું જારી રાખું છું.

છેલ્લા પત્રમાં જે પાદશાહ વિષે મેં તમને જણાવ્યું તે **કએકસરિસ** હતો, કે જે તમે જાણતાં હશો કે ૪૦) વર્ષ રાજ્ય કરીને ઇ. સ. પૂ. ૫૯૩) માં મરણ પામ્યો. એની પછી એનો દીકરો **આસ્તૈયજીસ** તખ્ત ઉપર આવ્યો હતો. **આસ્તૈયજીસને મેનદેન** નામે એક દીકરી હતી, કે જેને માટે એને એક રાત્રે એવો સ્વપ્નો આવ્યો કે "**મેનદેને** ઘણુંક પાણી પેદા કીધું, જેથી આખું શેહેર ઢંકાઈ ગયું, તથા એશિઆમાં પણ એક મોટી રેલ આવી." આ સ્વપ્નાથી બિહિને **આસ્તૈય-**

જીસે પોતાની દીકરીને કોઇ મીડિયન સાથે પરણાવી નહીં, પણ કબુજીય નામના એક ઈરાની ખંડીઆ રાજા સાથે પરણાવી. તેના પરણ્યા પછી એક વર્ષે આસ્તૈયજીસને વળી એક બીજો સ્વપ્નો આવ્યો કે "તેની દીકરી જે હાલ ઈશાનમાં ગર્ભવંતિ હતી, તેનાં ગર્ભસ્થાનમાંથી એક દ્રાક્ષનાં ઝાડનો વેલો ઉત્પન્ન થયો કે જેની છાંયાથી આખો એશિઆખંડ ઢંકાઈ ગયો હતો." આ સ્વપ્નાનો અર્થ પુછ્યાથી તેને એવો ખોલાસો મળ્યો કે "તેની દીકરીને પેટે જે દીકરો જન્મશે તે તેની જગાએ રાજ્ય ચલાવશે." આસ્તૈયજીસે આથી પોતાની દીકરીને ઈશાનથી બોલાવી મંગાવી, અને તેની ઉપર ચોકી પેહેરા રાખ્યા, તથા જે બાળક તેને અવતરે તેને મારી નાખવાનો ઠરાવ કીધો.

હવે મેનદેનને પેટે થોડા દિવસમાં એક દીકરો જન્મ્યો, અને તેને મારી નાખવાનું કામ આસ્તૈયજીસે પોતાના હારપેગસ નામના એક વિશ્વાસુ વજીરને સોંપ્યું. હારપેગસ તે બાળકને લઈ પોતાને ઘેર ગયો, અને મિથ્રેદેતિસ નામના પાદશાહના એક ભરવાડને તે કામ સોંપ્યું. મિથ્રેદેતિસે તે બાળકને મારી નાખવાને બદલે તેને સારી તરબિયત આપી ઉછેર્યું, અને તેનું નામ કુરસ કરી રાખ્યું.

આ કુરસને યુનાનીઓ સાઈરસ કરી લખી ગયા છે. એક વેળા કુરસ ગામડાનાં કેટલાંક છોકરાંઓ

સાથે રમતો હતો; તેઓએ રમતમાં એને પોતાનો પાદશાહ કીધો, અને એણે **આર્તેમબારિસ** નામના **આસ્તૈયજીસ** પાદશાહના એક ઉમરાવના દીકરાને એનું કહ્યું નહીં માનવાને લીધે રમતમાંજ સપ્ત માર મરાવ્યો. આથી પેલો ઉમરાવ **કુરસ**ને **આસ્તૈયજીસ** પાસે લઈ ગયો, કે જ્યાં તેના ભપકાદાર દેખાવ તથા હિંમત ભરેલા જવાબોથી **આસ્તૈયજીસે** તેને ઓળખી કાઢયો; અને તેના જીવતા રહેવા વિષેની **મિથ્રેદતિસ** ભરવાડથી ખબર મેળવી. **મિથ્રેદતિસે** સઘળી વાત કબુલ કીધી. **આસ્તૈયજીસ** તેથી **હારપેગસ** ઉપર ઘણો ચીડાયો, તથા તેના ૧૩) વર્ષની ઉમરના એક દીકરાને મારી નાખ્યો, અને **કુરસ**ને માફી બક્ષશી **ફારસ**માં તેના બાપને વતન મોકલાવ્યો. તેનાં મા બાપને જ્યારે એ વિષેની ખબર થઈ, ત્યારે તેઓ ઘણું ખુશી થયાં, અને તેને ઘણીજ ખુશબક્ષો સાથે પોતાનાં શેહેરમાં તથા ઘેરમાં દાખલ કીધો.

જ્યારે **કુરસ** ઉમરે પહોંચ્યો ત્યારે તે ઘણોજ દેલાવર તથા લડાયક દિસવા લાગ્યો. હવે **હારપેગસ** કે જે પોતાના દીકરાના ખુનનું વેર **આસ્તૈયજીસ** ઉપર લેવાને તપી રહ્યો હતો, તેણે **કુરસ**ને તથા કેટલાક મીડિયન સરદારોને તેના ઉપર હુમલો કરવાને ઉશ્કેર્યા. તેઓ સઘળાઓ એક મોટું લશ્કર લઈ "પેસારગેદાના મેદાનમાં ખૂર નદીના કિનારા ઉપર" **આસ્તૈયજીસ**નાં

લશ્કર સાથે લડયા, અને તેને હરાવ્યું, તથા આસ્તૈયજીસને કેદ પકડયો. આથી મીડિયાનાં રાજયની આખરી આવી, અને તેઓનું રાજય કુરૂસને હસ્તક આવ્યું. આ બિના ઈ. સ. પૂ. ૫૫૮ માં બની હતી. આસ્તૈયજીસે ૩૫) વર્ષ લગણ રાજય કીધું હતું. કુરૂસનાં રાજયની બિના આવતા પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

આસ્તૈયજીસને એક રાત્રે શું સ્વપ્નો આવ્યો હતો? આ સ્વપ્નાથી બિહિને તેણે પોતાની દીકરીને કયાં પરણાવી હતી?

તેના પરણ્યા પછી પાછો આસ્તૈયજીસને શું સ્વપ્નો આવ્યો હતો?

આ સ્વપ્નાનો તેને શું ખોલાસો મલ્યો હતો?

આસ્તૈયજીસે આથી શું કીધું હતું?

તે બાળકને મારી નાખવાનું કામ તેણે કોણને સોંપ્યું હતું?

હારપેગસે તે બાળકને કોણને સ્વાધીન કીધું હતું?

મિથ્રેદતિસ ભરવાડે તે બાળકને કેવી રીતે ઉછેર્યું, તથા તેનું નામ શું રાખ્યું?

કુરૂસે એક વેળા રમતમાં કોણને માર મરાવ્યો હતો? આથી પેલો ઉમરાવ તેની ફર્યાદ કોણ પાસે લઇ ગયો હતો?

આસ્તૈયજીસે તેને શા પરથી ઓળખી કાઢયો હતો, તથા તેના જીવતા રહેવાની કોણથી ખબર મેળવી હતી ?

આથી તેણે હારપેગસને તથા કુઅસને શું કીધું હતું ?

હવે હારપેગસે આસ્તૈયજીસ ઉપર હુમલો કરવાને કોણને ઉસ્કેર્યો હતો ?

તેઓ સઘળાઓ વચ્ચે કયાં લડાઈ થઈ હતી ?

તે લડાઈમાં કોણ હાર્યું હતું ?

આથી મીડિયાનું રાજ્ય કોણને હસ્તક થયું હતું ?

આ બિના કયાં વર્ષમાં બની હતી ?

આસ્તૈયજીસે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?

પત્ર ૧૩ મો.

મારી પ્યારી દીકરી,

તમોએ મારા ગયા પત્રમાંથી જાણ્યું હશે કે ઈરાનનું રાજ્ય ઈ. સ. પૂ. ૫૫૮) માં કુઅસને હસ્તક આવ્યું હતું. તેની આગમન લાંબી મુદત સુધી તે આસિરિયન તથા મીડિયન લોકોના હાથમાં હતું. મેં તમને આગળ જણાવ્યું તે પ્રમાણે આ મીડિયન લોકો પણ જરથોસ્તીન હતા, લોકિન તેઓ અને ઈરાનીઓ વચ્ચે કાંઈ રાજદ્વારી અથવા ધર્મ સંબંધી સબબોને લીધે મોટું વેર ચાલતું હતું.

કુઅસના જન્મને લગતી હકીકત તમોએ મારા છેલ્લા પત્રમાંથી જાણી હશે. એના વડવાઓ ઈરાનના મુલકોના ખંડીઆ રાજા હતા, તેઓને હખામનિસ

અથવા એકીમીનિસ વંશના રાજા કરી કેહેતા હતા; કેમકે એ વંશનો પેહેલો રાજા હુખામનિસ કરી હતો, કે જે ઇ. સ. પૂ. ૭૦૦) વર્ષ ઉપર ફારસના પ્રાંતમાં રાજ્ય કરી ગયો હતો. તેની પછી ચીસપાઈસ, કબુજીય, કુરસ, તથા કબુજીય-બીજાએ રાજ્ય કર્યું હતું. આ છેલ્લો રાજા કબુજીય-બીજો આસ્તૈયજીસની દીકરી મેનદેનનો ભરથાર તથા કુરસનો બાપ હતો.

"આ વેળા એશિઆની પશ્ચિમ દિશાએ ત્રણ જુદાં જુદાં રાજ્યો હતાં, તેમાં એકતો ઈરાનનું; બીજું લિડિયાનું; અને ત્રીજું બાબિલોનિયાનું. એ માહેલાં પેહેલાં રાજ્યનો વડો સાઈરસ (કુરસ) હતો, અને તેનું પાયતખ્ત એકબેટાના હતું. બીજાંનો રાજા ક્રિસસ કરી હતો, અને તેની રાજધાની સાર્ડિસ હતી. ત્રીજાંનો રાજા બેલશાઝર હતો, અને તેનું પાયતખ્ત બાબિલોનમાં હતું."

કુરસના ઈરાનનાં તખ્ત ઉપર આવ્યા પછી ઇ. સ. પૂ. ૫૪૬) માં લિડિયાના રાજા ક્રિસસે પોતાના બનેવી આસ્તૈયજીસનું વેર લેવા માટે તેની ઉપર ચઢાઇ કીધી. કુરસે તેની સાથે બે દિવસ લગણ લડાઈ કરી તેને હરાવ્યો, અને લિડિયાનું રાજ્ય પોતાના સ્વાધીનમાં લીધું. ત્યારબાદ એણે "બેકત્રિયાન તથા સાકી લોકોને જીત્યા, તેમજ હરકેનિયા, પાર્થિયા, સોગદિયાના, ખોરાસ્મિયા, એરિયા તથા બીજા કેટલાક મુલકો હાથ કીધા."

પછી ઈ. સ. પૂ. ૫૩૮) માં એણે બાબિલોનિ-આનાં રાજ્ય ઉપર ચઢાઇ કરી. આ ચઢાઈમાં એને પુષ્કળ મેહેનત પડી હતી; કેમકે બાબિલોનના લોકોએ મીડિયન લોકોના હુમલાની ધાસ્તીને લીધે પોતાનાં શેહેરના બંચાવને માટે મજબૂત ઉપાયો કરી રાખેલા હતા; તથા આ ચઢાઇની ખબર પડતાંજ શેહેરમાં ખોરાકી તથા બીજો ઘણો સામાન ભરી રાખી લડાઇ કરવાને સાંમા ન થતાં શેહેરમાં ભરાઇ બેઠા હતા. આથી કુરૂસે તેમનાં શેહેર ઉપર ઘણું સુધી ઘેરો ઘાલ્યો, અને પછી એક તેહેવાર, કે જે દાહાડે સઘળા બાબિલોનિયનો મોજમજામાં પડેલા હતા, તે દિવસે યુફ્રેતિસ નદીનાં પાણીને એક નેહેરને રસ્તેથી ઓછું કરી ત્યાંથી તે લશ્કર સહિત શેહેરમાં દાખલ થયો, અને તે જિતો લીધું.

કુરૂસનાં મરણ વિષે ઘણાકો જુદાં જુદાં કારણો બતાવેછે. એ ૨૯) વર્ષ રાજ્ય ચલાવી ઈ. સ. પૂ. ૫૨૯) માં મરણ પામ્યો હતો. એણે આપણે આગળ જોયું તેમ લિડિયા તથા બાબિલોનિયાનાં રાજ્યો જિતી લીધાં હતાં, તથા જરથોસ્તી દીનને પણ પાછી જાહોજલાલીમાં લાવ્યો હતો. એ પોતે ઘણો લડાયક, બહાદૂર, તથા ચંચળ હતો. એને પેટે બે દીકરા અને બે દીકરીઓ હતી, જેમાં કબુજીય (ત્રીજો) વહો હોવાથી તેને ઈશાનનું રાજ્ય મળ્યું હતું. એનાં રાજ્યની બિના આવતા પત્રમાં તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

ઈશનનું રાજ્ય કુરૂસને હસ્તક આવ્યું તેની આગમજ કોણના હાથમાં હતું ?

આ મીડિયન લોકો કોણ હતા ?

તેઓને ઈરાનીઓ સાથે શા માટે વેર ચાલતું હતું ?

કુરૂસના વડવાઓ કોણ હતા, તથા તેમને કયા વંશના કેહેતા હતા ?

એ વંશનો પેહેલો રાજા કોણ હતો, તથા તે કયાં વર્ષમાં અને કયા પ્રાંતમાં રાજય કરી ગયો હતો ?

એની પછી તથા કુરૂસની આગમજ કોણ કોણ રાજ્ય કરી ગયા હતા ?

આ વેળા એશિઆની પશ્ચિમ દિશાએ કયાં મોટાં રાજ્યો હતાં ?

આ ત્રણે રાજ્યના વડાઓ કોણ હતા, તથા તેમની રાજધાની કયાં હતી ?

કુરૂસના ઈશનનાં તખ્ત ઉપર આવ્યા પછી કોણે અને શા માટે તેની ઉપર ચઢાઈ કીધી હતી ?

તેમાં કોણ હાર્યું હતું ?

આથી લિડિયાનું રાજ્ય કોણને સ્વાધીન થયું હતું ?

કુરૂસે એ શિવાય બીજા કયા મુલકો જીત્યા હતા ?

૪. સ. પૂ. ૫૩૮) માં એણે કયાં રાજ્ય ઉપર ચઢાઇ કીધી હતી ?

બાબિલોનના લોકોએ આથી શું કીધું હતું ?

કુરૂસ તેઓનાં શેહેરમાં કેવી રીતે દાખલ થયો હતો, તથા તે કેમ જિતી લીધું હતું ?

કુરૂસને પેટે કેટલાં છોકરાં હતાં ?

એણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા કયાં વર્ષમાં મરણ પામયો હતો ?

એની પછી ઈશનનાં તખ્ત ઉપર કોણ આવ્યો હતો ?

પત્ર ૧૪ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાં મેં તમને કુશસ્તાં રાજ્યની બિના લખી હતી. હવે આપણ તેના દીકરા કબુજીય (ત્રીજા) નાં રાજ્ય ઉપર આવીએ. એ ઇ૦ સ૦ પૂ૦ ૫૨૯) માં ઈશાનનાં તખ્ત ઉપર આવ્યો હતો. યુનાની તવારિખ કર્ત્તાઓ એને કૅમબૈસિસ કરી લખી ગયાછે. તખ્ત ઉપર આવ્યા પછી એણે મિસર દેશ ઉપર કાંઈ ચોથાઈનો વાંધો પડવાથી ચઢાઈ કીધી, અને ત્યાંના પા-દશાહ સેમેનીટસને પકડી કૈદ કર્યો; પણ પછી પાછો છોડી મુકી એક ખંડીઆ રાજા તરીકે તેને પોતાના મુલકમાં રાજ્ય ચલાવવા દીધું; પણ વળી પાછો તેણે ઈરાન ઉપર બળવો ઉઠાવ્યાથી કબુજીયએ તેને મારી નાખ્યો, અને મિસર દેશ પોતાને હસ્તક લઈ ત્યાં એક હાકેમ ઠેરવ્યો.

ત્યારબાદ કબુજીયએ ત્રણ ઠેકાંણે ચઢાઈઓ કરવાનો ઈરાદો કર્યો હતો. પેહેલાં તે ઈથોપ્યા તરફ પોતે લશ્કર લઈ ગયો, પણ ત્યાં તે પુગે તેની આગમન તેનાં લશ્કરને ભુખમરો લાગ્યાથી પાછું ફરવું પડયું; તથા બીજું એક લશ્કર કે જે એણે લિબિયાનાં જંગલ તરફ મોકલ્યું હતું, તેને પણ રેતીનું એક મોટું તોફાન લાગ્યાથી પાછું ફરવું પડયું; તથા કાર્થેજ તરફ તે એક લશ્કર મોકલવા ધારતો હતો તે વિચાર તેને માંડી વા-

ળવો પડયો, કેમકે તેની દરિયાવર્ધી ફોજ કે જેમાં સઘળા ફીનિશિયન સિપાહો હતા, તેઓએ પોતાના કાર્થેજીનિયન ભાઈબંધો સાંમે હથિયાર પકડવાને સાફ ના પાડયું. આથી તેનાં મન પર ઘણી ખરાબ અસર થઈ, અને ઈરાન તરફ પાછો ફરતાં તે મિસર દેશનાં મેમફિસ નામનાં શેહેરમાં ગયો, તથા ત્યાંના લોકો વિષે કાંઈ ખરાબ શક ઉપજ્યાથી તેઓ સાથે ઘણી ઘાટકી ચાલ ચલાવવા લાગ્યો; અને તેઓનાં ધર્મનાં મકાનો તારાજ કીધાં, તથા પોતાના બરદિય નામના નહાના ભાઈને પણ ઘણી છુપી રીતે મારી નખાવ્યો. આ બરદિયને યુનાનીઓ સ્મરદિસને નામે લખી ગયાછે.

હવે બરદિયને મારી નાખવાથી યતીઝાઈથસ નામનો એક મીડિયન, કે જેને કબુજીયએ મિસર જવા આગમન પોતાનાં ઈરાનનાં રાજયનો કારભાર સોંપ્યો હતો, તેનો પણ સ્મરદિસ નામે એક ભાઈ હતો, કે જેના કાન કુરસ પાદશાહે કાંઈ વાંકસર કપાવી નાખ્યા હતા; અને તે બરદિયનાં સ્વરૂપને ઘણોખરો મળતો આવતો હતો, તેને ઈરાનનાં તખ્ત ઉપર કુરસના દીકરા બરદિયને નામે બેસાડયો. આ વાતનો જેવી કબુજીયને ખબર પડી તેવોજ તે મિસરથી ઈરાન આવવાને નિકળયો, પણ વાટમાંજ કાંઈ કજાથી મરણ પામ્યો. એણે ૭ વર્ષ રાજય કર્યું હતું, અને ઈ૦ સ૦ પૂ૦ ૫૨૨) માં મરણ પામ્યો હતો.

મરણ પામવા આગમન એણે કેટલાક ઈરાની-ઓને બોલાવ્યા અને તેઓ આગળ ખોલ્લી રીતે કબુલ કર્યું કે તેણે પોતે પોતાના ભાઇ બરદિયને મારી નખા-વ્યો હતો, અને આ ઠગારો બરદિય તો એક મીડિયન છે, માટે તમોએ ઈરાની પાદશાહ શિવાય કોઇ બી-જાના અમલમાં રહેવું નહીં. આ તેનું બોલવું કોઇએ ખરૂં માન્યું નહીં, અને પેલો ઠગારો બરદિયને નામે રાજ્ય ચલાવવા લાગ્યો. તેણે સાત મહિના વગર હર-કતે રાજ્ય ચલાવ્યું, પણ આઠમે મહિને તેની ઠગાઇ તેના કાપેલા કાનપર કોઇની નજર પડવાથી માલમ પ-ડી આવી, અને તેથી પરસિસ અથવા ફારસનો ના-મીચો હાકેમ દારયવુસ-વિસ્તાસ્પ તથા બીજા છ ઈ-રાની ઉમરાવોએ મળી એનો અંત આણ્યો, અને દારયવુસને ઈરાનનાં તખ્ત ઉપર બેસાડયો. એનાં રા-જયની બિના ઈરાન તથા યુનાનની તવારિખોમાં ઘણી યાદગારી ભરેલીછે, તે આવતા પત્રમાં હું તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

કબુજીયએ તખ્ત ઉપર આવ્યા પછી કયાં, અને શા માટે ચઢાઈ કીધી હતી ?

તેમાં કોણ કેદ પકડાયું હતું ?

કબુજીયએ તેને પાછું કેવી રીતે રાજય ચલાવવા દી-
ધું હતું ?

પછી તેને શા માટે મારી નાખ્યો હતો ?

કબુજીયએ કેટલે ઠેકાણે ચઢાઇઓ કરવાનો ઠરાવ કર્યો
હતો ?

તે બધેથી તેને શા માટે નિષ્ફળ થવું પડયું હતું ?

આથી એનાં મનપર કેવી અસર થઇ હતી ?

ઈરાન તરફ પાછાં ફરતાં એણે કયાં શેહેરના લોકો સા-
થે ઘાતકી ચાલ ચલાવી હતી, તથા કોણને છુપી રીતે મારી
નાખ્યો હતો ?

આથી ઇરાનનાં તખ્ત ઉપર કોણ, અને કયાં નામથી
બેઠો હતો ?

કબુજીયને આ વાતની ખબર પડવાથી તે કયાં જવા-
ને નિકળ્યો ?

રસ્તામાં એ શાથી મરણ પામ્યો હતો ?

એણે કેટલાં વર્ષ રાજય કર્યું હતું, તથા કયાં વર્ષમાં મ-
રણ પામ્યો હતો ?

મરણ પામવા આગમજ એણે કેટલાક ઇરાનીઓ આ-
ગળ શું કહયું હતું ?

તેનું આ બોલવું કોઇએ ખરૂં માન્યું હતું કે નહીં ?

આથી ઈરાનમાં કોણે રાજય ચલાવ્યું ?

તેની ઠગાઇ લોકોને શાથી માલમ પડી આવી હતી ?

આથી એનો અંત કોણે આણ્યો હતો ?

બરદિયએ કેટલા મહિના રાજય ચલાવ્યું હતું ?

એની પછી ઇરાનનું રાજય કોણને હસ્તક થયું હતું ?

પત્ર ૧૫ મો.

મારી પ્યારી દીકરી,

મેં તમારી ઉપર છેલ્લો પત્ર લખ્યા પછી આ પત્ર લખવાને હમેશ કરતાં વધારે દિવસો લાગ્યાછે, અને તેનું કારણ હું ધારૂંછું કે તમે સમજ્યાં હશો; કેમકે મેં તમને ગયા પત્રમાં લખ્યું હતું કે **દારયવુસ-વિસ્તા-સ્પ**નું રાજ્ય **ઈશાન** તથા **યુનાન**ની તવારિખોમાં ઘણું યાદગારી ભરેલુંછે, અને તેથી તે લખતાં જરા વધારે વખત લાગ્યોછે; અને જો તમે પોતે પણ તે ઉપર જરા વધારે વખત રોકી ધ્યાનથી વાંચશો, તો તમને માલમ પડશે કે આગળ એક વખત એવો પણ હતો, કે જ્યારે "આપણા અસલી ઈરાનીઓનો રોબ છેક દૂર દેશોમાં પણ બેઠો હતો."

તમે જાણતાં હશો કે **દારયવુસ-વિસ્તાસ્પ** ઈ. સ. પૂ. ૫૨૨) માં પેલા ઠગારા બરદિયને મારી નાખી **ઈશાન**નાં તખ્ત ઉપર બેઠો હતો. યુનાનીઓ એને દા-**રયસ-હિસ્તાસ્પિસ**ને નામે લખી ગયાછે. એના તખ્ત ઉપર આવ્યા પછી **બાબિલોન**ના લોકોએ ઈરાનીઓ થી સ્વતંત્ર થવા માટે એક હુલ્લડ ઉઠાવ્યું. **દારયવુસે** આથી ૨૦) મહિના લગણ તેઓનાં શેહેરને ઘેરો ઘાલ્યો, પણ તેઓએ તેને ફાવવા દીધો નહીં, અને બહાદૂરીથી સાંમે થયા, પણ આખરે એક ઈરાની સરદારે કાંઇ હિ-

કમતથી તેઓનાં શેહેરમાં દાખલ થઈ તેમનાં લશ્કરમાં એક મોટો ઓદ્ધો મેળવ્યો, અને પછી બાબિલોન ફતેહ કરી દારયવુસ્સને સોંપ્યું. દારયવુસ્સે તેઓ ફરોથી હુલડ નહીં ઉઠાવે તેને માટે ચોકસ ઉપાયો કીધા, અને પછી પોતાનાં રાજ્યમાં ઘણોક સુધારો કર્યો. એણે પોતાનાં આખાં રાજ્યને વીસ ભાગોમાં વહેંચી નાખ્યું હતું; અને તે દરેક ઉપર રાજ્ય ચલાવવાને એકેકો સેત્રપ અથવા હાકેમ નેમ્યો હતો; તથા દરેક ભાગમાંથી એક ચોકસ વાર્ષિક કર લેતો કીધો હતો.

પછી દારયવુસ્સે સિથ્યાના મુલક ઉપર ચઢાઈ કરવાને ઘોડેસ્વાર તથા પાયદળ મળી ૭૦૦૦૦૦) માણસોની એક ફોજ તથા ૬૦૦) લડાઈનાં વાહાણો એકઠાં કીધાં, તથા ડાન્યૂબ નદી ઉપર મછવાનો એક તરાપો બંધાવી તે પરથી લશ્કર સહિત ઓળંગી ગયો, પણ ત્યાં સિથ્યન લોકો તેનાં લશ્કરની આસપાસ ફરી વળ્યા, અને કેટલુંક નુકસાન કર્યું, કે જેથી તેને લશ્કર સહિત ડાન્યૂબ નદી ઓળંગી પાછું હઠવું પડયું.

હવે દારયવુસ્સે પોતાના મેગેબેઝસ નામના એક સરદારને થ્રેસ જિતી લેવા મોકલ્યો, કે જે તેણે કેટલીક લડાઈઓ કરી પોતાને તાબે કરી લીધો, તથા બીજાં કેટલાંક યુનાની સંસ્થાનો પણ જિતી લીધાં. ત્યાર પછી તેણે માસિડનનો મુલક જીત્યો, તથા ત્યાંના લોકોને તાબે કીધા.

દારયવુસે હવે પોતાના ભાઇ આર્ત્તાફ્રનિસને સાર્દિસનો હાકેમ નેમ્યો, તથા ઓતાનિસ નામના એક સરદારને કોસ્તા આગળનાં લશ્કરનો સેનાપતિ ઠે-રવ્યો. આ નવા સરદારે પ્રોપોનટીસ આગળનાં કેટ-લાંક યુનાની શેહેરોને એક પછી એક ઇરાનીઓને તાબે કરી લીધાં. પછી તેણે બાઈઝેનશિયમ, કેલસ્સિદોન, એનતાદ્રુસ, અને લેમપોનિયમ એ ચાર શેહેરો જિતી લીધાં, તથા પીલેસગી નામના ધાતકી લોકો, કે જેઓ લેમોસ અને ઈમષ્રોસનાં ટાપુઓમાં રહેતા હતા, તે-ઓને પણ તાબે કરી લીધા.

હવે "આ ફતેહોથી તમામ યુનાન દેશ ઈશનનાં નામથી થરથર કાંપવા લાગ્યો. સિંધુ નદીનાં મુખથી તે છેક થેસિલી સુધીનો આબાદ અને ફલવંત મુલક દારયવુસના હાથમાં આવ્યો; અને ઉગમણથી તે આ-થમણ સુધીના તમામ સુધરેલા દેશોમાં કાવીઆની ઝુંડો પાછો ઉડવા લાગ્યો."

વળી ઈરાનીઓને કેટલેક ઠેકાણે લડાઇઓ કર-વાને એક ઠીક ટાંકણું મળી આવ્યું હતું. એકતે આથન્સના લોકોએ પોતાના પાદશાહ હિપીઅસને દેશનિકાળ કીધો હતો, તેણે આવી સાર્દિસના હાકેમ આર્ત્તાફ્રનિસની મદદ માગી, તથા ઈજીયન સમુદ્ર માહેલા નોક્ષસના ટાપુના કેટલાક મોટા વર્ગના લોકોને પણ ત્યાંથી દેશનિકાળ કર્યાથી તેઓએ પોતાનાં દેશ ઉ-

પર હુમલો કરવાને માઈલીટસના હાકેમ આશ્ટાગોરાસની મદદ માગી. આશ્ટાગોરાસે પોતાની સાથે આર્તાક્રનિસની મદદ માગી. આર્તાક્રનિસે તેને માટે સૂસાથી દારયવુસનો હુકમ મંગાવ્યો. તે હુકમ મળ્યાથી તેણે એક મોટું લશ્કર તથા ૨૦૦) વાહાણોનો એક કાફલો મેગેબેતિસ નામના એક ઈરાનીની સરદારી હેઠલ આશ્ટાગોરાસની મદદે મોકલ્યો.

આશ્ટાગોરાસ આ કાફલો તથા લશ્કર લઈને ચીઆસનાં ટાપુ આગળ ગયો, પણ ત્યાં તેને મેગેબેતિસ સાથે કાંઈ કજીયો થવાથી છેવલાએ નોક્ષસના લોકોને આ હુમલા વિષે આગમનથી ચેતવણી આપી. આથી તેઓએ સઘળી તૈયારી કરી રાખી, અને ઈરાનીઓની સાંમે બહાદૂરીથી લડયા. આશ્ટાગોરાસને આથી નિષ્ફળ થઈ અયોન્યા તરફ નવું પડયું, અને ત્યાં જઈ તેણે લોકોને ઈરાનની સાંમે બળવો કરવાને ઉશ્કેરી પોતે તેઓનો હાકેમ થયો.

હવે આશ્ટાગોરાસ આથન્સ તથા ઈરીત્રિયાના લોકોથી મદદ મેળવી દારયવુસની સાંમે લડાઈ કરવાને પ્રથમ ઈફીસસ ગયો, અને ત્યાંથી સાર્ડિસ જઈ તે શેહેર બાળી નાખ્યું. પછી દારયવુસના ભાઈ આર્તાફ્રનિસે આવી તેની સાંમે લડાઈ કરી તેને હરાવ્યો. આથી તે નાસી ગયો, અને ફ્રેશ્યિા તથા સાઈપ્રસમાના યુનાનીઓને પોતાની તરફેણમાં લીધા. ઈ-

રાનીઓએ ફીનિશિયન લોકોની મદદ લીધી, અને તે-ઓ સાથે એક મોટી લડાઇ કરી તેમને હરાવ્યા, તથા આરિસ્તાગોરાસને મારી નાખ્યો.

આરિસ્તાગોરાસના માર્યા જવાથી તેના કાકા હિસ્તીઅસે અયોન્યાના લોકોને ઉસ્કેરી તેઓ પાસે એક બીજો બળવો કરાવ્યો. આથી પાછી તેઓ અને ઈરાનીઓ વચ્ચે લેડાના ટાપુ આગળ એક મોટી લડાઇ થઇ, જેમાં અયોન્યાના લોકો તદ્દન હાર્યા ગયા. પછી ઈરાનીઓએ ફીનિશિયનોની મદદથી માઈલીટસને ઘેરો ઘાલી તેનો નાશ કીધો. આથી જે જે યુના-ની ટાપુઓ તથા શેહેરો ઈરાનીઓની સાંમે બળવો ઉ-ઠાવવામાં સામેલ હતાં તે સઘળાં તેમને હસ્તક થયાં; અને હિસ્તીઅસને સાર્ડિસ લઇ જઇ ત્યાં તેને ફાંસી દેવડાવ્યો.

મારી પ્યારી દીકરી, આ પત્ર લાંબો થવાથી તે અ-ત્રેજ પુરો કરૂંછું, અને દારયવુસનાં રાજ્યની બાકીનો બિના આવતા પત્રમાં પુરી કરીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

દારયવુસ-વિસ્તારપ કયાં વર્ષમાં ઈરાનનાં તખ્ત ઉ-પર બેઠો હતો ?

યુનાનીઓ એને કયે નામે લખી ગયાછે ?

એના તખ્ત ઉપર આવ્યા પછી કયા લોકોએ, અને શા માટે હુલડ કર્યું હતું ?

દારયવુસે કેટલા મહિના લગણ તેઓનાં શેહેરને ઘેરો ઘાલ્યો હતો ?

પછી **બાબિલોનનું** રાજય એને હસ્તક કેમ થયું હતું ?

એણે પોતાનાં રાજ્યને કેટલા ભાગમાં વહેંચી નાખ્યું હતું ?

પછી **દારયવુસે સિથ્યા** ઉપર ચઢાઇ કરવાને કેટલાં માણસોની ફૌજ તથા કેટલાં વાહાણો એકઠાં કીધાં હતાં ?

પછી તે લશ્કર સહિત કઈ નદી ઓળંગી ગયો હતો ?

સિથ્યાના લોકોએ એને શું કીધું હતું ?

હવે **દારયવુસે મેગેબેઝસને** કયો દેશ જિતી લેવા મોકલ્યો હતો ?

તેણે તે જીત્યો હતો કે નહીં ?

પછી તેણે બીજો કયો મુલક જીત્યો હતો ?

હવે **દારયવુસે** કોણને **સાર્ડિસ**નો હાકેમ નેમ્યો હતો, તથા કોસ્તા આગળનાં લશ્કરનો કોણને સેનાપતિ ઠરાવ્યો હતો ?

આ નવા સરદારે કયાંનાં શેહરો શરણ કીધાં હતાં, અને કયાં ચાર શેહરો જિતી લીધાં હતાં, તથા કયા ઘાતકી લોકોને તાબે કીધા હતા ?

કયા દેશનિકાળ પાદશાહે **આર્ત્તાફ્રનિસ**ની મદદ માગી હતી ?

બીજા કયા લોકોએ **આઈલીટસના** હાકેમ **આરિસ્તાગોરાસ**ની મદદ માગી હતી ?

આરિસ્તાગોરાસે પોતાની સાથે કોણની મદદ માગી હતી ?

આર્ત્તાફ્રનિસે તે માટે કોણનો હુકમ મંગાવ્યો હતો ?

તે હુકમ મળ્યાથી તેણે શું કીધું હતું ?

આરિસ્તાગોરાસ આ કાફલો લઈ કયાં ગયો હતો ?
હવે મેગેબેતિસે શું કીધું હતું ?
આથી નોક્ષસના લોકોએ શું કીધું હતું ?

આરિસ્તાગોરાસે હવે કોણને બળવો કરવાને ઉસ્કેર્યા હતા ?

તે દારયવુસની સાંમે લડાઇ કરવાને પ્રથમ કયાં ગયો હતો ?

પછી તેણે કયું શેહેર બાળી નાખ્યું હતું ?
આથી કોણે લડાઇ કરી તેને હરાવ્યો હતો ?

આરિસ્તાગોરાસે પછી કયા લોકોને પોતાની તરફેણમાં લીધા હતા ?

ઇરાનીઓએ કોણની મદદથી તેમને લડાઈ કરી હરાવ્યા હતા ?

આરિસ્તાગોરાસનું તેમાં શું થયું હતું ?
આથી તેના કાકા હિસ્તીઅસે કોણને ઉસ્કેરી પાછો બળવો કરાવ્યો હતો ?

તેઓ અને ઇરાનીઓ વચ્ચે કયાં લડાઇ થઇ હતી, તથા તેમાં કોણ હાર્યું હતું ?

પછી ઇરાનીઓએ કયાં તથા કોણની મદદથી ઘેરો ઘાલ્યો હતો ?

આથી કયા ટાપુઓ ઇરાનીઓને હસ્તક થયા હતા ?
પછી હિસ્તીઅસને કયાં લઈ ગયા અને તેનું શું થયું ?

પત્ર ૧૬ મો.

મારી પ્યારી દીકરી,

ગયા પત્રમાં મેં તમને દારયવુસ-વિસ્તાસ્પનાં રાજ્યની બિના ઈરાનીઓએ ફીનિશિયનોની મદદથી માઈલીટસને ઘેરો ઘાલી તેનો નાશ કીધો, તથા હિસ્તીઅસને સાર્ડિસ લઈ જઈ ફાંસી દીધો, ત્યાં લગણ લખી હતી. હવે આ પત્રમાં હું દારયવુસનાં રાજ્યની બિના પુરી કરવા ધારૂંછું.

દારયવુસે હવે આથન્સ તથા ઈરીત્રિયાના લોકો ઉપર સાર્ડિસ બાળી નાખવાનું વેર લેવાની ઈચ્છા કીધી; અને તેટલા માટે તેણે પોતાના જમાઈ માર્દોનિઅસને એક મોટું લશ્કર આપી મોકલ્યો. માર્દોનિઅસે પ્રથમ અયોન્યામાં જઈ યુનાનનાં કેટલાંક શેહેરોના રાજાઓને પદભ્રષ્ટ કરી ત્યાં પ્રજાસત્તાક રાજ્ય ચલાવવાની તથા ઈરાનના પાદશાહને ચોથાઈ આપવાની તેઓ સાથે ગોઠવણ કીધી. પછી તેણે હેલેસ્પાન્ત જઈ લશ્કરની સાથે ઍસ્સને માર્ગે યુરોપ તરફ કુચ કરવાનું શરૂ કીધું. રસ્તામાં તેણે થેસસ્સનો ટાપુ જિતી લીધો. ત્યાર બાદ તેણે પોતાનાં દરિયાઈ લશ્કરને ઍથોસના પાહાડ આગળનો ભૂશલાકા ઓળંગી થરમાના અખાત ભણી મોકલ્યું, પણ માઠાં ભાગ્યે કરીને આ ભૂશલાકા ઓળંગતી વેળાએ એક મોટું તોફાન થઈ આવ્યું, કે જેથી આ

કાફલાનો મોટો નાશ થયો. વળી તેનાં ખુશકી પરનાં લશ્કર ઉપર પણ રાતની વેળાએ **થ્રાઈજીસ** નામના થ્રેસના એક ટોળાએ હુમલો કીધો કે જેમાં **માર્દોનિ-અસ** ઘાયલ થયો હતો. આથી એણે આગળ વધવું બંધ કીધું, અને બાકીનાં લશ્કરને પાછું **ઈશન** મોકલી દીધું.

આવી રીતે લશ્કરનાં પાછાં ફરવાથી દારયવુસને ઘણી નાસિપાસી ઉપજી હતી. તેણે **યુનાન**નાં જે શેહેરો હજુ **ઈશન**ને શરણ નહીં થયાં હતાં તેમને તાબે કરવા, તથા **આથન્સ** અને **ઈશીત્રિયા** જીતવાને માટે બે વર્ષ લગણ મેહેનત કરી **સીલીશિયા**ના મેદાનમાં એક મોટું લશ્કર એકઠું કીધું, અને ૬૦૦ વાહાણો ભરી તેને **સેમોસ**ના ટાપુ તરફ મોકલ્યું.

આ લશ્કરે **સેમોસ**થી **યુબિયા** તરફ જતાં માર્ગમાં **નોક્ષસ, દિલાસ,** ઈત્યાદિ કેટલાક ટાપુઓ શરણ કીધા હતા. **યુબિયા** તરફ જઈ પહોંચ્યા પછી તેણે **ઈશીત્રિયા** ઉપર ઘેરો નાખ્યો હતો. ત્યાંના લોકો કેટલાક દિવસ લગણ સામે થયા હતા, પણ પછી **ઈશનીઓ**એ તેમને કેદ કીધા હતા, અને તેમનું શેહેર લૂટી ત્યાંનાં કેટલાંક દેહેરાં બાળી નાખ્યાં.

પછી તેઓ **આથન્સ** જીતવા **એટીકા** તરફ ગયા, અને ત્યાં જઈ **આથન્સ**ની ઉત્તરે ત્રીસ **મૈલ** દૂર **મા-રાથાન**ના મેદાનમાં છાવણી કીધી. **આથન્સ**નાં લ-

શકરની સરદારી **મીલટાઅ્ઐદિસ** નામના એક સરદારના હાથમાં હતી, અને તેની સારી ગોઠવણોથી તે લશ્કરે ઈરાની લશ્કર કરતાં પોતાની થોડી સંખ્યા હોવા છતાં પણ બહાદૂરીથી લડાઇ કીધી, અને તેમાં ઈરાનીઓની હાર થઇ. આ લડાઈને **મારાથાન**ની લડાઇ કરી કે હેછે, અને તે ઈ૦ સ૦ પૂ૦ ૪૯૦) માં થઈ હતી.

હવે જ્યારે **દારયવુસને** ઈરાનીઓની આ હારની ખબર થઈ, ત્યારે તેને પોતે જાતે **આથન્સ** અને આખા **યુનાન** ઉપર લડાઇ લઈ જવાનો ઠરાવ કર્યો. આ કારણસર તેણે પોતાના આખા દેશમાંથી ઘોડેસ્વાર, પાયદળ, તથા દરિયાઈ લશ્કર એકઠું કરવાનો હુકમ કીધો. આ લશ્કર એકઠું કરતાં લગભગ ત્રણ વર્ષ થવા આવ્યાં. તેટલામાં ઈ૦ સ૦ પૂ૦ ૪૮૭) માં **મિસર** દેશના લોકોએ એક બળવો ઉઠાવ્યો, કે જે બેસાડી દેવા તથા આખો **યુનાન** દેશ જીતવા જવાની તે તૈયારીમાં હતો, તેવામાં ઈ૦ સ૦ પૂ૦ ૪૮૫) માં એ પોતાની ૬૩) વર્ષની ઉમરે મરણ પામ્યો. એણે ૩૭) વર્ષ રાજ્ય કર્યું હતું.

એ પાદશાહે આપણે આગળ જોયું તેમ **ઈશાન**નાં રાજ્યમાં મોટો સુધારો કર્યો હતો, તથા ઈરાનનો ચોતરફ રોબ બેસાડયો હતો. એ પોતે મોટાં મનનો, સારી ખાસીયતનો, તથા દયાળુ પાદશાહ હતો. એના વખતના કેટલાક લેખો આપણને પાહાડો ઉપરથી મળી આવ્યાછે. તેમાં એ પોતાનું તથા પોતાનાં રાજ્યનું વ-

ર્ણન એક ઇતિહાસ કર્તા તરીકે આપણી સાંમે મેલેછે, અને શોકર ખોદતાલાના કે આ લેખો હજારો હાદેસાઓમાંથી આજ લગણ બંચી રહ્યાછે. દારયવુસ પાદશાહની પછી તેનો દીકરો ખશયારસા કે જેને યુનાનીઓ જરક્ષીસ કરી લખી ગયાછે તે ઈરાનનાં તખ્ત ઉપર બેઠો હતો. તેનાં રાજ્યનું વર્ણન આવતા પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

હવે દારયવુસે કયાં શેહરોના લોકો ઉપર સાર્ડિસ બાળી નાખવાનું વેર લેવાની ઇચ્છા કીધી હતી?

આ માટે તેણે કોણને લસ્કર આપી મોકલ્યો હતો?

માર્દોનિઅસે અયોન્યામાં જઈ શું કીધું હતું?

પછી તેણે કયાં કુચ કરવાનું શરૂ કીધું હતું?

રસ્તામાં એણે કયો ટાપુ જિતી લીધો હતો?

ત્યારબાદ એણે પોતાનાં દરિયાઇ લસ્કરને કયાં મોકલ્યું હતું?

તેનું પરિણામ શું નિપજ્યું હતું?

તેનાં ફ્રુશકીપરનાં લસ્કર ઉપર કયા ટોળાએ હુમલો કીધો હતો?

આથી એણે બાકીનું લસ્કર કયાં મોકલી દીધું હતું?

દારયવુસે હવે કયાં અને શા માટે એક મોટું લસ્કર એકઠું કર્યું હતું?

આ લસ્કર કેટલાં વાહાણો ભરી, તથા કયા ટાપુ તરફ ગયું હતું?

સેમોસથી પછી તે કયાં ગયું હતું?
માર્ગમાં તેણે કયા ટાપુઓ તાબે કીધા હતા?
ચુબ્રિયા તરફ ગયા પછી તેણે કયાં ઘેરો નાખ્યો હતો?
પછી ઈરીત્રિયાના લોકોને શું કીધું હતું?
તેઓ પછી કયું શેહેર જીતવા ગયા, અને કયાં છાવણી કીધી?
આથન્સનાં લશ્કરની સરદારી કોણના હાથમાં હતી?
આ લડાઈમાં કોણ હાર્યા હતા?
એ લડાઈ કયાં વર્ષમાં થઈ હતી, તથા તેને કયાંની લડાઈ કરી કેહેછે?
હવે દારયવુસને આ હારની ખબર પડવાથી તેણે શું ઠરાવ કર્યો હતો?
આ કારણસર તેણે શું હુકમ કીધો હતો?
આ લશ્કર એકઠું કરતાં કેટલાં વર્ષ થવા આવ્યાં હતાં?
તેવામાં કયા દેશના લોકોએ બળવો ઉઠાવ્યો હતો?
કયાં વર્ષમાં?
તે એને બેસાડી દીધો હતો કે નહીં?
એ કયાં વર્ષમાં મરણ પામ્યો હતો, તથા કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું?
દારયવુસ પાદશાહ કેવી બ્યાસીયતનો હતો?
એની પછી ઈશાનનાં તખ્ત ઉપર કોણ બેઠું હતું?

પત્ર ૧૭ મો.

મારી પ્યારી દીકરી,

તમોએ મારા ગયા પત્ર ઉપરથી જાણ્યું હશે કે દારયવુસ-વિસ્તાસ્પની પછી તેનો દીકરો ખશયારસ્સ

જેને યુનાનીઓ જરક્ષીસ કરી લખી ગયાછે તે ઈશ્રાનનાં તખ્ત ઉપર ઈ. સ. પૂ. ૪૮૫ માં બેઠો હતો. એ તખ્ત ઉપર આવ્યો ત્યારે એના બાપ દારયવુસે જે મોટું લશકર એકઠું કીધું હતું તે તૈયાર હોવાથી એણે પેહેલવેહેલાં તે લઈ મિસર દેશના લોકો, કે જેઓએ દારયવુસ પાદશાહના વખતમાં બળવો ઉઠાવ્યો હતો, તેમને ઈશાનને તાબે કીધા, તથા તેઓ ઉપર પોતાના હુખામનિસ નામના ભાઈને હાકેમ નેમ્યો.

હવે અશયારસાએ યુનાન ઉપર ચઢાઈ કરવાને એક મોટું લશકર એકઠું કરવા પોતાનાં રાજ્ય માહેલા સઘળા હાકેમો પર હુકમ મોકલ્યો. આ સઘળું લશકર ઈ. સ. પૂ. ૪૮૧ ના ચોમાસામાં સાર્ડિસ તરફ એકઠું થયું, અને અશયારસા પોતે પણ ત્યાં આવી લશકરની સાથે મળી ગયો. ત્યાંથી પછી તે હેલેસ્પાન્ત ગયો, અને ત્યાંની સામુદ્રધુની પર એક મછવાનો તરાપો બંધાવ્યો, કે જેથી તેના લશ્કરને એશિઆમાંથી યુરોપમાં જવાને સેહેલથી બની શકે. આ તરાપો એક જબરદસ્ત તોફાન થઈ આવ્યાથી ભાગી ગયો, જેથી તેણે વધારે હુશિયાર કારીગરો પાસે બીજા બે મોટા તરાપા બંધાવ્યા.

ત્યારબાદ અશયારસાનું લશ્કર મોટા દમામ સાથે તે તરાપા ઉપરથી હેલેસ્પાન્તની સામુદ્રધુની પસાર કરી દોરીસકસના કોસ્તા ભણી ગયું, અને ત્યાંનાં મે-

દાનમાં છાવણી કીધી. આ ઠેકાણે તેનાં લશ્કરની ગ-
ણત્રિ કીધી હતી, અને તેમાં નામીચા યુનાની ઈતિહાસ
કર્ત્તા હીરાદોતસના જણાવ્યા મુજબ "૪૬) કોમના લો-
કો હતા, તથા બધાં મળી ૧૭૦૦૭૦૦) પાયદળ,
૮૦૦૦૦) ઘોડેસ્વારો, અને તે ઉપરાંત કેટલીક લિબિયા-
થી આવેલી રથો, આરબસ્થાનથી આવેલાં ઉંટો, તથા
તેઓની સાથેનાં નજદીક ૨૦૦૦૦) માણસો હતાં. તેમજ
તેનો દરિયાઈ કાફલો પણ ઘણો મોટો હતો, તેમાં ૧૨૦૭
લડાઈનાં મોટાં વાહાણો, તથા ૩૦૦૦) નહાનાં વાહાણો
હતાં."

આ ગણત્રિ લીધાબાદ અશ્યારસાએ દોરીસક-
સથી પશ્ચિમ તરફ કુચ કરવાનું શરૂ કીધું, અને તેનું
લશ્કર ત્રણ ભાગોમાં વહેંચાઈ ગયું; તથા જ્યાંથી તેઓ
પસાર થતા ત્યાંનાં યુનાની સંસ્થાનોને તાબે કરતા ગયા.
પછી તેઓએ આકાન્થસ શેહેરમાં આવી ત્યાં છાવણી
કીધી.

હવે યુનાનીઓએ પણ તેઓની સાંમે લડવાને તૈ-
યારી કરવા માડી. તેઓએ પોતાનાં કેટલાંક સંસથા-
નોમાંથી મદદ ચાહી, લેકોન તે તેઓને મળી શકી ન-
હીં; પણ થેસ્પી, પ્લેટી, આથન્સ, અને સ્પાર્ટાના લોકો-
એ પોતાનાં દેશોને ઈરાનીઓથી સ્વતંત્ર રાખવા માટે બહા-
દૂરીથી લડવાનો ઈચ્છાતો માર્યા જવાનો ઠરાવ કીધો;
અને એક મોટું લશ્કર એકઠું કરી તેની સરદારી થે-

મિસ્તાકલીસ નામના એક સરદારને આપી. તેઓએ ઈરાની લશ્કરને થર્મોપોલી આગળ મળવાનો ઠરાવ કર્યો. થર્મોપોલીનો રસ્તો થેસેલી અને ફોસિસની વચ્ચે આવેલોછે, તે સીદ્ધો અને એક સાંકડી ગલીના જેવોછે, તથા ત્યાં આગળ જો થોડાંક માણસોનું લશ્કર ઉભું રાખ્યું હોય તો સેહેલથી પોતાનો બંચાવ કરી શકે; અને ઈરાની લશ્કરને આહે દાખલ થતાં અટકાવે. આ જગોએ યુનાનીઓએ પોતાનું કેટલું કે લશ્કર રાખ્યું, અને તેની સરદારી સ્પાર્ટાના એક પાદશાહ લ્યોનીદાસને આપી.

હવે ખશયારસા પણ ગ્રેસ, માસ્સિડન, અને થેસ્સેલી પસાર કરી થર્મોપોલી આગળ આવી પહોંચ્યો. તેણે ત્યાં આવીને જોયું તો લ્યોનિદાસ એક નહાનું લશ્કર લઈ બહાદૂરોથી ઉભેલો હતો. ખશયારસાએ ધાર્યું કે તેને જોઈ તેઓ નાસી જશે, માટે ચાર દાહાડા લગણ તે થોભ્યો, પણ તેઓતો બહાદૂરીથી ત્યાં ઉભાજ રહ્યા. આથી તેણે લ્યોનીદાસને મોટી લાંચો આપવાની યુક્તિ કીધી જ તેણે તુચ્છકારી કાઢી. આ ઉપરથી ખશયારસાએ તેને હથિયારો સમેત શરણ થવાને ફરમાવ્યું. લ્યોનિદાસે ટુકમાંજ તેનો આ બે શબ્દોમાં જવાબ લખ્યો કે "આવો અને લ્યો". આથી ખશયારસાએ લડાઈ શરૂ કરવાનો હુકમ કીધો, પણ થર્મોપોલીનો રસ્તો નહાનો હોવાથી તેનાં ઘણું માણસો ત્યાં

નઈ શકયાં નહીં, અને જે થોડાં જતાં તેમને લ્યોનિદા-સનું લશ્કર મારી નાખ્યું.

આથી અશયારસ્સા ઘભરાટમાં પડયો, પણ એ-ફીઆલટિસ નામના ત્યાંના એક રહેવાસીએ આવી તને એક બીજો રસ્તો દેખાડયો કે જ્યાંથી લ્યોનિદા-સનાં લશ્કરને ઘેરી શકાય. અશયારસ્સાએ તુરત હૈ-દારનિસ નામના પોતાના એક સરદારને એક લશ્કરની ટુકડી આપી ત્યાં મોકલ્યો.

હવે લ્યોનિદાસે જોયું કે દુશ્મનની સાંમે થવું અશકયછે, તેથી પોતાનાં લશ્કરને છુટું મુકી ફકત ૩૦૦ સ્પાર્ટન સિપાહોની સાથે ત્યાં ઉભો રહ્યો. પછી તેણે ઈરાની લશ્કર સાથે ઘણા જુસ્સાથી એક લડાઇ કીધી, જેમાં તે પોતે તથા તેનું સઘળું લશ્કર માર્યું ગયું. આ લડાઇને થર્મોપોલીની લડાઇ કરી કેહેછે, અને તે ઇ૦ સ૦ પૂ૦ ૪૮૦) માં થઇ હતી.

મારી પ્યારી દીકરી આ પત્ર પણ લંબાણ થવાથી અશયારસ્સાનાં રાજ્યની બાકીની બિના આવતા પત્રમાં તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

અશયારસાએ તખ્ત ઉપર આવ્યા પછી કયા દેશના લોકોને તાબે કીધા હતા, તથા તેઓપર કોણને હાકેમ નેમ્યો હતો?

એણે કયાં ચઢાઇ કરવા માટે એક મોટું લશ્કર એકઠું કરવાનો હુકમ કીધો હતો?

આ સઘળું લશ્કર કયાં વર્ષમાં અને કઇ જગાએ એકઠું થયું હતું?

સાન્ડ્રિસથી અશયારસા કયાં ગયો હતો?

તેણે કયાં અને શા માટે મછવાનો તરાપો બંધાવ્યો હતો?

આ તરાપાનો શાથી નાશ થયો હતો?

આથી તેણે બીજા કેટલા તરાપા બંધાવ્યા હતા?

આ તરાપા ઉપરથી તેનું લશ્કર કયાં ગયું, અને કયાં છાવણી કીધી?

આ ઠેકાણે તેણે શું કીધું હતું?

તેમાં **હીરાદોતસ**ના જણાવ્યા મુજબ કેટલી કોમના લોકો, તથા કેટલી પાયદળ અને ઘોડેસ્વાર હતા?

આ ગણત્રિ લીધાબાદ **અશયારસા**એ કયાં કુચ કરવાનું શરૂ કીધું હતું, અને તેનું લશ્કર કેટલા ભાગોમાં વહેંચાઈ ગયું હતું?

પછી તેઓએ કયાં છાવણી કીધી હતી?

હવે યુનાનીઓએ તેઓની સાંમે લડવાને કોણની મદદ માગી હતી?

કયાં શેહેરના લોકોએ ઈરાનીઓની સાંમે બહાદૂરીથી લડવાનો ઠરાવ કીધો હતો?

તેઓએ પોતાનાં સઘળાં લશ્કરની સરદારી કોણને આપી હતી?

ઈરાની લશ્કરને કયાં મળવાનો તેઓએ ઠરાવ કર્યો હતો?

થર્મોપોલી ક્યાંછે, અને તેનો રસ્તો કેવોછે?

આ જગોએ યુનાનીઓએ પોતાનાં લશ્કરની સરદારી કોણને આપી હતી?

હવે **અશયારસ્સા** કયા મુલકો પસાર કરી **થર્મોપોલી** આગળ આવી પુગ્યો હતો?

લ્યોનિદાસને ત્યાં ઉભેલો જોઈ તેણે શું ધાર્યું?

તેનું ધારેલું બરૂં પડ્યું કે ઓછું?

અશયારસ્સાએ આથી શું કીધું?

લ્યોનિદાસે તે કબુલ કીધું કે નહી?

આથી **અશયારસ્સા**એ તેને શું ફરમાવ્યું?

લ્યોનિદાસે તેનો શું જવાબ વાળ્યો?

પછી **અશયારસ્સા**નાં લશ્કરનું શું થયું?

તેને કોણે બીજો રસ્તો દેખાડયો?

અશયારસ્સાએ ત્યાં કોણની સાથે લશ્કરની એક ટુકડી મોકલી?

હવે **લ્યોનિદાસે** આથી શું કીધું?

તેઓ વચ્ચે કેવી રીતે લડાઈ ચાલી, તથા તેમાં કોણ માર્યા ગયા?

આ લડાઇને કયાંની લડાઇ કરી કેહેછે, તથા તે કયાં વર્ષમાં થઈ હતી?

પત્ર ૧૮ મો.

મારી બ્યારી દીકરી,

ગયા પત્રમાં તમોએ **અશયારસ્સા**નાં રાજયની બિના **થર્મોપોલી**ની લડાઇની આખરી સુધીની જાણી.

હવે જે દાહાડે આ થર્મોપોલીની લડાઇ થઇ તેજ દિવસે યુબિયાના ઉત્તર કોસ્તા તરફ આર્ત્તેમિશિયમના ભૂશલાકા આગળ યુનાની અને ઇરાનીઓ વચ્ચે એક બીજી દરિયાઇ લડાઇ થઇ. આ લડાઇમાં બંન્ને બાજુ એકસરખો ઉતરી હતી.

હવે **ઝશયારસ્સા ફોસ્સિસમાં** ગયો, અને તેણે ત્યાંનાં કેટલાંક શેહેરોને લૂટયાં તથા બાળી નાખ્યાં. પછી તે **આથન્સમાં** ગયો; ત્યાંના ઘણાક લોકો આગમનથી પોતાનું શેહેર છોડી ગયા હતા, તથા થોડાકો કિલ્લામાં ભરાઇ બેઠા, કે જયાંથી તેઓએ છેક અંતની ઘડી લગણ પોતાનો બંચાવ કીધો; પણ **ઝશયારસ્સા**એ તે કિલ્લાનો તથા શેહેરનો નાશ કરી ખાક બરાબર કરી નાખ્યું.

પછી **ઝશયારસ્સાને સેલેમિસમાં** યુનાનીઓ સાથે એક લડાઇ થઇ હતી. આ લડાઇ દરિયામાં થઇ હતી, અને તેમાં યુનાનીઓની સરદારી **થેમિસ્તાકલીસે** લીધી હતી, તથા ઇરાનીઓપર **ઝશયારસ્સા** પોતે સરદારી કરતો હતો. બંન્ને બાજુના લોકો ઘણી બહાદૂરી થી લડયા, પણ પવન સાંમેનો હોવાથી ઇરાનીઓને ઘણું નુકસાન થયું. એકતો તેઓનાં વાહાણો બુલંદ તેથી ઘણી મુશ્કેલિઅતે ફરી શકતાં, અને બીજું વાહાણોની સંખ્યા મોટી હોવાથી તેમાં ગુંચવારો પડી ગયો. આ જોઇ યુનાનીઓએ તેઓ ઉપર એકદમ હુલ્લો કરવા

માડયેા, અને તેઓનાં કેટલાંક વાહાણેા જિતી લીધાં. આ લડાઇ ઈ. સ. પૂ. ૪૮૦) માં થઇ હતી, અને તેને સેલેમિસની લડાઇ કરી કેહેછે.

હવે આ હારથી અશયાશ્સા ૩૦૦૦૦૦) માણસેાનું એક લશ્કર પેાતાના બનેવી માર્દોનિઅસને સેાંપી પેાતે બાકીનાં થેાડાંક માણસેા સાથે હેલેસ્પાન્ત તરફ કુચ કરી ગયેા; તેણે પેાતાના બંચાવને માટે આ લશ્કરને પેાતાની પાછળ રાખ્યું હતું, અને પેાતે એક નહાના રસાલા સાથે આગળ ચાલતેા હતેા. જ્યારે તે હેલેસ્પાન્તની સામુદ્રધુની આગળ આવી પહેાંચ્યેા, ત્યારે ત્યાં તેણે પેાતાના બંધાવેલા મછવાના તરાપાઓ તેાફાન તથા દરિયાના મેાજાઓથી ભાગી ગયલા દીઠા, તેથી તે એક નહાના મછવામાં બેસી સામુદ્રધુની ઓળંગી ગયેા.

મારી પ્યારી દીકરી અશયાશ્સાનેા ઉપલેા અહેવાલ આપણને આ દુનિયામાંની સધળી ચીજેની તથા માણસ જાતની મેાટાઇની નાપાએદારીનેા એક દાખલેા આપેછે. જે પાદશાહનું લશ્કર તથા કાફલાઓ થેાડુંક આગમન જમીન તથા દરિયામાં પણ સમાતા નહીં હતા, તથા જે થેાડીક મુદત આગમન આ સામુદ્રધુની મેાટા દમામથી ઓળંગી ગયેા હતેા, તે હમણા છાનેામાનેા એક નહાના મછવામાં તેજ જગાપરથી પસાર થાયેા.

હવે માર્દોનિઅસે પેાતાનાં લશ્કર સાથે થેસેલીમાં શિયાળેા ગુજર્યેા, અને પછી ઈ. સ. પૂ. ૪૭૯) ની વ-

સંત ઋતુમાં બીઓશિયા તરફ ગયો. ત્યાં જઈ તેણે માસિડનના શાહજાદા અલેકઝાનદરને કેટલાક ઈરાની ઉમરાવો સાથે આથન્સમાં સુલેહનો પેગામ આપી મોકલ્યો. આથન્સના વડા એરીસ્ટૈડિસે સુરજ તરફ આંગળી બતાવી તેઓને કહ્યું કે "જ્યાં લગણ આ સુરજ પોતાનો પ્રકાશ આપેછે ત્યાં લગણ આથીનિયન લોકો ઈરાનીઓના કદ્દા શત્રુ રેહેશે, અને તેઓનું શેહેર લૂટવાનું, તથા તેઓનાં ઘરો અને દેહરાંઓ બાળી નાખવાનું વેર લીધા વિના રેહેશે નહીં." આ જવાબથી માર્દોનિઅસે જોયું કે આથન્સના લોકો સલાહ કરવાને રાજી નથી તેથી તે લશ્કર સુધાં એટીકા ગયો, અને પછી ઓસોપસ નદીના કાંઠા આગળ છાવણી કીધી.

હવે આથન્સના લોકો પણ તેની સાંમે લડવાને સ્પાર્ટાના લોકોની મદદ લઈ ઉપલી જગાએ લશ્કર લઇ ગયા. આ લશ્કરની સરદારી સ્પાર્ટાના એક શાહજાદા પોસેનિઅસે તથા આથન્સના વડા એરીસ્ટૈડિસે લીધી હતી. પેહેલાં આ જગાએ તેમનાં ઘોડેસ્વાર લશ્કરો વચ્ચે એક નહાની લડાઇ થઈ જેમાં ઈરાનીઓ હાર્યા ગયા. પછી બંને લશ્કરો વચ્ચે પ્લેટીના મેદાનમાં એક મોટી લડાઇ થઈ. આ લડાઈમાં ઈરાની લશ્કર હાર્યું, અને માર્દોનિઅસ પણ માર્યો ગયો. એ લડાઇ ઈ. સ. પૂ. ૪૭૯ માં થઇ હતી, અને તેને પ્લેટીની લડાઇ કરી કેહેછે.

ને દિવસે ઉપલી પ્લેટીની લડાઇ થઇ તેજ દિવસની સાંજના એશિઆમૈનરમાં મિકલીના કિનારા આગળ યુનાની તથા ઈરાની કાફલાઓ વચ્ચે બીજી એક દરિયાઈ લડાઇ થઈ હતી. આ લડાઈમાં પણ ઈરાનીઓ હાર્યા હતા, તથા યુનાનીઓએ તેમનાં કેટલાંક વાહાણો બાળી નાખ્યાં હતાં.

આ બે મોટી હારોની ખબર અશયારશ્શાને પડયાથી તે ઘણો ગમગીન થયો, અને એશિઆ આહેલાં યુનાનીઓનાં સઘળાં દેહરાંઓનો નાશ કરવાનો તેણે હુકમ કીધો, તથા પોતાનાં કુટુંબ ઉપર પણ ઘાતકીપણું ગુજારવા લાગ્યો. આથી આર્તાબેનસ નામના એક સરદારે એને ઇ. સ. પૂ. ૪૬૪) માં કેટલાકોના ઉસ્કેરવાથી મારી નાખ્યો. એણે ૨૦ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું. એ પાદશાહ મગરૂબ, લોભી, તથા ઘાતકી હતો; અને કોઇની સારી સલાહ પ્રમાણે ચાલવાને ખોટું સમજતો હતો. એની પછી એનો દીકરો અર્દેશીર દરાજ્હસ્ત ઈશનનાં તખ્ત ઉપર આવ્યો હતો. તેનાં રાજ્યની હકીકત આવતા પત્રમાં તમારો ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

હવે ને દિવસે થર્મોપોલીની લડાઇ થઇ તેજ દિવસે બીજી એક લડાઇ કયાં થઇ હતી ?

આ લડાઇનું શું પરિણામ નિપજ્યું હતું ?

હવે **અશ્યારસ્સા** ક્યાં ગયો, અને ત્યાં તેણે શું કીધું ?

પછી તે ક્યાં ગયો ?

આથન્સના લોકોએ આગમજથી શું કીધું હતું ?

અશ્યારસ્સાએ પછી **આથન્સ**નો કેવો હાલ કીધો હતો ?

ત્યારબાદ તેને યુનાનીઓ સાથે બીજી લડાઇ ક્યાં થઇ હતી ?

આ લડાઇમાં યુનાનીઓની તથા ઈરાનીઓની સરદારી કોણે લીધી હતી ?

તેમાં કોણ અને શાથી હાર્યા હતા ?

આ લડાઇ કયાં વર્ષમાં થઈ હતી, તથા તેને કયાંની લડાઇ કરી કેહેછે ?

હવે **અશ્યારસ્સા** પોતે ક્યાં ગયો હતો ?

તેણે **માર્દોનિઅસ્સ**ને કેટલું લસ્કર સોંપ્યું હતું ?

તે **હેલેસ્પાન્ત**ની સામુદ્રધુની શામાં બેસી ઓળંગી ગયો હતો ?

હવે **માર્દોનિઅસ્સે** પોતાનાં લસ્કર સાથે ક્યાં શિયાળો ગુજાર્યો હતો ?

તે કયાં વર્ષમાં **બીઓશિયા** તરફ ગયો હતો ?

ત્યાંથી તેણે કોણની સાથે **આથન્સ**માં સુલેહનો પેગામ મોકલ્યો હતો ?

આથન્સના લોકોએ શું જવાબ કેહેવડાવ્યો હતો ?

માર્દોનિઅસ્સ આથી ક્યાં ગયો, અને પછી ક્યાં છાવણી કીધી ?

હવે **આથન્સ**ના લોકો તેની સામે કોણની મદદ લઇ લડવા આવ્યા હતા ?

આ લસ્કરની સરદારી કોણે લીધી હતી ?

આ જગાએ પેહેલાં કોણની વચ્ચે લડાઇ થઇ હતી, અને તેમાં કોણ હાર્યા હતા ?

પછી બંને લશ્કરો વચ્ચે કયાં મેદાનમાં લડાઇ થઇ હતી ?

આ લડાઇમાં કોણની હાર થઈ હતી, તથા કયો સરદાર માર્યો ગયો હતો ?

એ લડાઇ કયાં વર્ષમાં થઈ હતી, અને તેને કયાંની લડાઇ કરી કેહેછે ?

એજ દિવસની સાંજના ઈરાની અને યુનાની કાફલાઓ વચ્ચે બીજી મોટી લડાઇ કયાં થઇ હતી ?

તેમાં કોણ હાર્યો હતા ?

આ હારેા થવાથી અશ્શાશ્સાએ શું હુકમ કીધેા હતેા?
એણે પેાતાનાં કુટુંબ સાથે કેવી ચાલ ચલાવી હતી ?
એને કેાણે તથા કયાં વર્ષમાં મારી નાખ્યેા હતેા ?
એણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?
એની ચાલચલણ કેવી હતી ?
એની પછી ઈશાનનાં તખ્ત ઉપર કેાણ આવ્યેા હતેા ?

પત્ર ૧૯ મેા.

મારી પ્યારી દીકરી,

તમારી તરફથી જે પત્રો મને મળેછે, તે વાંચ્યાથી હું ઘણેા ખુશી થાઉછું, કે જે તવારિખ તમારી ઉપર હું લખી મેાકલુંછું તેનેા અભ્યાસ કરવાને તમે ઘણી કાળજી રાખેાછેા, અને તેથી મને તમારી ઉપર આગળ વધારે લખવાને ઉલટ છુટેછે. મેં તમને મારા છેલ્લા

પત્રમાં લખ્યું હતું કે અશાયારસાની પછી તેનો દીકરો **અર્દેશીર**-દરાઝદસ્ત ઈરાનનાં તખ્ત ઉપર ઈ૦ સ૦ પૂ૦ ૪૬૪) માં બેઠો હતો. દરાઝદસ્તનો અર્થ લાંબા હાથ વાલો કરી થાયછે. યુનાનીઓ એને **આર્તાઝરક્ષીસ**-**લાંજીમેનસ** કરી લખી ગયાછે, કે જેનો અર્થ પણ ઉપલોજ થાયછે, કેમકે એનો જમણો હાથ ડાબા હાથ કરતાં જરા વધારે લાંબો હતો.

તખ્ત ઉપર આવ્યા પછી એણે પોતાના બાપનું ખુન કરનાર સરદાર **આર્તાબેનસ**ને મારી નખાવ્યો હતો. ત્યારબાદ એનો વહો ભાઈ **વિસ્તાસ્પ** અથવા **હિસ્તાસ્પિસ** કે જે બાખત્રિયાનો હાકેમ હતો, તેણે ત્યાં એક હુલડ ઉઠાવ્યું. **અર્દેશીરે** તેની સાથે એક લડાઈ કીધી, પણ તેમાં બંને લશ્કરો એકસરખાં ઉતરયાં. આથી બીજીવાર **અર્દેશીરે** એક મોટું લશ્કર લઈ તેની સાથે એક સખ્ત લડાઈ કીધી, અને તેમાં **વિસ્તાસ્પ** તથા તેનાં લશ્કરને તદ્દન હરાવ્યું.

પછી **અર્દેશીરે** પોતાના તાબા માહેલાં સઘળાં શેહેરોના હાકેમોને બદલી નાખ્યા, અને રાજ્યમાં જે બિગાડો થયો હતો તે આસ્તે આસ્તે સુધારી નાખ્યો. ત્યારબાદ **મિસર** દેશના લોકોએ ઈરાનીઓના તાબામાંથી નિકળી જવાને એક હુલડ ઉઠાવ્યું, અને લિબિયાના શાહજાદા **ઈનારસ**ને પોતાનો પાદશાહ નેમ્યો, તથા **આથન્સ**ના લોકોથી મદદ મેળવી. **અર્દેશીરે**

તેઓની સાંમે થવા ૩૦૦૦૦૦) માણસોનું એક લશ્કર પોતાના ભાઈ હુખ્આમનિસની સરદારી હેઠલ મોકલ્યું. તેણે મિસર દેશમાં જઈ નાઈલ નદીના કિનારા આગળ છાવણી કીધી. પછી તેઓ વચ્ચે એક લડાઈ થઈ, જેમાં હુખ્આમનિસ પોતે તથા તેનું કેટલુંક લશ્કર માર્યું ગયું.

અર્દશીરને જ્યારે આ હારની ખબર પડી, ત્યારે તેણે બીજું એક મોટું લશ્કર મેગેબેઝસ અને આર્તાબેઝસ નામના સરદારોની સાથે મિસર તરફ મોકલ્યું, આર્તાબેઝસે દરિયાઈ ફોજની સરદારી લીધી, અને નાઈલ તરફ હંકારી ગયો; તથા મેગેબેઝસે ખુશકીનાં લશ્કરની સરદારી લીધી; અને મેમફીસ તરફ કુચ કરી ગયો. ત્યાં જઈ તેણે ઘેરો ઘાલ્યો, અને પછી ઈનારસ સાથે લડી તેને હરાવ્યો. આથી મિસર દેશ પાછો ઈરાનના તાબામાં આવ્યો.

પછી વળી આથન્સના લોકોએ સાઈમન નામના એક સરદારને ૨૦૦) વાહાણોનો કાફલો આપી સાઈપ્રસ તરફ ઈરાનીઓની સાથે લડાઈ કરવાને મોકલ્યો. અહીંઆં ઈરાની સરદાર આર્તાબેઝસ પોતાનાં ૩૦૦) વાહાણો સાથે સાઈમનની સાંમે થયો, પણ સાઈમને તેને હરાવ્યો અને તેનાં ૧૦૦) વાહાણો પકડયાં.

હવે અર્દશીરે જોયું કે આ લડાઈઓથી તેને વારેઘડીએ આટલું બધું નુકસાન થાયછે, તેથી પોતાના

દરબારીઓની મસલત લઈ ઈ૦ સ૦ પૂ૦ ૪૪૯) માં આથન્સના લોકો સાથે સુલેહના કોલકરારો કીધા. એ રીતે આપણે જોયું કે આથન્સના લોકોએ સાર્ડિસ બાળી નાખ્યા પછીની આ લડાઈ કે જેમાં સંખ્યાબંધ યુનાનીઓ તથા ઈરાનીઓ માર્યા ગયા હતા, તે લડાઈનો ૫૧) વર્ષે અંત આવ્યો.

પછી અર્દશીરે પોતાના બાકીના દિવસો સલાહ સંપજમાં ગુજાર્યા, અને ૪૦) વર્ષ લગણ રાજ્ય કરી ઈ૦ સ૦ પૂ૦ ૪૨૪) માં મરણ પામ્યો. એ પાદશાહ દયાળુ તથા ભોળાં દીલનો હતો, અને પોતાના દુશ્મનનું પણ સારૂં ચાહાતો હતો. લડાઈમાં ફતેહની ઠાલી બડાઈ મેળવવા કરતાં પોતાની રૈયતના ફાયદા ભણી તે વધારે ધ્યાન આપતો.

એની પછી એનો દીકરો ખશયારસા-બીજો ઈરાનનાં તખ્ત ઉપર બેઠો હતો. તેને ૧॥ મહિનો રાજ્ય ચલાવ્યું તેટલામાં તેના સીસીદિઆનુસ અથવા સોગદિઆનસ નામના એક સાવકા ભાઈએ તેને મારી નાખી, પોતે ઈરાનનું રાજ્ય લીધું. સીસીદિઆનુસે ૬) મહિના રાજ્ય કીધું તેવામાં વળી તેનો એક બીજો સાવકો ભાઈ ઓકસ કે જે હરકેનિયાનો હાકેમ હતો, તેણે તેને મારી નાખ્યો અને પોતે દારયવુસ-બીજાને નામે તખ્ત ઉપર બેઠો. એનાં રાજ્યની હકીકત હવે પછીના પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

અર્દેશીર-દરાઝદસ્તને પુનાનીઓ કયાં નામથી લખી ગયાછે, અને તેનો અર્થ શું થાયછે ?

તખ્ત ઉપર આવ્યા પછી એણે કોણને મારી નખાવ્યો હતો ?

ત્યારબાદ **બાખત્રિયામાં** કોણે હુલડ ઉઠાવ્યું હતું ?

અર્દેશીરે કેટલીવાર લડાઇ કરી તેને હરાવ્યો હતો ?

પછી તેણે પોતાનાં દેશમાં શું સુધારા કર્યા હતા ?

ત્યારબાદ કયા દેશના લોકોએ એક હુલડ ઉઠાવ્યું હતું, અને કોણને પોતાનો પાદશાહ નેમ્યો હતો ?

તેઓએ કોણથી મદદ મેળવી હતી ?

અર્દેશીરે તેઓની સાંમે કેટલું, તથા કોણની સરદારી હેઠલ લશ્કર મોકલ્યું હતું ?

તે લશ્કરે કયાં જઇ છાવણી કીધી હતી ?

પછી તેઓ વચ્ચેની લડાઇમાં કોણ માર્યો ગયો હતો ?

આથી **અર્દેશીરે** બીજું એક લશ્કર કોણની સરદારી હેઠલ મોકલ્યું હતું ?

આર્ત્તાબેઝસે કઇ ફોજની સરદારી લીધી હતી, અને કયાં હંકારી ગયો હતો ?

મેગેબેઝસે કયાં લશ્કરની સરદારી લીધી હતી, અને કયાં કુચ કરી ગયો હતો ?

ત્યાં જઇ તેણે શું કીધું, અને પછી કોણને હરાવ્યો હતો?

પછી વળી **આથનસ**ના લોકોએ કોણને ઇરાનીઓની સાથે લડાઇ કરવાને મોકલ્યો હતો ?

સાઇમનની સાંમે કયો ઇરાની સરદાર થયો હતો ?

તેમાં કોણ હાર્યો હતો ?

આથી **અર્દેશીરે આથન્સ**ના લોકો સાથે શું કીધું હતું?

કયાં વર્ષમાં ?

એ કયાં વર્ષમાં મરણ પામ્યો હતો, તથા કેટલાં વર્ષ રાજ્ય કીધું હતું ?

એ કેવો પાદશાહ હતો ?

એની પછી કોણ **ઈરાન**નાં તખ્ત ઉપર આવ્યો હતો ?

તેને કેટલા મહિનામો અને કોણે મારી નાખી ઈરાનનું રાજ્ય લીધું હતું ?

સીસીદિઆનુસે કેટલા મહિના રાજ્ય કર્યું હતું ?

તેને મારી નાખી કોણ અને કયે નામે ઇરાનનાં તખ્ત ઉપર બેઠો હતો ?

તે પેહેલાં કયાંનો હાકેમ હતો ?

પત્ર ૨૦ મો.

મારી પ્યારી દીકરી,

ગયા પત્રમાં મેં તમને લખ્યું હતું કે સુસુદિઆનુસને મારી નાખી તેનો સાવકો ભાઇ **દારયવુસ**-બીજો ઇ. સ. પૂ. ૪૨૩) માં ઈરાનનાં તખ્ત ઉપર બેઠો હતો. યુનાનીઓ એને **દારાયસ-નોથસને** નામે લખી ગયાછે. તખ્ત ઉપર આવ્યા પછી એને પણ વળી એના એક બીજા સાવકા ભાઇએ મારી નાખવાનો ઇરાદો કીધો હતો; પણ **દારયવુસે** અગમચેતી રાખીને તેનેજ મારી નખાવ્યો.

ત્યાર બાદ પાઈસૂથનિસ નામના લિડિયાના એક હાકેમે પોતાનાં દેશને ઈરાનીઓના તાબામાંથી સ્વતંત્ર

કરવા, તથા પોતે ત્યાંનો પાદશાહ થવા માટે યુનાની લશ્કરની એક ટુકડીનો મદદથી હુલડ ઉઠાવ્યું. દારયવુસે તેની સાંમે થવા એક મોટું લશ્કર આપી તીસાફ્રાનસ નામના એક હાકેમને મોકલ્યો. તેણે જઈને પાઈસૂથનિસને તાબે કીધો, અને દારયવુસની હજૂર મોકલ્યો. દારયવુસે તેને મારી નખાવ્યો. પછી મિસર દેશના લોકોએ એક મોટો બળવો ઉઠાવ્યો, અને ઈરાની લશ્કરને હરાવી પોતે સ્વતંત્ર થયા. ત્યાર બાદ ઈ. સ. પૂ. ૪૦૮) માં મીડિયાના લોકોએ એક હુલડ ઉઠાવ્યું, તે એણે બેસાડી દીધું.

કેહેછે કે એની રાણીને તેર છોકરાં જન્મ્યાં હતાં, પણ તેમાના અર્દશીર અને કુરૂસ એ બે દિકરા શિવાય સઘળાં બાળપણમાંજ મરણ પામ્યાં હતાં. દારયવુસે પોતાના નહાના દીકરા કુરૂસને ઈ. સ. પૂ. ૪૦૭) માં એશિઆમૈનર માહેલા સઘળા ઈરાની પ્રાંતોનો વડો નેમ્યો હતો, કે જ્યાં તેણે પોતાના બે પિતરાઈઓને કાંઈ નજીવાં કારણુસર પોતાના બાપના હુકમ વગર મારી નખાવ્યા હતા. આ ખબર જ્યારે દારયવુસને થઈ ત્યારે તે ઘણો ગોસ્સે થયો, અને કુરૂસને પોતાની દરબારમાં બોલાવી મંગાવ્યો. કુરૂસના ત્યાં આવી પુગ્યા પછી થોડુંકે, એટલે ઈ. સ. પૂ. ૪૦૪) માં દારયવુસ મરણ પામ્યો.

એની પછી એનો દીકરો અર્દશીર-બીજો તખ્ત

ઉપર આવ્યો હતો. યુનાનીઓ એને **આર્તાજરક્ષી સ-નીમન** કરી લખી ગયા છે. **નીમન**નો અર્થ સારી યાદદાસ્ત વાળો કરી થાયછે. એ તખ્ત ઉપર આવ્યા પછી એના નહાના ભાઇ કુરૂસે એને મારી નાખી પોતે ઈરાનનું રાજ્ય લેવાને છુપી વેતરણ કીધી, પણ તે તેમાં ફાવ્યો નહીં, અને ઈ. સ. પૂ. ૪૦૧) માં કુનેકસાનાં શેહેર આગળ પોતાના ભાઇ સાથે લડાઇ કરતાં તે માર્યો ગયો.

હવે કુરૂસનાં મરણથી તેની માને ઘણો શોક ઉપજ્યો, તથા દરબારમાં પણ વારેઘડીએ માહોમાહે ટંટો થયા કીધો, તેથી **લેસીડિમન**ના શાહજાદા **એગીસિઓલસે** ઈરાનીઓના આથમણુ તરફના મુલકો ઉપર કેટલાક હુમલા કીધા; પણ તેવામાં ઈરાનીઓના **ટાઈઓસ્તિસ** નામના એક સરદારે **યુનાન**ના કેટલાક લોકોને લાંચ આપી **લેસીડિમનના** લોકો સાંમે લડાઇ ઉઠાવવાને ઉસ્કેર્યા. આથી **એગીસિઓલસ**ને પાછું ફરવું પડયું. પછી તેઓએ **અર્દશીર** સાથે સુલેહના કોલકરારો કીધા.

ત્યારબાદ **અર્દશીરે ફારનાબેઝસ** અને **ઈફીક્રેતિસ** નામના બે સરદારોને ઇ૦ સ૦ પૂ૦ ૩૭૪) માં એક મોટું લશ્કર આપી **મિસર** દેશપર ચઢાઇ કરવા મોકલ્યા. ત્યાં તેઓ બંને સરદારો વચ્ચે કાંઇ ટંટો ઉઠયાથી તેઓ લડાઇ કર્યા વગર પાછા ફર્યા.

હવે **અર્દશીર**નાં કુટુંબમાં પણ એની ગાદીના

વારસને માટે કજીયો ચાલ્યા કીધો, અને તેનું સમાધાન લાવવા માટે એ ગુંતાયો હતો. પછી ઈ૦ સ૦ પૂ૦ ૩૫૮) માં પોતાની ૯૪) વર્ષની ઉમરે એ મરણ પામ્યો. એણે ૪૬) વર્ષ લગણ રાજ્ય કીધું હતું. એની પછી એનો નહાનો દીકરો **દારયવુસ-ત્રીજો** તખ્ત ઉપર બેઠો હતો. તેનાં રાજ્યની બિના આવતા પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

દારયવુસ-બીજો કયાં વર્ષમાં ઇરાનનાં તખ્ત ઉપર બેઠો હતો?

એને પણ મારી નાખી કોણે એનું રાજ્ય લેવાનો ઇરાદો કીધો હતો?

દારયવુસે તેને શું કીધું હતું?

ત્યારબાદ કોણે, અને શા માટે હુલડ ઉઠાવ્યું હતું?

દારયવુસે તેની સામે કોણને મોકલ્યો હતો?

તેણે જઇને શું કીધું હતું?

પછી કયાં દેશના લોકો બળવો ઉઠાવી સ્વતંત્ર થયા હતા?

વળી ઈ૦ સ૦ પૂ૦ ૪૦૮) માં કોણે હુલડ ઉઠાવ્યું હતું?

તે એણે મોસાડી દીધું હતું કે નહીં?

એની રાણીને કેટલાં છોકરાં જન્મ્યાં હતાં?

તેમાનાં કેટલાં જીવતાં હતાં, તથા તેમનાં નામ શું હતાં?

દારયવુસે પોતાના નહાના દીકરાને કયા પ્રાંતોનો હાકેમ નેમ્યો હતો?

પછી તેણે **કુરૂસને** શા માટે પોતાની દરબારમાં બોલાવી મંગાવ્યો હતો ?

દારયવુસ-બીજો કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ **ઈરાન**નાં તખ્ત ઉપર આવ્યો હતો ?

યુનાનીઓ એને કયાં નામથી લખી ગયાછે ?

એને મારી નાખવાની કોણે છુપી વેતરણ કીધી હતી ?

તે તેમાં ફાવ્યો હતો કે નહીં ?

પછી તે કયાં વર્ષમાં, કઈ જગાએ, અને શું કરતાં માર્યો ગયો હતો ?

તેનાં મરણથી કોણને ઘણો શોક ઉપજ્યો હતો ?

આથી કોણે ઈરાનીઓના આથમણુ તરફના મુલકો ઉપર હુમલા કીધા હતા ?

તેવામાં **ટાઈઓસ્તિસે** શું કીધું હતું ?

આથી **એગીસિએલસને** શું કરવું પડયું હતું ?

ત્યારબાદ **અર્દેશીરે** કયાં વર્ષમાં, અને કયા બે સરદારોને **મિસર** દેશપર ચઢાઇ કરવા મોકલ્યા હતા ?

ત્યાંથી તેઓ શા માટે પાછા ફર્યા હતા ?

હવે **અર્દેશીર** કયાં કામમા ગુંતાયો હતો ?

પછી એ કેટલાં વર્ષની ઉમરે, અને કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?

એની પછી **ઈરાન**નાં તખ્ત ઉપર કોણ બેઠું હતું ?

પત્ર ૨૧ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાં મેં તમને **દારયવુસ-બીજા** તથા **અર્દેશીર-બીજાનાં** રાજ્યોની હકીકત લખી હતી.

હવે હું તમને દારયવુસ-ત્રીજો કે જે અર્દશીર-બીજાની પછી ઈશાનનાં તખ્ત ઉપર આવ્યો હતો તેનાં રાજ્યની બિના લખું છું. તમો જાણોછો કે એ ઈ. સ. પૂ. ૩૫૮) માં પોતાના બાપનાં મરણ પામવાથી ઈરાનનાં રાજ્યનો માલેક થયો હતો. યુનાનીઓ એને દારાયસ-ઓકસને નામે લખી ગયાછે. એ ઘણો ધાતકી પાદશાહ હતો. તખ્ત ઉપર આવતાંનેવાર એણે પોતાનાં કુટુંબનાં કેટલાંક માણસોને મરાવી નાખ્યાં હતાં, કે વારેઘડીએ ફિસાદ થયા કરે નહીં, પણ આથીતો ફિતુરો ઉલટાં વધતાં ગયાં, અને લોકોને એ ઘણો નાપસંદ થઈ પડયો. આ ઉપરથી આર્ત્તાબેઝસ નામના એશિઆમૈનરના પ્રાંતમાના એક હાકેમે આથન્સના લોકોની મદદથી એક હુલડ ઉઠાવ્યું, જેમાં પેહેલાં તે જિત્યો, પણ પછી દારયવુસે તેને હરાવ્યો.

પછી વળી સાઈપ્રસ અને ફીનીશિયાના લોકોએ દારયવુસની સાંમે બળવો ઉઠાવ્યો. તેઓની સાંમે લડવાની એને ફરજ પડી. આ લડાઈમાં પણ એ ફતેહ પામ્યો, તથા સાઈદોન નામનાં ફીનીશિયાનાં એક વખણાયલાં શેહેરને ઘેરો ઘાલી તેનો નાશ કીધો, જેથી સઘળા ફીનીશિયનો એને તાબે થયા; તથા સાઈપ્રસનાં ટાપુને પણ એ ઈશાનના તાબામાં લાવ્યો.

ત્યાર બાદ ઈ. સ. પૂ. ૩૫૦) માં એણે મિસર દેશ ઉપર ચઢાઈ કરી તે તથા તેની રાજધાની મેમફીસ હાથ કરી લીધાં, અને ત્યાંના લોકો ઉપર કેટલુંક ધાત-

કીપણું ગુજાર્યું, તથા તેઓનાં દેહેરાં લૂટયાં. પછી તે પોતાનાં રાજ્યનેા કારભાર બેગોઅસ અને મેનતોશ નામના પોતાના બે વિશ્વાસુ પ્રધાનોને સોંપી પોતે બાબિલોન જઈ સમાધાનીમાં રહ્યો. બેગોઅસ મિસર દેશનેા રહેવાસી હતેા, તેથી તે પોતાના દેશનું વેર દારયવુસ ઉપર લેવાને તપી રહ્યો હતેા. એક વેળા લાગ જોઈ એણે દારયવુસને વિષ દઈ (ઈ. સ. પૂ. ૩૩૮ માં) મારી નાખ્યેા, અને તેની જગાએ તેના નહાના દીકરા આરસિસને તખ્ત ઉપર બેસાડયેા. દારયવુસ-ત્રીજાએ ૨૦) વર્ષ લગણ રાજ્ય કીધું હતું. તેના દીકરા આરસિસને પણ બેગોઅસે બે વર્ષમાં મારી નાખ્યેા, અને તેની જગાએ દારયવુસ-ચોથાને ઈ. સ. પૂ ૩૩૬) માં ઈશાનનાં તખ્ત ઉપર બેસાડયેા. એ દારયવુસ-બીજાના વંશનેા હતેા. એનાં રાજ્યની બિના આવતા પત્રમાં તમારી ઉપર લખી મેાકલીશ.

હું છું તમારેા વાહાળેા બાપ.

સવાલેા.

દારયવુસ-ત્રીજો કેવેા પાદશાહ હતેા ?
યુનાનીઓ એને કયાં નામથી લખી ગયાછે ?
તખ્ત ઉપર આવતાંને વાર એણે શું કીધું હતું ?
તેનું પરિણામ શું નિપજ્યું હતું ?
આ જોઈ કેાણે, અને કયા લોકેાની મદદથી એક હુલડ કીધું હતું ?

તેમાં કોણ હાર્યું હતું ?

પછી વળી કયા લોકોએ એની સામે બળવો ઉઠાવ્યો હતો ?

દારયવુસે તેઓનાં કયાં શેહેરનો, અને શાથી નાશ કીધો, તથા કયો ટાપુ **ઈશાન**ના તાબામાં લાવ્યો ?

ત્યારબાદ એણે કયો દેશ, તથા તેની રાજધાની હાથ કરી લીધાં, અને ત્યાંના લોકો સાથે કેવી ચાલ ચલાવી ?

પછી એ કયાં જઈ રહ્યો, તથા પોતાનાં રાજ્યનો કારભાર કોણને સોંપ્યો ?

દારયવુસને કોણે, શાથી, અને કયાં વર્ષમાં મારી નાખ્યો હતો ?

તેની જગાએ કોણને તખ્ત ઉપર બેસાડયો હતો ?

આરસિસે કેટલાં વર્ષ રાજ્ય ચલાવ્યું હતું, અને તેને કોણે મારી નાખ્યો હતો ?

તેની જગાએ કોણને **ઈશાન**નાં તખ્ત ઉપર બેસાડયો હતો ?

પત્ર ૨૨ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાંથી તમોએ જોયું હશે કે બેગોએસે ઈ૦ સ૦ પૂ૦ ૩૩૬) માં **આરસિસ**ને મારી નાખી **દારયવુસ-ચોથાને ઈશાન**નાં તખ્ત ઉપર બેસાડયો હતો. યુનાની લખનારાઓ એને **દારાયસ-કોદોમનસ**, તથા ફારસી લખનારાઓ **દારા** કરી લખી ગયાછે. એને પણ તખ્ત ઉપર બેઠા પછી વળી પેલા મુજી **બેગોએસે** ઝેહેર આપી મારી નાખવાની વેતરણ કીધી, પણ તેમાં તે ફાવ્યો નહીં, કેમકે **દારયવુસ**ને એ વાત-

ની ખબર પડવાથી પેલું ઝેહેરનું પ્યાલું તેનેજ પાઈ મારી નાખ્યો.

ત્યારબાદ યુનાન દેશ માહેલાં માસિડનના પાદશાહ ફિલિપનો દીકરો સિકંદર, કે જેને યુનાનીઓ અલેકઝાનદર-ધી-ગ્રેટ કરી કહી ગયાછે તે ઈ૦ સ૦ પૂ૦ ૩૩૪) માં એક મોટું લશ્કર લઈ દારયવુસની સાંમે લડાઈ કરવાને આવ્યો. આ વખતે દારયવુસનો મેમન નામે એક સરદાર હતો, તેણે ભલામણ કીધી કે "આપણે લડાઇ કરવી નહીં, પણ મેદાનો તથા શેહેરોને વેરાંન કરવાં કે જેથી સિકંદરનાં લશ્કરને લુખ્ખમરાથી કરી યુરોપ તરફ પાછું ફરવાની ફરજ પડે." આ અગત્યની ભલામણ તે વેળા કોઇએ કબુલ કીધી નહીં, પણ તેઓ એક મોટું લશ્કર એકઠું કરી ગ્રેનાઈકસ નદીના કિનારા આગળ સિકંદર સાથે લડયા. આ લડાઈમાં ઈરાનીઓએ મોટી હાર ખાધી, અને એશિઆમૈનર માહેલા તેઓના સઘળા મુલકો સિકંદરને હાથ થયા.

પછી વળી તેઓ વચ્ચે બીજી એક લડાઈ ઈસસ નાં મેદાનમાં થઈ, તથા તેમાં પણ ઈરાનીઓની હાર થઈ, અને દારયવુસ ત્યાંથી નાસી ગયો.

વળી ત્રીજીવાર તેઓ વચ્ચે આર્બેલાનાં શેહેરની પાસે ગોગમેલાના મેદાનમાં એક લડાઈ થઈ, તેમાં પણ માઠાં ભાગ્યે કેટલીક ખુનામરકી ભરી કતલ આ-

લ્યાબાદ દારયવુસને નાસવું પડયું, તથા તેનાં સઘળાં લશ્કરની હાર થઈ. આ લડાઈને આર્બેલાની લડાઈ કરી કેહેછે, અને તે ઈ૦ સ૦ પૂ૦ ૩૩૧) માં થઇ હતી.

હવે દારયવુસ માજીનદ્રાનના પ્રાંતમાં નાસી ગયો હતો, ત્યાં તેને નાબારઝેનીસ અને બિસસ નામના બે સરદારોએ કેદ કરાવ્યો, તથા પછી બિસસે તેને ખંજર ભોકાવી રસ્તામાં નાખી દેવડાવ્યો. હવે સિકંદર પણ તે તરફ તેનીજ શોધ કરવા આવ્યો હતો, તેને આ વાતની ખબર પડવાથી તેણે તુરત તેની આગળ આવી આંખમાં આંજુ લાવી તેનું માથું ઉંચકી પોતાના ખોળા ઉપર મેળ્યું, અને કેટલોક દિલાસો આપ્યો. પછી દારયવુસ થોડીવારમાં મરણ પામ્યો. સિકંદરે તેનાં રવાંતને બાહ્યાબરૂથી અવલમંજલ પહોંચાડયું, તથા તેને મારી નાખનાર પેલા મુજી સરદાર બિસસને ફાંસી દેવડાવ્યો. દારયવુસ--ચોથાએ પાંચ વર્ષ લગણ રાજ્ય કીધું હતું, અને ઈ૦ સ૦ પૂ૦ ૩૩૧) માં મા-ર્યો ગયો હતો.

હવે દારયવુસ-ચોથાનાં મરણથી ઈશાનનો આ-ખો મુલક સિકંદરના હાથમાં આવ્યો હતો; તોપણ તેનો લોભ પુરો પડયો નહીં, અને હિંદુસ્થાન જિતવાની એણે ઈચ્છા કીધી, તથા ઈ૦ સ૦ પૂ૦ ૩૨૭) ના વર્ષ-માં સિંધુ નદી ઓળંગી, પોરસ નામના એક હિંદુ રાજાને હરાવી તેનો મુલક પોતે લઈ લીધો. પછી પો

તાના દેશ તરફ પાછો આવતાં તે **બાબિલોન** શેહેરમાં ઈ૦ સ૦ પૂ૦ ૩૨૩ માં મરણ પામ્યો. એને પેટે કાંઇ છોકરાં નહીં હોવાથી એનું રાજ્ય એના સરદારોએ પોતપોતામાં વહેંચી લીધું હતું, તેને લગતી હકીકત આવતા પત્રમાં હું તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

દારયવુસ–ચોથાને ઈશનનાં તખ્ત ઉપર બેઠા પછી કોણે મારી નાખવાની વેતરણ કીધી હતી ?

દારયવુસે તેને શું કીધું હતું ?

પછી **દારયવુસની** સાંમે કોણ, અને કયાં વર્ષમાં લડાઇ કરવા આવ્યો હતો ?

આ વખતે **દારયવુસને મેમને** શું ભલામણ કીધી હતી ?

આ તેની ભલામણ કોઇએ કબુલ કીધી હતી કે નહીં ?

તેઓ **સિકંદર** સાથે કયાં લડયા હતા, તથા તેમાં કોણે હાર ખાધી હતી ?

પછી તેઓ વચ્ચે બીજી લડાઈ કયાં થઈ હતી, અને તેમાં કોણ હાર્યું હતું ?

વળી ત્રીજીવાર તેઓ વચ્ચે કયાં લડાઈ થઈ હતી, અને તેમાં કોણ હાર્યું હતું ?

આ લડાઇને કયાંની લડાઇ કરી કેહેછે, અને તે કયાં વર્ષમાં થઈ હતી ?

હવે **દારયવુસ** કયાં નાસી ગયો હતો, તથા ત્યાં તેનું શું થયું હતું ?

સિકંદરને આ વાતની ખબર પડવાથી તેણે ત્યાં આવી શું કીધું હતું ?

દારયવુસ–ચોથાએ કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા કયાં વર્ષમાં માર્યો ગયો હતો ?

તેનાં મરણથી ઈશાનનો આખો મુલક કોણને સ્વાધીન થયો હતો ?

સિકંદરે કયાં વર્ષમાં, કઇ નદી ઓળંગી, તથા કયા રાજાને હરાવી હિંદુસ્થાન જિતી લીધું હતું ?

પછી તે કયાં વર્ષમાં, અને કયાં શેહેરમાં મરણ પામ્યો હતો ?

એનું રાજ્ય કોણે વહેંચી લીધું હતું !

પત્ર ૨૩ મો.

મારી પ્યારી દીકરી,

ગયા પત્રમાંથી તમોએ વાંચ્યું હશે કે સિકંદરનાં મરણ બાદ તેનું રાજ્ય તેના સરદારોએ પોતપોતામાં વહેંચી લીધું હતું. પણ તે પછી તેઓમાં થોડુંક લગણ માહોમાહે ટંટો ચાલ્યા કીધો, તથા એક બે મોટી લડાઈઓ થઇ, અને તેમાં સિકંદરનાં રાજ્યનો મોટો ભાગ સીલ્યુકસ નામના તેના એક સરદારના હાથમાં આવ્યો. એનાં રાજ્યનો સને ઈ૦ સ૦ પૂ૦ ૩૧૨) નાં વર્ષથી ઉગમણુ પ્રાંતના લોકોમાં ચાલવા લાગ્યો. એ સનેને સીલ્યુકસનો સને કરી નામ આપવામાં આવ્યું છે. "એનાં રાજ્યની હદ છેક સિંધુથી તે યુફ્રેતિસ

નદી લગણ તથા ઉત્તરમાં છેક જહુન નદી લગણ હતી.” એણે પણ હિંદુસ્થાનનો દેશ જિતી લેવાને માટે છેક ગંગા નદી લગણ એક મોટાં લશ્કર સમેત જઇ ત્યાંના ચંદ્રગુપ્ત નામના રાજા સાથે સુલેહના કોલકરારો કીધા. ત્યારબાદ એણે કેટલાક એશિઆમૈનર માહેલા પ્રાંતો હાથ કરી લીધા, અને ઇ૦ સ૦ પૂ૦ ૨૮૧) માં તે મરણ પામ્યો.

એની પછી એનો દીકરો એન્ટાઓકસ-સોતર પાદશાહી ઉપર આવ્યો. એ ગાલ લોકો સાથે લડાઇ કરતાં ઇ૦ સ૦ પૂ૦ ૨૬૨) માં માર્યો ગયો હતો.

એની પછી એનો દીકરો એન્ટાઓકસ-થ્યોસ તખ્ત ઉપર આવ્યો હતો. તખ્ત ઉપર આવતાંજ એણે ગાલ લોકો ઉપર પોતાના બાપનો કિનો લીધો. એણે પોતાની રૈયતપર કેટલોક જુલમ ગુજારવાથી ઇ૦ સ૦ પૂ૦ ૨૫૬) માં આર્સેસિસ અથવા આશક નામના પાર્થિયાના એક ખંડીઆ રાજાએ આગાથાકલીસ નામના એના એક સુબાને મારી નાખી પોતે એક સ્વતંત્ર રાજ્ય સ્થાપયું. એનાં રાજયને પાર્થિયાનુ રાજ્ય કરી કેહેછે, કે જેની બિના હવે પછીના પત્રમાં હું તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

——

સવાલો.

સિકંદરનાં મરણ બાદ તેનું રાજ્ય કોણે વહેંચી લીધું હતું ?

ત્યારબાદ તેઓમાં શું બનાવ બન્યો હતો ?

આથી સિકંદરનાં રાજ્યનો મોટો ભાગ કોણના હાથમાં આવ્યો હતો ?

એનાં રાજ્યમાં કયાં વર્ષથી એનો સને ચાલવા લાગ્યો હતો ?

એનાં રાજ્યની હદ કયાં લગણ હતી ?

એ હિંદુસ્થાન જીતવા માટે કયાં લગણ લશ્કર લઇ ગયો હતો ?

ત્યાં જઇ એણે શું કીધું હતું ?

ત્યારબાદ એણે કયાંના પ્રાંતો હાથ કરી લીધા હતા ?

એ કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ પાદશાહી ઉપર આવ્યો હતો ?

એ કયાં વર્ષમાં, અને શું કરતાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો ?

તખ્ત ઉપર આવ્યા પછી એણે શું કીધું હતું ?

પછી કોણે અને કયાં વર્ષમાં એક સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું ?

આ નવાં રાજ્યને કયાંનું રાજ્ય કરી કેહેછે ?

પત્ર ૨૪ મો.

મારી પ્યારી છોકરી,

મારા છેલ્લા પત્રમાં તમે જાણ્યું હશે કે એન્ટા-ઓકસ-થ્યોસને ઉઠાડી આર્સેસિસ અથવા આશકે ઇ. સ. પૂ. ૨૫૬ માં પાર્થિયાનું રાજ્ય સ્થાપ્યું હતું.

એનાં નામ ઉપરથી એના વંશને આશકાનિયન વંશ કરી કેહેછે. એ વંશે નજદીક પાંચ સદી લગણ ઈશાન દેશ ઉપર પોતાની હકુમત ચલાવી હતી. જો કે "તેઓની રીતભાત ધણીખરી ઈરાનીઓના જેવીજ હતી, તોપણ તેઓએ જરથોસ્તી ધર્મમાં કેટલોક બિગાડો કર્યો હતો." એ વંશના પાદશાહોનું ટુક વર્ણન તમારી જાણને માટે નિચે લખુંછું.

આર્સેસિસ અથવા **આશકે** ૧૪ વર્ષ લગણ રાજ્ય કર્યું હતું. એની પછી એનો ભાઈ **ત્રીદેતિસ** ઈ. સ. પૂ. ૨૪૨ માં તખ્ત ઉપર આવ્યો હતો. તેણે **હરકેનિયા** અથવા **માજીનદ્રાનનો** મુલક જિતી લીધો હતો.

એની પછી એનો દીકરો **આર્તાબેનસ** ઈ. સ. પૂ. ૨૧૪ માં તખ્ત ઉપર આવ્યો હતો. તેણે ૧૮ વર્ષ લગણ રાજ્ય ચલાવ્યું હતું.

આર્તાબેનસની પછી તેનો દીકરો **ત્રીઆતિઅસ** ઈ. સ. પૂ. ૧૯૬ માં તખ્ત ઉપર આવ્યો હતો. એનાં રાજ્યમાં કાંઈ જાણવા જોગ બનાવો બન્યા નહી હતા.

એની પછી એનો દીકરો **ફીરૂઝ** અથવા **ફ્રાતિસ** ઈ. સ. પૂ. ૧૮૧ માં રાજ્ય ચલાવવા લાગ્યો. એણે **કાસ્પિઅન** સમુદ્રના કિનારા આગળના **માર્ડિઅન** લોકોનો મુલક જિતી તેમને પોતાને તાબે કરી લીધા હતા.

એની પછી એનો ભાઈ **મિથ્રેદેતિસ** ઈ. સ. પૂ. ૧૭૭ માં તખ્ત ઉપર આવ્યો હતો. એણે **મીડિયા**,

બેકત્રિયા, તથા હિંદુસ્થાન વગેરેના મુલકોનો થોડોક ભાગ જિતી લઈ પોતાનાં રાજ્યની હદ ઘણીજ વધારી મુકી હતી.

એની પછી એનો દીકરો ફીરૂઝ અથવા ફ્રાતિસ-બીજો ઈ. સ. પૂ. ૧૩૬) માં તખ્ત ઉપર આવ્યો હતો. એણે સિરિયાના પાદશાહ એન્ટાઓકસ-સાઈદેતિસને મારી નાખી પોતાના મુલકને એ લોકના વારેઘડીએના હુમલામાંથી છોડ્યો હતો.

એની પછી એનો કાકો અર્દવાન અથવા આર્તા-બેનસ-બીજો ઈ૦ સ૦ પૂ૦ ૧૨૬) માં ગાદી ઉપર આવ્યો હતો. એ સિથ્યન લોકો સાથની એક લડાઈ-માં ઈ૦ સ૦ પૂ૦ ૧૧૫) માં માર્યો ગયો હતો.

એની પછી પાર્થિયાની ગાદી મિત્રેદતિસ-બીજા ના હાથમાં ઈ૦ સ૦ પૂ૦ ૧૧૫) માં આવી. એના હા-થમાંથી બેકત્રિયાનો મુલક એજીસ નામના સિથ્યાના એક સરદારે લઈ લીધો હતો.

એની પછી ઈ૦ સ૦ પૂ૦ ૮૫) માં મનાસસ્સિરાસ પાર્થિયાનાં તખ્ત ઉપર આવ્યો હતો. એણે ૮) વર્ષ લ-ગણ રાજ્ય કર્યું હતું.

એની પછી સાનાત્રોતિસ નામનો શાહજાદો ઈ૦ સ૦ પૂ૦ ૭૭) માં તખ્ત ઉપર આવ્યો હતો. એણે આ-ર્મીનિયાના પાદશાહ તીગ્રાનિસ સાથની લડાઈમાં પા-ર્થિયાનાં રાજ્યને ઘણું નબળું કરી નાખ્યું હતું.

એની પછી એનો દીકરો ફીફ્ઝ અથવા ફ્રાતિસ્સ-ત્રીજો ઈ૦ સ૦ પૂ૦ ૭૦) માં રાજ્ય ચલાવવા લાગ્યો. એણે પાછું પાર્થિયાનાં રાજ્યને મજબૂત પાયા ઉપર લાવી મેલ્યું હતું. એ રૂમીઓ સાથે લડાઇ કરવાની તૈયારીમાં હતો તેટલામાં એના નિગ્રેદેતિસ્સ નામના દીકરાએ એને મારી નાખ્યો, અને પોતે ઈ૦ સ૦ પૂ૦ ૫૫) માં તખ્ત ઉપર બેઠો.

મીગ્રેદેતિસ્સને મારી નાખ્યો તેનો નહાનો ભાઇ ઓરોદીસ્સ ઈ૦ સ૦ પૂ૦ ૫૩) માં તખ્ત ઉપર બેઠો હતો. એ ઘણો બહાદૂર હતો. એણે રૂમીઓ સાથે લડાઈ કરી તેઓને હરાવ્યા હતા.

એની પછી એનો દીકરો ફીફ્ઝ અથવા ફ્રાતિસ્સ-ચોથો ઈ૦ સ૦ પૂ૦ ૩૬) માં ગાદી ઉપર આવ્યો હતો. એણે પણ રૂમના લોકો સાથે લડાઈ કરી તેઓને હરાવ્યા હતા. એના વખતમાં ખ્રિસ્તીઓના પેગંબર જીસસક્રાઈસ્ટનો જન્મ થયો હતો.

એની પછી એનો દીકરો ફ્રાટેસ્સિસ્સ ઈ૦ સ૦ † ૪) માં તખ્ત ઉપર બેઠો, પણ એની રૈયતે એને મારી નાખી એના ભાઇ ઓરોદીસ્સ-બીજાને તખ્ત ઉપર બેસાડયો.

ઓરોદીસ્સ ઘણો ઘાતકી નિકળ્યાથી તેની રૈયતને

---

† ઈ૦ સ૦ (ઇસવી સન) એટલે ક્રાઈસ્ટના જન્મની પછીનો સને.

તેને પણ મારી નાખવાની ફરજ પડી; અને ફ્રમ શે-હેરમાંથી ક્રાતિસ્સ-ચોથાના દીકરા વોનોનિસ્સને બોલા-વી મંગાવી તેઓએ તેને તખ્ત ઉપર બેસાડયો.

મારી બ્યારી દીકરી આ પત્ર લાંબો થવાથી પા-ર્થિયાનાં રાજ્યનું બાકીનું વર્ણન બીજા પત્રમાં પુરૂં કરીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

આર્સેસિસ અથવા આશકના વંશને કયાં નામથી ઓળખેછે ?

એ વંશે કેટલી સદી લગણ રાજ્ય ચલાવ્યું હતું ?

તેઓની રીતભાત કેવી હતી ?

આશકે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?

તેની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો ?

તેણે કયો મુલક જીત્યો હતો ?

મીદેતિસ્સની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો ?

આર્ત્તાબેનસ્સે કેટલાં વર્ષ રાજ્ય કીધું હતું ?

તેની પછી કોણ અને કયાં વર્ષમાં **પાર્થિયાની** ગાદી ઉપર આવ્યો હતો ?

તેનાં રાજ્યમાં શું જાણવા જોગ બનાવો બન્યા હતા ?

ફ્રીઆતિઅસ્સની પછી કોણ અને કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

એણે કયા લોકોનો મુલક જિતી પોતાને તાબે કીધો હતો ?

એની પછી કોણ અને કયાં વર્ષમાં તખ્ત ઉપર બેઠો હતો ?

મિથ્રેદેતિસે કયા મુલકો જિતી લઇ પોતાનાં રાજ્યની હદ વધારી હતી ?

ફીરૂઝ-બીજો કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?
તેણે કયા પાદશાહને મારી નાખ્યો હતો ?
તેની પછી **પાર્થિયા**ની ગાદી ઉપર કોણ આવ્યો હતો ?
અર્દવાન કયાં વર્ષમાં અને શું કરતાં માર્યો ગયો હતો ?
એની પછી **પાર્થિયા**ની ગાદી કોણને હસ્તક આવી હતી ?

મિથ્રેદેતિસ-બીજાના હાથમાંથી **બેકત્રિયા**નો મુલક કોણે લઇ લીધો હતો ?

પછી **પાર્થિયા**ની ગાદી ઉપર કોણ આવ્યો હતો ?
તેણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?
તેની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો ?
એણે કોણની સાથની લડાઇમાં **પાર્થિયા**નાં રાજ્યને નબળું કરી નાખ્યું હતું ?

સાનાત્રોસિસની પછી કોણને **પાર્થિયા**નું રાજ્ય મળ્યું હતું ?

એ કોણની સાથે લડાઈ કરવાની તૈયારીમાં હતો, અને તેવામાં એને કોણે મારી નાખ્યો હતો ?

પછી **પાર્થિયા**નાં તખ્ત ઉપર કોણ બેઠો હતો ?
મિથ્રેદેતિસને મારી નાખી કોણ તખ્ત ઉપર બેઠો હતો ?
ઓરોદીસ કેવો પાદશાહ હતો, તથા એણે કોણને હરાવ્યા હતા ?

એની પછી કોણ અને કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

ફીરૂઝ-ચોથાના વખતમાં કોણનો જન્મ થયો હતો ?
એની પછી કોણ અને કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

ક્રાટેસિસને કોણે મારી નાખ્યો હતો, તથા તેની જગાએ કોણને બેસાડયો હતો ?

ઓરોદીસ-બીજાને શા માટે મારી નાખ્યો હતો, અને તેની જગાએ કોણને તખ્ત ઉપર બેસાડયો હતો ?

પત્ર ૨૫ મો.

મારી પ્યારી દીકરી,

ગયા પત્રમાં મેં તમને પાર્થિયાનાં રાજ્યની બિના ઓરોદીસ-બીજાની પાદશાહી સુધીની લખી મોકલી હતી. તે ઉપરથી તમે જોયું હશે કે તે ઘણો ઘાતકી નિકળ્યાથી લોકોએ તેને મારી નાખી **ફ્રીઝ** અથવા **ક્રાતિસ**-ચોથાના દીકરા **વોનોનિસ**ને રૂમથી બોલાવી મંગાવી પાર્થિયાનાં તખ્ત ઉપર બેસાડયો હતો.

એ પાદશાહની રીત ભાત સઘળી રૂમીઓ જેવી હોવાથી ઈ. સ. ૧૪) માં લોકોએ એને તખ્ત ઉપરથી ઉઠાડી મેલી **અર્દવાન**-ત્રીજાને બેસાડયો.

અર્દવાન પણ જુલમી નિકળ્યાથી તેની ઉપર પાર્થિયન અમીર ઉમરાવો, તથા લોકો નારાજી થયા; અને રાજ્યમાંથી નસાડી મેલ્યો, પણ ફરીથી કાંઈ સંજોગથી એ પાછો આવી રાજ્યનો માલેક થઈ બેઠો, અને ઈ. સ. ૪૪) માં મરણ પામ્યો.

એનાં મરણ પછી એની ગાદીને માટે એના દીકરાઓએ માહોમાહે લડાઈઓ કીધી, અને આખરે વા-

ર્દાનિસ ગ'દીનેા માલેક થયેા. એને લેાકેાએ કાંઇ કા રણસર મારી નાખ્યેા, અને એના ભાઇ ગેાતારજીસને ઈ. સ. ૪૭) માં તખ્ત ઉપર બેસાડયેા. એની સાંમે મેહ-રદાદ નામનેા એનેા એક ભાઇ હુમનબરદ થયેા, પણ તેમાં તે ફાવા શકયેા નહીં.

ગેાતારજીસની પછી વેાનેાનિસ-બીજો ઈ. સ. ૫૦) માં તખ્ત ઉપર બેઠેા. એને થેાડાજ મહિના રાજય કીધું હતું.

એની પછી એના દીકરેા વેાલેાગેસિસ તખ્ત ઉપર આવ્યેા હતેા. એ પાર્થિયાની ગાદી ઉપર ઘણેા વખ ણાઇ ગયલેાછે. એણે રૂમીઓ સાથે લડાઇ કરી તેઓને હરાવ્યા હતા, તથા યુફ્રેતિસ નદીને કાંઠે વેાલેાગીસેા-સરતા નામનું એક શેહેર વસાવ્યું હતું.

એની પછી એના દીકરેા પેકેારસ ઈ. સ. ૯૯) માં તખ્ત ઉપર આવ્યેા હતેા. એણે તીસફન શેહેરને ઘણું સુધારી નાખ્યું હતું.

એનાં મરણ પછી એનેા ભાઇ ખુસરૂ ઈ. સ. ૧૦૭) માં તખ્ત ઉપર આવ્યેા હતેા. રૂમીઓએ પેાતાના શાહનશાહ ત્રેજનના વખતમાં એને તખ્ત ઉપરથી ઉઠાડી મેલ્યેા હતેા, પણ ત્રેજનનાં મરણ પછી તેના વારસ એ-દ્રીઅનના વખતમાં એને પેાતાનું રાજય પાછું લીધું હતું.

એની પછી એનેા વડેા દીકરેા વેાલેાગેસિસ-બીજો ઈ. સ. ૧૨૧) માં તખ્ત ઉપર બેઠેા હતેા. એને રૂમના લેાકેા સાથે સલાહ હતી.

એની પછી એનો ભત્રિજો **વોલોગેસિસ-ત્રીજો** ઇ. સ. ૧૪૯) માં તખ્ત ઉપર આવ્યો હતો. એને રૂમી-ઓ સાથે લડાઇ કરવી પડી હતી. તેમાં પેહેલાં પાર્થિય-નોએ ઠીક ફતેહ મેળવી હતી, તથા **આર્મીનિયા** અને **સિરિયા**ના મુલકો પણ પોતાને સ્વાધીન કરી લીધા હતા, પણ **કેશિયસ** નામના એક શૂરા રૂમી સરદારે આવી તેઓનાં લશ્કરને મારી પાછું હઠાવ્યું.

એનાં મરણ પછી એનો દીકરો **વોલોગેસિસ-ચોથો** ઇ. સ. ૧૯૧) માં ગાદી ઉપર આવ્યો હતો. રૂમના શા-હનશાહ **સેપ્તિમસે** એને હરાવી **તીસફૂન**નું શેહેર જિતી લીધું હતું. એ ઇ. સ. ૨૦૭) માં મરણ પામ્યો હતો.

એની પછી એનાં તખ્તને માટે એના દીકરાઓ વચ્ચે મોટી મોટી લડાઇઓ થઇ, જેથી એ રાજ્ય ઘણું નબળું થઇ ગયું. પછી આખરે **વોલોગેસિસ-પાંચમો** ઇ. સ. ૨૧૨) માં **પાર્થિ**યાનાં રાજ્યનો માલેક થયો. એ ચાર વર્ષ લગણ રાજ્ય કરી મરણ પામ્યો હતો.

એની પછી **અર્દવાન** અથવા **આર્તાબેનસ-ચોથો** ઇ. સ. ૨૧૬) માં તખ્ત ઉપર આવ્યો હતો. એને રૂમી-ઓ સાથે એક સખ્ત લડાઇ કરવી પડી હતી, પણ બંને લશ્કરો એકસરખાં ઉતર્યાથી રૂમીઓએ એની સાથે સુ-લેહ કીધી હતી. એના વખતમાં ઇરાની જરથોસ્તીઓએ **અર્દશીર-બાબેગાન** નામના એક બહાદૂર ઇરાનીની સ-રદારી હેઠલ એક મોટો બળવો ઉઠાવ્યો, અને **અર્દવાન**

સાથે હુરમજીનાં મેદાનમાં એક મોટી લડાઇ કરી તેને હરાવ્યો; તથા ઇ. સ. ૨૨૬) માં ઈશાનની ગાદી ઉપર એક મોટો વંશ સ્થાપ્યો. એ વંશને સાસાનિયાન વંશ કરી કેહેછે.

મારી પ્યારી દીકરી તમોએ ઉપલાં વર્ણન ઉપરથી જોયું હશે કે ઈશાનનું રાજ્ય નજદીક પાંચ સદી પછી પાર્થિયનોના હાથમાંથી અસલી ઈરાનીઓના હાથમાં પાછું આવ્યું હતું. તેમની ઉપર અર્દશીર-બાબેગાને રાજ્ય ચલાવ્યું હતું. એનાં રાજ્યનું વર્ણન હવે પછીના પત્રમાં તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

વોનોનિસની રીતભાત કેવી હતી ?

આથી લોકોએ એને કયાં વર્ષમાં તખ્ત ઉપરથી ઉઠાડયો, અને તેની જગાએ કોણને બેસાડયો ?

અર્દવાન-ત્રીજાને કોણે તથા શા માટે રાજ્યમાંથી નસાડી મેલ્યો હતો ?

એનાં મરણ પછી એની ગાદીને માટે શું થયું હતું ?

પછી આખરે કોણ ગાદીનો માલિક થયો હતો ?

એને લોકોએ મારી નાખી કોણને ગાદી ઉપર બેસાડયો હતો ?

ગોતારજીસની સામે હમનબરદ થવા કોણ નિકળ્યો હતો, તથા તેમાં તે ફાવ્યો હતો કે નહીં ?

ગોતારજીસની પછી કોણ, અને કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

એણે કેટલી મુદત લગણ રાજ્ય કીધું હતું ?

એની પછી પાર્થિયાનું રાજ્ય કોણને મળ્યું હતું ?

વોલોગેસિસે કોણને હરાવ્યા હતા, તથા કયું શેહેર વસાવ્યું હતું ?

એની પછી કોણ અને કયાં વર્ષમાં તખ્ત ઉપર બેઠો હતો ?

પેકોરસે કયાં શેહેરને સુધારી નાખ્યું હતું ?

પેકોરસની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો ?

ખુસરૂને કોણે, તથા કયા શાહનશાહના વખતમાં તખ્ત ઉપરથી ઉઠાડી મેલ્યો હતો ?

પછી તેણે કયારે પોતાનું રાજ્ય પાછું લીધું હતું ?

ખુસરૂની પછી કોણ અને કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

તેની પછી કોણ પાદશાહ થયો હતો ?

વોલોગેસિસ-ત્રીજાને કયા લોકો સાથે લડાઈ કરવી પડી હતી ?

તે લડાઈમાં કોણે ફતેહ મેળવી હતી ?

પછી કયા સરદારે પાર્થિયાનાં લશ્કરને પાછું હઠાવ્યું હતું ?

વોલોગેસિસ-ત્રીજાની પછી કોણ, અને કયાં વર્ષમાં પાર્થિયાની ગાદી ઉપર આવ્યો હતો ?

રૂમના કયા શાહનશાહે એને હરાવ્યો હતો, તથા એનું કયું શેહેર જિતી લીધું હતું ?

એનાં મરણ પછી એના દીકરાઓ વચ્ચે શા માટે લડાઈઓ થઈ હતી ?

પછી આખરે કોણ, અને કયાં વર્ષમાં તખ્તનો માલિક થયો હતો ?

એ કેટલાં વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો હતો ?
એની પછી કોણ, અને કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

અર્દવાનને કોણની સાથ લડાઈ કરવી પડી હતી, તથા તેમાં પરિણામ શું નિપજ્યું હતું ?

પછી કયા લોકોએ, અને કોણની સરદારી હેઠલ બળવો ઉઠાવ્યો હતો ?

તેઓ વચ્ચે કયાં લડાઈ થઈ હતી, અને તેમાં કોણ હાર્યું હતું ?

આથી કયા વંશની સ્થાપના થઈ હતી ?

પત્ર ૨૬ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્ર ઉપરથી તમોએ જોયું હશે કે **અર્દશીર-બાબેગાન** નામના એક બહાદૂર ઈરાની સરદારે હુરમઝના મેદાનમાં **અર્દવાન** સાથે એક મોટી લડાઇ કરી પાર્થિયાનાં રાજ્યનો ઈ૦ સ૦ ૨૨૬) માં અંત આણ્યો, જેથી ઈરાનની ગાદી ઉપર પાછા અસલી ઈરાનીઓના એક મોટા વંશની સ્થાપના થઈ, કે જેને **સાસાનિયાન** વંશ કરી કેહેછે. આ **અર્દશીર-બાબેગાન**નાં ખાનદાન વિષે એવું કેહેછે કે તે **અર્દશીર-દશાઝદસ્ત**ની ઓલાદનો હતો, અને તેની માનું ખાનદાન બાબક નામના એક હાકેમના વંશનું હતું. તેથીજ એને **અર્દશીર-બાબેગાન** કરી કેહેછે.

એણે તખ્ત ઉપર આવતાંને વાર ઈરાનીઓની હાલતમાં ઘણોક સુધારો કીધો હતો. "એનાં રાજ્યની હદ છેક યુફ્રેતિસ થીને સિંધુ નદી લગણની હતી." રોમને લગતાં ઘણાંક શેહેરો એણે પોતાને તાબે કર્યાં હતાં, તથા પોતાનું પાયતખ્ત મદાએન શેહેરમાં કીધું હતું. જરથોસ્તી ધર્મ જે એના વખતની આગમન પડતી દશામાં આવેલો હતો, તે એણે પાછો તાજો કીધો, તથા શેહેરમાંથી જુદ્દીનની રસમો તરક કીધી.

એ પાદશાહ ઘણો બહાદૂર તથા પ્રમાણિક હતો. મરતી વેળાએ એણે પોતાના દીકરા શાહપૂરને આ પ્રમાણે શિખામણ આપી હતી;—

"યાદ રાખજે કે પાદશાહ તરીકે તને તારા દેશ
"તથા ધર્મનો બંચાવ કરવાની ફરજછે. તું ધર્મ અને
"રાજ્યને એક બીજાંથી જુદાં ના ગણતો. ધર્મ વિના
"પાદશાહ જુલમી કેહેવાએછે. રાજ્ય વિના ધર્મ હોય,
"પણ ધર્મ વિના રાજ્ય હોય નહીં. તું મગરૂબી કર્યા
"વગર નેકીનો અને ધર્માતુપણાંનો દાખલો તારી પ્ર-
"જાને આપજે. તું દુખની વેળા હિંમત ધરજે, અને
"સુખની વેળા ડહાપણથી રેહેજે."

એ પાદશાહે કારનામે-અર્દશીર એવે નામનું એક પુસ્તક લખ્યું હતું, તથા ૧૪) વર્ષ લગણ રાજ્ય કરી ઈ૦ સ૦ ૨૪૦) માં મરણ પામ્યો હતો.

એની પછી એનો દીકરો શાહપૂર ઈરાનનાં તખ્ત

ઉપર બેઠો હતો. એ પણ પોતાના બાપના જેવોજ નામાંકિત થઈ ગયોછે. એણે યુફ્રેતિસ નદીની આસપાસના શોમને લગતા પ્રાંતોનો નાશ કીધો, તથા નિસીબીસનો કિલ્લો જિતી લીધો, અને ઈદીસાનાં શેહેર આગળ ઈ૦ સ૦ ૨૬૦) માં રૂમીઓ સાથે લડાઈ કરી તેમને હરાવ્યા, તથા તેઓના શાહનશાહ વેલેરિયનને પકડી ઈરાન તરફ લઈ ગયો.

પછી વેલેરિયનના વારસ ઓરેલિયને એની સાથે એક લડાઈ કરી એને હરાવ્યો. એ ઈ૦ સ૦ ૨૭૧) માં મરણ પામ્યો હતો. એની પછી એનો દીકરો હુરમજ તખ્ત ઉપર આવ્યો હતો. તેનાં રાજ્યની બિના આવતા પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

સાસાનિયાન વંશનો પેહેલો પાદશાહ કોણ હતો?
અર્દેશીર બાબેગાનનાં જ્ઞાનદાન વિષે શું કેહેછે?
એણે તખ્ત ઉપર આવતાંને વાર શું કીધું હતું?
એનાં રાજ્યની હદ કયાં લગણની હતી?
એણે પોતાનું પાયતખ્ત કયાં કીધું હતું?
જરથોસ્તી ધર્મ એણે કેવી હાલતમાંથી પાછો તાજો કીધો હતો?

અર્દેશીર પાદશાહે કયું પુસ્તક લખ્યું હતું તથા કેટલાં વર્ષ રાજ્ય કરી કયાં વર્ષમાં મરણ પામ્યો હતો?

એની પછી એનાં તખ્ત ઉપર કોણ બેઠો હતો ?

શાહપૂરે કયા પ્રાંતોનો નાશ કીધો હતો, તથા કયો કિલ્લો જિતી લીધો હતો ?

એણે કયાં શેહેર આગળ રૂમીઓ સાથે લડાઇ કીધી હતી ?

આ લડાઈ કયાં વર્ષમાં થઈ હતી, તથા તેમાં કોણ હાર્યો હતા ?

તેઓના શાહનશાહને એ કયાં લઈ ગયો હતો ?

પછી કોણે એની સાથે લડાઇ કરી એને હરાવ્યો હતો ?

એ કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ એનાં તખ્ત ઉપર આવ્યો હતો ?

પત્ર ૨૭ મો.

મારી પ્યારી દીકરી,

ઈશાનની જે ટુક તવારિખ હું તમારી ઉપર દરેક પત્રમાં લખી મોકલું છું, તે વાંચવાને તમો ઘણી ખાએસ રાખતાં દીસોછે, તેથી એ બાબત વિષે લખવાનું જારી રાખવાને મને ઘણી ખુશી ઉપજેછે. મેં તમારી ઉપર લખેલા સઘળા પત્ર તમોએ સારીપેઠે યાદ રાખ્યા હોયતો, હું ધારૂંછું કે તમો કાંઇ આપણાં અસલ વતન ઈશાનની તવારિખથી તદન બેખબરાં નહીં કેહેવાવો.

તમો જાણોછો કે શાહપૂરની પછી તેનો દીકરો હુરમજ ઈરાનનાં તખ્ત ઉપર ઈ. સ. ૨૭૧) માં આવ્યો હતો. તેની આગમન એ ખોરાસાનનો હાકેમ હતો. એણે માત્ર એકજ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું, તથા શમહુરમજ નામનું શેહેર વસાવ્યું હતું.

એની પછી એનો દીકરો **બેહરામ** ઈ. સ. ૨૭૨) માં તખ્ત ઉપર આવ્યો હતો. એના વખતમાં **માની** નામનો એક શખ્સ કે જેણે પાદશાહ **શાહપૂર**ના વખતમાં પેગંબરી દાવો ઉઠાવી **માનીકિયન** નામનો ધર્મ સ્થાપ્યો હતો, તેને તથા તેના કેટલાક ચેલાઓને મારી નાખવામાં આવ્યા હતા. એ પાદશાહ ૩) વર્ષ રાજ્ય કરી ઈ. સ. ૨૭૫) માં મરણ પામ્યો હતો. એની એક કેહેવત ઘણી સરસછે, તે તમારે માટે અહીં લખુંછું, તે વાંચી તમો સદા તે પર અમલ કરજો. તે કેહેતો કેઃ—

"દયા એ બોલનું બયાન થઈ શકે નહીં, કારણ કે તેમાં બધી તરાંહની નેકી આવેલીછે."

બેહરામની પછી તેનો દીકરો **બેહરામ-બીજો** તખ્ત ઉપર બેઠો હતો. એણે લોકો પર કેટલોક જુલમ ગુજારવા માંડયો, જેથી તેઓ કંટાલીને એને તખ્ત ઉપરથી ઉઠાડી મેલવાનીગોઠવણ કરવા લાગ્યા, પણ તેવામાં એના મુખ્ય દસ્તૂરે એને કેટલીક અસરકારક નશિહતો દીધી; જેથી એનાં દીલમાં ઘણી અસર થઈ, અને પોતાની ચાલચલણમાં તદન ફેરફાર કરી નાખ્યો. એ ૧૭) વર્ષ લગણ રાજ્ય કરી ઈ. સ. ૨૯૨) માં મરણ પામ્યો.

એની પછી એનો દીકરો **બેહરામ-ત્રીજો** તખ્ત ઉપર બેઠો હતો, કે જેણે માત્ર ચાર માસ રાજ્ય કર્યું હતું, તેથી તેનાં રાજ્યમાં કાંઈ જાણવાજોગ બિના બની હતી નહીં.

એની પછી એનો ભાઈ **નારસી** તખ્ત ઉપર આવ્યો હતો. તેણે **મિસોપોટેમ્યા** ઉપર ચઢાઈ કરી તે જિતી લીધું, તથા **આર્મીનિયાનો** સઘળો મુલક પોતાને સ્વાધીન કરી લીધો. "ત્યાર બાદ **રોમ**ના શાહનશાહ **ગેલેરીઅસ** સાથે એને એક લડાઈ થઈ, તેમાં એ હાર્યો ગયો; પણ ફરીથી પાછી એક બીજી લડાઈમાં એણે **ગેલેરીઅસને** હરાવ્યો. આથી તે નાસીને પાછો **રોમ** ગયો. બીજે વર્ષે વળી પાછું એક મોટું લશ્કર લઈ **ગેલેરીઅસે નારસી** ઉપર હુમલો કર્યો, અને તેને હરાવ્યો." ત્યાર બાદ તેઓ વચ્ચે સુલેહના કોલકરારો થયા, અને **નારસી** ઈ. સ. ૩૦૧) માં નવ વર્ષ લગણ રાજ્ય કરી મરણ પામ્યો.

એની પછી એનો દીકરો **હુરમઝ-બીજો** તખ્ત ઉપર આવ્યો. એણે પોતાના દેશમાં ઘણો સુધારો કર્યો હતો, તથા લોકોને સારી રીતે ઈનસાફ આપ્યો હતો. એ સાત વર્ષ લગણ રાજ્ય કરી ઈ. સ. ૩૦૮) માં મરણ પામ્યો હતો. એ મરણ પામ્યો તે વેળાએ એને પેટે કાંઈ છોકરાં મોજુદ હતાં નહીં; પણ એની એક રાણી હમેલદાર હતી, તેને એક દીકરો જન્યો, કે જેને શાહ-**પૂર-બીજા**નાં નામથી તખ્ત ઉપર બેસાડયો. એનાં રાજ્યની હકીકત હવે પછીના પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

હુરમજ્જ પાદશાહ તખ્ત ઉપર આવ્યો તેની આગમજ કયાંનો હાકેમ હતો.

એણે કેટલાં વર્ષ રાજ્ય કીધું હતું, તથા કયું શેહેર વસાવ્યું હતું ?

એની પછી કોણ, અને કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

બેહુશમના વખતમાં કોણને મારી નખાવ્યા હતા ?

બેહુશમની પછી કોણ તેનાં તખ્ત ઉપર બેઠો હતો ?

બેહુશમ-બીજાએ કેવી રીતે રાજ્ય ચલાવવા માડયું હતું ?

પછી એણે શાથી એકદમ પોતાની ચાલચલણમાં ફેરફાર કરી નાખ્યો હતો ?

એ કયાં વર્ષમાં મરણ પામ્યો હતો, અને કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?

એની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો, તથા તેણે કેટલા મહિના રાજ્ય કીધું હતું ?

પછી ઈશાનનું રાજ્ય કોણને હસ્તક આવ્યું હતું ?

નારસીએ કયા મુલકો જિતી લીધા હતા ?

પછી એને કોણ સાથે લડાઈ થઈ હતી, અને તેમાં કોણ હાર્યો હતો ?

પછી ફરીથીની લડાઇમાં કોણ હાર્યો હતો ?

બીજે વર્ષે ગેલેરીઅસે શું કીધું હતું, અને તેમાં કોણ હાર્યું હતું ?

પછી નારસી કયાં વર્ષમાં મરણ પામ્યો, અને તેની પછી કોણ તખ્ત ઉપર આવ્યો ?

હુરમજ્જ-બીજાએ કેવી રીતે રાજ્ય ચલાવ્યું હતું ?

એ કયાં વર્ષમાં મરણ પામ્યો હતો, તથા કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?

એની પછી એનાં તખ્ત ઉપર કોણને બેસાડયો હતો ?

પત્ર ૨૮ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાંથી તમારા જાણ્યામાં આવ્યું હશે કે **હુરમજ**-બીજાનાં મરણ પછી તેના તરતના નમેલા દીકરા **શાહપૂર**-બીજાને તખ્ત ઉપર બેસાડયો હતો, અને તે ઉંમરે પુગે ત્યાં લગણ રાજ્યનો સઘળો કારોબાર મુખ્ય દસ્તૂરો તથા વજીરોએ ચલાવ્યો હતો. આવી તક જોઈ આસપાસના મુલકોના લોકોએ વારેઘડીએ એનાં રાજ્ય ઉપર હુમલા કર્યા કીધા, તથા દક્ષિણ તરફના આરબ લોકોનાં ટોળાંઓતો **ઈશાન**માં હથિયારો સમેત પેઠાં, તથા કેટલીક ખરાબી કીધી. જ્યારે શાહપૂર પોતાની ઉમરે પહોંચ્યો, ત્યારે તેઓને એણે ઘણી સખ્ત શિક્ષા કીધી, તથા તેમનાં ખભાંનાં હાડકાં ભંજાવી નાખ્યાં. આથી આરબ લોકો એને **શાહપૂર-ઝુલકતાફ** એટલે ખભાંવાળો **શાહપૂર** કરી કેહેછે. એણે આરબ લોકોમાં પોતા વિષે ભારે ભય બેસાડયો હતો, તથા તેઓને પોતાના મુલકમાંથી તદ્દન નાબુદ કીધા હતા.

એણે **મિસોપોટેમ્યા**નો મોટો ભાગ જિતી લીધો હતો, તથા **રોમ**ના નામીચા શાહનશાહ **કોનસ્તેન**-

શિયસ, જુલિયન અને જોવિયન એ ત્રણેને એક પછી એક હરાવ્યા હતા. એ પોતાની ૭૧) વર્ષની ઉંમરે ઈ. સ. ૩૭૯) માં મરણ પામ્યો હતો. એની એક શિખામણ ઘણી ધ્યાન પહોંચાડવા જોગછે. તે કેહેતો કેઃ—

"વાતચિત્ત કરવામાં ઘણા મિઠા શબ્દો વાપરવા "જોઈએ, કારણ કે ખરાબ શબ્દોથી તલવારના ઘાહ "કરતાં પણ ઘણી ઝેહેરી અસર થાયછે."

શાહપૂર-ઝુલકતાફની પછી તેનો ભાઈ અર્દશીર-બીજો ઈરાનનાં તખ્ત ઉપર બેઠો હતો. એણે ચાર વર્ષ લગણ રાજ્ય કર્યું હતું, પણ તેમાં કાંઈ જાણવાજોગ બિના બની નહીં હતી.

એની પછી એનો ભત્રિજો શાહપૂર-ત્રીજો ઈ૦ સ૦ ૩૮૩) માં તખ્ત ઉપર આવ્યો હતો. એ ઘણો નેક તથા અદલ પાદશાહ હતો. એણે પણ માત્ર પાંચ વર્ષ રાજ્ય કર્યું હતું, અને કેહેછે કે જ્યારે એ એક વેળાએ ઉંઘમાં હતો, ત્યારે એનો તંબુ પવનના જોરથી એનાં દિલ ઉપર તુટી પડવાથી એ મરણ પામ્યો હતો.

એની પછી એનો ભાઈ બેહરામ-ચોથો ઈરાનનાં તખ્ત ઉપર ઈ૦ સ૦ ૩૮૮) માં આવ્યો હતો. તેની આગમન એ કેરમાનનો હાકેમ હતો, તેથી એને બેહરામ-કેરમાનશાહ કરી કેહેછે. એણે ૧૧) વર્ષ લગણ રાજ્ય કર્યું હતું, અને ઈ૦ સ૦ ૩૯૯) માં મરણ પામ્યો હતો.

એની પછી **યઝ્દજર્દ-ઉલાથીમ** તખ્ત ઉપર આવ્યો હતો. ઉગમણુ તરફના ગ્રંથકારો એને માટે લખે-છે કે "એ ઘણો ધાતકી તથા મોજશોખમાં ચકચુર હતો." એથી ઉલટું પશ્ચિમ તરફના ગ્રંથકારો એને માટે જણાવેછે કે "એ ઘણો નેક તથા દાનાવ હતો." રોમના શાહનશાહ **આરકેડિયસે** પોતાના નહાના દી-કરા **થીઓદોશિયશનો** એને રખેવાળ ઠેરવ્યો હતો, અને તે કામ એણે વિશ્વાસથી બજાવ્યું હતું. એણે લોકોને પોતાની મરજીમાં આવે તે ધર્મ પાળવાની છુટ આપી હતી, તેથી દસ્તૂરો તથા મોબેદો એની ઉપર ઘણા ગોસ્સે થયા હતા. એ ૨૧) વર્ષ લગણ રાજ્ય ચલાવી ઈ૦ સ૦ ૪૨૦) માં મરણ પામ્યો હતો. એનો દીકરો **બેહરામ-પાંચમો** એની પછી રાજ્યનો માલેક થયો હતો, તેનાં રાજ્યની હકીકત બીજા પત્રમાં તમારી ઉપર લખીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

શાહપૂરનાં રાજ્યનો કારોબાર કોણે ચલાવ્યો હતો ? આ તક જોઇ કોણ એના દેશમાં પેઠા, તથા ખરાબી કીધી ?

શાહપૂરે પોતાની ઉંમરે પહોંચ્યા પછી તેઓને શું શિક્ષા કીધી હતી ?

આથી આરબ લોકો એને શું કેહેછે ?

એણે કયું શેહેર જિતી લીધું હતું, તથા કયા પાદશાહોને હરાવ્યા હતા ?

એ પોતાની કેટલાં વર્ષની ઉંમરે, અને કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો ?

અર્દેશીર-બીજાએ કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા તેની પછી કોણ તખ્ત ઉપર બેઠો હતો ?

શાહપૂર-ત્રીજાએ કેટલાં વર્ષ રાજય કર્યું હતું, તથા શાથી મરણ પામ્યો હતો ?

એની પછી કોણ, તથા કયાં વર્ષમાં તખ્ત ઉપર આવ્યો હતો ?

તે આગમજ એ કયાંનો હાકેમ હતો ?

એણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ તખ્ત ઉપર આવ્યો હતો ?

ઉગમણુ તરફના તથા પશ્ચિમ તરફના ગ્રંથકારો એને માટે શું લખેછે ?

કયા શાહનશાહે એને પોતાના દીકરાનો રખેવાળ ઠેરવ્યો હતો ?

એની ઉપર દસ્તૂરો તથા મોબેદો શા માટે ગોસ્સે થયા હતા ?

એનાં મરણ પછી કોણ રાજ્યનો માલિક થયો હતો ?

પત્ર ૨૯ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાંથી તમે જાણ્યું હશે કે યઝદ-જદ્દ-ઉલાથીમની પછી તેનો દીકરો બેહરામ-પાંચમો

ઈરાનનાં રાજ્યનો માલેક થયો હતો. એણે **નોમન** નામના એક અરબ સરદાર પાસે કેળવણી લીધી હતી. એ ગધેડાંનો શિકાર કરવાનો ઘણો શોખી હતો, તેથી એને **બેહરામ-ગોર** કરી કેહેછે. એને ગાયનનો પણ ઘણો શોખ હતો, તેથી કેટલાક ગવૈયા બાહેર દેશોથી ઈરાનમાં બોલાવી મંગાવ્યા હતા.

પછી **તાતારના** ખાને એની સાંમે લડાઈ કરવાને માટે ૨૫૦૦૦) માણસોનાં એક લશ્કર સહિત **જહુન** નદી ઓળંગી, અને **ખોશરાન**નો મુલક તારાજ કીધો. પછી **બેહરામ** ૭૦૦૦) બહાદૂર સિપાહોનું એક લશ્કર લઈ તેની સાંમે ગયો, અને તેના મુખ્ય સરદારોને મારી નાખ્યા.

ત્યાર બાદ **બેહરામને** ફ્રમના શાહનશાહ સાથે કાંઈ સબબને લીધે લડાઈ કરવી પડી, પણ તેમાં બંને બાજુનું લશ્કર સરખું ઉતરવાથી તેઓ વચ્ચે સલાહ થઈ. પછી **બેહરામ** ઈ. સ. ૪૪૧) માં મરણ પામ્યો.

એનો પછી એનો દીકરો **યઝદજર્દ-બીજો** ઈરાનનાં તખ્ત ઉપર બેઠો. એ ઘણો ડહાપણ વાળો, તથા નેક પાદશાહ હતો. એણે પોતાના વજીરો, દરબારીઓ, તથા સિપાહો સાથે ઘણી સારી ચાલ ચલાવી પોતાના દેશને સમાધાનીમાં રાખ્યો હતો. એણે એકવાર ફ્રમમાં કાંઈ ચોથાઈના વાંધાસર પોતાના વજીર **મેહેરનારસી**ની સરદારી હેઠલ એક લશ્કર મોકલ્યું હતું, તે લશ્કરે એક

નહાની જેવી લડાઇ કર્યા પછી ફમના શાહુનશાહે તેઓની સાથે સુલેહના કોલકરારો કર્યા હતા. યઝદજર્દ-બીજો ૧૮) વર્ષ લગણ રાજ્ય કરી ઈ. સ. ૪૫૯) માં મરણ પામ્યો હતો.

એની પછી એનો દીકરો હુરમઝ તખ્ત ઉપર બેઠો, પણ તેને એક વર્ષમાં ઉઠાડી મુકી તેના ભાઈ ફીરઝે તખ્ત લીધું. ફીરઝનાં રાજ્યની શરૂઆતમાં સાત વર્ષ લગણ ઈશાનમાં એક સખ્ત પાણીની ટીપણી પડી હતી, જેથી લોકોના જાનોની ઘણી ખરાબી થઈ, પણ પછી સાતમે વર્ષે વરસાદ વરસ્યાથી પાછી સઘળે આબાદાની થઈ ગઈ.

પછી એણે તાતાર દેશના ખુશનુજ નામના પાદશાહ ઉપર ચઢાઇ કીધી. તેમાં એનાં લશ્કરની નબરી હાર થઈ. આથી એણે ફરીથી પોતાના વજીરો તથા મોબેદોએ ના કહ્યા છતાં એક મોટું લશ્કર એકઠું કરી ખુશનુજ ઉપર ચઢાઈ કરવા માટે જહૂન નદી ઓળંગી, પણ તેનાં લશ્કરનો મોટો ભાગ એક ઉંડો ખાહી કે જે ખુશનુજે એ કારણસર ખોદાવી ઉપરથી ઝાડની ડાંખળીઓ તથા માટોડીથી ચીણી લીધી હતી, તેમાં પડી ગયો અને મરણ પામ્યો. ફીરઝે ૨૬) વર્ષ લગણ રાજ્ય કર્યું હતું, અને ઇ. સ. ૪૮૬) માં મરણ પામ્યો હતો.

એનો પછી એનો દીકરો પાલાસ તખ્ત ઉપર આવ્યો હતો. તેણે માત્ર ચાર વર્ષ લગણ રાજ્ય કર્યું હતું,

અને તે રાજ્યમાં કાંઇ જાણવા જોગ બિના બની નહીં હતી.

એની પછી એનો ભાઇ કોબાદ ઈ. સ. ૪૯૦) માં તખ્ત ઉપર બેઠો. એનાં રાજ્યનાં દશમાં વર્ષમાં મજ્દક નામનો એક ઠગારો નવો ધર્મ ઉઠાવવાને માટે પેગંબરી દાવો લઈ બેઠો હતો. તેના નવા ધર્મની મુખ્ય મતલબ એ હતી કે "ખોદાતાલાએ જે આ દુનિયામાં સઘળી ચીજો, નિર્જીવ કે જીવનંત, પેદા કીધેલીછે, તે સર્વેના ઉપ્યોગને માટેછે, વાસ્તે કોઈ શખ્સથી કાંઇ પણ ચીજ એકલી વપરાઈ શકે નહીં." આ નવો ધર્મ ઘણાખરા લોકોએ પસંદ કર્યો, તથા કોબાદ પોતે પણ તેને મદદ કરવા લાગ્યો. આથી દેશમાં ઘણી ખરાબી થઇ, અને જેઓ સમજી હતા, તેઓ કમકમવા લાગ્યા. પછી એના કેટલાક વજીરો તથા મોબેદોએ એકસંપ થઈ એને બંદીખાને નાખ્યો, તથા એના ભાઈ જામાસ્પને તખ્ત ઉપર બેસાડયો. પણ પછી કોબાદે બંદીખાંનામાંથી નાસી આવી પાછું પોતાનું રાજ્ય લીધું.

ત્યાર બાદ તેણે રૂમીઓ સાથે બે વાર લડાઇ કરી તેમને હરાવ્યા. પછી વળી શાહનશાહ જસ્તીનિયનના વખતમાં તેઓ વચ્ચે એક લડાઈ થઈ, તેમાં પણ કોબાદે રૂમીઓને હરાવ્યા. પછી તેઓ વચ્ચે સલાહ થઈ, અને કોબાદ ઈ. સ. ૫૩૧) માં ૪૧) વર્ષ લગણ રાજ્ય કરી મરણ પામ્યો. એની પછી એનો દીકરો નોશીરવાન

તખ્ત ઉપર આવ્યો, જેનાં નામીચાં રાજ્યની હકીકત આવતા પત્રમાં હું તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

બેહરામ પાદશાહે કોણ પાસે કેળવણી લીધી હતી ? એને ઘણા શોખો શાના હતા ?

પછી કોણે, તથા કેટલાં માણસો સહિત, તથા કઇ નદી ઓળંગી એની ઉપર ચઢાઈ કીધી, તથા એનો કયો મુલક તારાજ કીધો ?

બેહરામ તેની સામે કેટલું લશ્કર લઈ ગયો, તથા કોણને મારી નાખ્યા ?

ત્યાર બાદ એને કોણ સાથે લડાઇ કરવી પડી હતી, તથા તેમાં શું થયું હતું ?

પછી **બેહરામ-ગોર** કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ એનાં તખ્ત ઉપર બેઠો હતો ?

યઝદજર્દ-બીજાએ કયાં, શું કારણસર, તથા કોણની સરદારી હેઠલ લડાઈ કરવા લશ્કર મોકલ્યું હતું ?

પછી **ફમના** શાહનશાહે તેઓની સાથે શું કીધું હતું ?

યઝદજર્દ-બીજાએ કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, અને કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ એનાં તખ્ત ઉપર બેઠો હતો ?

હુરમઝને એક વર્ષમાં ઉઠાડી મુકી કોણે તખ્ત લીધું હતું ?

ફીરઝનાં રાજ્યની શરૂઆતમાં **ઈરાન**માં શું થયું હતું ?

પછી કયે વર્ષે પાછો વરસાદ વરસ્યો, અને આબાદાની થઈ ?

ફીરૂઝે કયાં ચઢાઇ કીધી હતી, તથા તેમાં તેનાં લશ્કરનું શું થયું હતું ?

ફરીથી એ **ખુશનુજ** ઉપર ચઢાઇ કરવા કયાં ગયો હતો ? તેમાં તેનાં લશ્કરનું શું થયું હતું ?

ફીરૂઝે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, અને કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ એનાં તખ્ત ઉપર બેઠો હતો ?

પાલાસે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા તેનું તખ્ત કોણને મળ્યું હતું ?

કોબાદનાં રાજ્યનાં કયાં વર્ષમાં, અને કોણે પેગંબરી દાવો ઉઠાવ્યો હતો ?

મઝદકના ધર્મની મુખ્ય મતલબ શું હતી ?

આ નવા ધર્મને **કોબાદે** મદદ કર્યાથી દેશમાં શું થયું હતું ? પછી એના વજીરો તથા મોબેદોએ એકસંપ થઈ એને શું કીધું, તથા એની જગાએ કોણને તખ્ત ઉપર બેસાડયો ?

કોબાદે બંદીખાનેથી નાસી જઇ શું કીધું હતું ?

ત્યારબાદ તેણે કોણ સાથે લડાઈ કરી તેમને હરાવ્યા હતા ?

પછી વળી પાછા કયા શાહનશાહના વખતમાં **કોબાદે** રૂમીઓને હરાવ્યા હતા ?

કોબાદે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એની પછી કોણ એનાં તખ્ત ઉપર આવ્યો હતો ?

પત્ર ૩૦ મો.

મારી પ્યારી દીકરી,

છેલ્લા પત્રમાં આપણે **કોબાદ**નાં રાજ્યની બિના જાણી. હવે આપણ તેના દીકરા **નોશીરવાન**નાં

રાજ્યની બિના જાણ્યે. તમો જાણોછો કે **નોશીરવાન** ઈ. સ. ૫૩૧) માં ઈરાનનાં તખ્ત ઉપર આવ્યો હતો એ ઘણો નેક તથા અદલ પાદશાહ હતો, તેથી એને **નોશીરવાન-આદેલ** કરી કેહેછે. એણે તખ્ત ઉપર આવતાંનેવાર પોતાની દરબારમાનાં સઘળાં માણસોને એકઠાં કરી કહી સંભળાવ્યું કેઃ—

" પાદશાહ તરીકે મારી હકુમત તમારાં આંગ ઉ-
" પર ચાલશે, તમારાં અંતકરણ ઉપર ચાલનાર નથી;
" કારણ કે અંતકરણનો છુપો ભેદ જાણનાર પાક પર-
" વરદેગાર શિવાય બીજો કોઇ નથી. એ ઉપરથી હું
" તમોને એવું કેહેવા માગું છું કે, તમારાં જાહેર કામ
" વતરોગે, તમારી મરજી ઉપર મારો કાબુ ચલાવવાનો
" હું કશો દાવો કરનાર નથી; પણ તમોને પોતાને ઈ-
" નસાફના પવિત્ર કાયદાઓને આધીન રેહેવું જોઇશે.
" મારી હકુમતનો પાયો ઈનસાફ તથા ઈમાનદારીનાં
" મજબૂત સાધન ઉપર નાખેલોછે. તે પ્રમાણે ચાલ્યા-
" થી આપણું રાજ્ય આબાદાની ઉપર આવશે, અને
" મારાં નામને જાવેદાન સુધી જેમ મલશે."

ત્યાર બાદ **નોશીરવાને** પેલા **મઝદક**નો તથા તેનો ધર્મ પાળનારાઓનો નાશ કીધો, અને પછી પોતાના દેશમાં ઘણોક સુધારો કર્યો, તથા કેટલાક પુલો, કિલ્લાઓ, અને નવી ઈમારતો બંધાવી; તેમજ કેટલીક નિશાળો તથા મદરેસાઓ પણ સ્થાપી હતો.

પોતાનાં રાજ્યના એણે ચાર ભાગો કર્યા હતા. ોમાં " પેહેલા ભાગમાં **ખોરાસાન**, **સિસ્તાન**, અને **ેરમાન** આવેલાં હતાં; બીજામાં **ઈસ્ફહાન**, **કુમ**, **ગી-ન્નાન**, **આજરબીજાન**, અને **આર્મીનિયા** આવેલાં હ-તાં; ત્રીજામાં **ફારસ** તથા **અહવજ** આવેલાં હતાં; અને ચોથામાં **ઈરાક**નો મુલક છેક **રૂમ**ની શાહનશાહતની હ-દ લગણ આવેલો હતો." એ ચારે ભાગોમાં રાજ્ય ચ-લાવવાને તેણે પોતાના ચાર વિશ્વાશુ વજીરોને નેમ્યા હતા.

નોશીરવાન પાદશાહનો **બુજરજ-ચે-મેહેર** નામે એક ઘણોજ ડહાપણ તથા હુશિયારી વાળો વજીર હતો, અને તેની સલાહથી એ પોતાનાં સઘળાં કામકાજો ક-રતો હતો. એણે રૂમીઓ સાથે કેટલીક લડાઈઓ કીધી હતી, તથા **સિરિયા**નો મુલક તાબે કર્યો હતો, અને **એનટીઓક**નું નામીચું શેહેર પણ જિતી લીધું હતું.

ત્યાર બાદ એનો એક દીકરો **નુશીઝાદ** કે જે ખ્રિસ્તી ધર્મ ઉપર પોતાનો એતેકાદ રાખતો હતો, તેણે પોતાના બાપને બાહેરની લડાઈમાં ગુંતાએલો જોયાથી **ઈરાન**માં એક હુલડ ઉઠાવ્યું. આથી **નોશીરવાને** તેને બંદીખાને નખાવ્યો. પછી તેણે બંદીખાનેથી છુટી જઈ **ફારસ** તથા **અહવજ**માં એક બળવો ઉઠાવ્યો. તે મે-સાડી દેવા **નોશીરવાને** પોતાના **શમબુરજીન** નામના એક સરદારને મોકલ્યો, કે જેણે ત્યાં જઈ **નુશીઝાદ** ઉ-પર સેહેલથી ફતેહ મેળવી, અને તેને મારી નાખ્યો.

આ વેળાની નોશીરવાનની એક નશિહત ઘણીજ ધ્યાન પહોંચાડવા જોગછે, તે તમારા માટે નિચે ટાંકું'છું':—

" એક મોટાં ખાનદાનનો શખ્સ અગરનો બદ
" ખવાસ બતાવે તો આપણે તેનાં ખાનદાન નહીં પણ
" તેની ચાલચલણ તરફ જોવું જોઈએ. એક બદ
" માણસ પાપી કામની સાંમે હથિયાર બાંધે તો તેને
" જે સજા થાય તેમાં તેનોજ વાંકછે, અને સજા કર-
" નારનો કાંઈ વાંક નથી."

નોશીરવાન પાદશાહના વખતમાં ઈરાનમાં કેળવણી સંબંધી ઘણા સુધારા થયા હતા. એણે ઈરાનની તવારિખને લગતી કેટલીક નોધો એકઠી કીધી હતી, તથા હિતોપદેસ ઈયાને પંચોપાખીઆનની ચોપડીનો તરજુમો કરાવ્યો હતો. મરતી વેળા એણે પોતાના દીકરા હુરમઝ-ત્રીજાને કેટલીક ઉમદા નશિહતો આપી હતી. તે એ પ્રમાણે બોલ્યો કે;—

" મારા પ્યારા દીકરા, તું તારી પ્રજાનું હમેસાં
" સારૂં કરતો રેહેજે; તારી દિયાનત પાખ રાખજે; ઈ-
" નસાફની રાહે ચાલજે; બંદગીમાં મશગુલ રેહેજે; દુ-
" ખીઓને સાહુ થજે; કેળવણીનો ફેલાવો કરજે; તારી
" બાયડી છોકરાંપર હેત રાખજે; ખરાબ માણસોને સ-
" જા કરજે; સારાં માણસોને મદદ આપજે; ડાહ્યાં મા-
" ણસોની સલાહ લેજે; બોદ્ધાથી બિહિતો રેહેજે; સા-
" ચું બોલજે; અને સર્વનાં સુખમાં તારૂં પોતાનું સુખ

" જાણજે. જો તું આ શિખામણો પ્રમાણે ચાલશે તો
" ખોદાતાલા તારી બંદગી કબુલ રાખશે; તારા દુશમ-
" નોનો નાશ થશે; તારા દોસ્તો તને ચાહશે; અને
" આલમના લોકો તારા ઉપર મગ્ન થશે."

આ શબ્દો બોલી તે અદલ પાદશાહ ઈ૦ સ૦ ૫૭૯) માં મરણ પામ્યો હતો. એણે ૪૮) વર્ષ લગણ રાજ્ય કર્યું હતું. એના વખતમાં મુસલમાનોના પેગંબર મહમદનો જન્મ થયો હતો. એની પછી એનો દીકરો હુરમજ-ત્રીજો તખ્ત ઉપર આવ્યો હતો, તેનાં રાજ્યની હકીકત આવતા પત્રમાં તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

નોશીરવાન પાદશાહ કેવો હતો, તથા તેને કયાં નામથી ઓળખેછે ?

તખ્ત ઉપર આવ્યા પછી એણે કોણનો નાશ કીધો હતો ?
એણે પોતાના દેશમાં શું સુધારા કર્યા હતા ?
પોતાનાં રાજ્યના એણે કેટલા ભાગો કર્યા હતા ?
એ ચારે ભાગોમાં કયા કયા મુલકો આવેલા હતા ?
નોશીરવાન પાદશાહ કોણની સલાહથી પોતાનાં સઘળાં કામકાજો કરતો હતો ?

એણે કોણની સાથે લડાઇઓ કીધી હતી, તથા કયો મુલક તાબે કર્યો હતો, અને કયું શેહેર જિતી લીધું હતું ?
પછી એના કયા દીકરાએ હુલડ ઉઠાવ્યું હતું ?
નોશીરવાને તેને શું કીધું હતું ?

પછી **નુશીઝાદે** બંદીખાનેથી છુટી જઈ કયાં બળવો ઉઠાવ્યો હતો ?

તે એસાડી દેવા **નોશીરવાને** કોણને મોકલ્યો હતો ?

શમબુરઝીને ત્યાં જઇ શું કીધું હતું ?

નોશીરવાને શાને લગતી નોધો એકઠી કીધી હતી, તથા કઇ ચોપડીનો તરજુમો કરાવ્યો હતો ?

એણે મરતી વેળાએ પોતાના દીકરાને શું નશિહતો આપી હતી ?

એણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું, તથા કયાં વર્ષમાં મરણ પામ્યો હતો ?

એના વખતમાં કયા પેગંબરનો જન્મ થયો હતો ?

એની પછી એનાં તખ્ત ઉપર કોણ આવ્યો હતો ?

પત્ર ૩૧ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાં તમે વાંચ્યું હશે કે **નોશીરવાન-આદેલ**ની પછી તેનો દીકરો **હુરમઝ-ત્રીજો** (ઇ૦ સ૦ ૫૭૯) માં **ઈરાન**નાં તખ્ત ઉપર આવ્યો હતો. એની કેળવણી ઉપર એના બાપે ઘણું ધ્યાન આપ્યું હતું, અને પોતાના કાબેલ વજીર **બુઝરજ-ચે-મેહેરને** એનો ઉસ્તાદ ઠેરવ્યો હતો. પોતાના ઉસ્તાદની હયાતી લગણ એની ચાલચલણ ઘણી સારી હતી, પણ તેનાં મરણબાદ તે એકદમ ફેરવાઈ ગઈ. એણે રાજ્યમાં બધી રીતે ખરાબી કરી નાખી, જેથી દેશમાં વારેઘડીએ ફિતૂરો

ઉઠવા માંડયાં. ફ્રમના શાહનશાહનું લશ્કર ઈરાન ઉપર ચઢી આવ્યું, અને કેટલીક લૂટફાંટ તથા ફતેહો મેળવી.

ત્યારબાદ તાતારના બાકાંનનાં એક મોટાં લશ્કરે જહૂન નદી ઓળંગી ઈરાન ઉપર ચઢાઈ કીધી. હુરમઝે પોતાના બેહરામ-ચોબીન નામના એક સરદારને તેની સાંમે ૧૨૦૦૦) બહાદૂર સિપાહોનું એક લશ્કર આપી મોકલ્યો. તેઓ વચ્ચે બોશસ્પાનનાં મેદાનમાં એક મોટી લડાઈ થઈ, અને તેમાં તાતારનું લશ્કર હાર્યું ગયું, તથા બાકાન પોતે માર્યો ગયો.

પછી હુરમઝે "એશક્ષીસ નદીની પેલીમેર" બેહરામને રૂમીઓ સાથે લડવાને મોકલ્યો, કે જ્યાં તે ફાવી શકયો નહીં. આથી હુરમઝે કેટલાક ફરેબબાજ લોકોના સમજાવ્યા ઉપરથી તેને માટે ઓરતના પોશાક ની એક જોડ મોકલી. આ ઉપરથી બેહરામને ઘણું અપમાન લાગ્યું, તેથી તેણે ઈરાનમાં એક હુલડ ઉઠાવ્યું, અને પોતે રાજ્યનો માલેક થવા માગેછે એવું કોઈ નહીં સમજે માટે હુરમઝના દીકરા ખુસરૂ-પરવીઝનાં નામનો શિક્કો પડાવ્યો.

હવે ખુસરૂએ જોયું કે આ કામથી તેના બાપને તેને માટે ખોટો શક આવશે, માટે તે ઈરાનથી નાસી રૂમમાં ગયો. આથી હુરમઝે ખુસરૂના બે મામાઓને બંદીખાને નાખ્યા. તેઓ પોતાના કેટલાક મિત્રોની મદદથી છુટા થયા, અને હુરમઝને કેદ કીધો, તથા તે

ની બે આંખો ફોડી નાખી, કે તે ફરીથી રાજ્ય લઈ શકે નહીં. આ ખબર જેવી ખુસરૂને થઈ તેવોજ તે આવી પોતાના બાપનાં તખ્ત ઉપર બેઠો, પણ વળી તેને બેહરામ-ચોબીન સાથે એક લડાઈ થઈ, જેમાં ખુસરૂ હાર્યો ગયો, અને રૂમના મુલકમાં નાઠો. આ વેળાએ તેના એક મામાએ હુરમજ પાદશાહને બંદીખાનામાં મરાવી નાખ્યો.

પછી બેહરામ-ચોબીન ઈરાનનાં તખ્ત ઉપર બેઠો, પણ ત્યાં કાંઇ તે ઘણોવાર ટકી રહ્યો નહીં, કેમકે રૂમના શાહનશાહ મોરીસે, તથા કેટલીક ઇરાની ફોજે ખુસરૂને મદદ આપી; જેથી તે ઈરાન તરફ ગયો, અને બેહરામ સાથે લડાઈ કરી તેને હરાવ્યો, તથા પોતાનું રાજ્ય પોતાને હસ્તક લીધું.

ખુસરૂએ તખ્ત ઉપર આવ્યા પછી જે લોકોએ એને મદદ કીધી હતી તેમને નવાજેશ કીધી, તથા રૂમનાં રાજ્ય સાથે સલાહ રાખી. પછી શાહનશાહ મોરીસનાં મરણ બાદ એણે રૂમીઓ સાથે લડાઈ કીધી, જેમાં એણે તેઓને હરાવ્યા.

ત્યાર બાદ એણે સીરીયા તથા જુદીઆના મુલકો પોતાને સ્વાધીન કીધા, અને જેરૂસલમનું શેહેર જિતી લઇ જે કુરૂસ ઉપર ખ્રિસ્તીઓના પેગંબર ક્રાઈસ્ટને ફાંસી દીધો હતો તે કુરૂસ ઈરાન તરફ મોકલ્યો, તથા ૯૦૦૦૦) ખ્રિસ્તીઓને બંદીવાન કીધા. પછી "ઈ.

સ. ૬૧૪) માં મિસર દેશ ઉપર સવારી કરીને સિકંદ્રી-આનું નામીચું શેહેર તાબે કીધું. બીજે વર્ષે કેલસિ-દોનને ઘેરો ઘાલી તે પણ લીધું."

હવે ફમના શાહનશાહ હીરેકલીઅસે ખુસરૂ સા-થે સુલેહ કરવાને માટે એલચીઓ મોકલ્યા, પણ ખુસરૂએ તેમ કરવાને ના પાડી, અને તેને પોતાનો ધર્મ તજી જરથોસ્તી ધર્મ અખત્યાર કરવાને કેહેવડાવ્યું. આ ઉપરથી હીરેકલીઅસને ઘણું માઠું લાગ્યું, અને તેથી તેણે એક મોટું લશ્કર લઈ ખુસરૂ સાથે લડાઈ કીધી, અને તેને હરાવ્યો. આ વખતે પણ હીરેકલીઅસે તેને સલાહ કરવાને કેહેવડાવ્યું, પણ તે તેણે ના પાડી. આથી એની પ્રજા ગોસ્સે થઈ, અને કેટલાક લોકો-એ એના એક દીકરા શીરોએની સાથે સંપ કરી એને બંદીખાને નખાવ્યો, કે જ્યાં એ અધર્મી દીકરાએ પો-તાના બાપને ઈ. સ. ૬૨૮) માં મારી નખાવ્યો. એણે ૩૮) વર્ષ લગણ રાજ્ય કર્યું હતું.

ખુસરૂ-પરવીઝ પણ ઈરાન દેશના પાદશાહોમાં એક નામીચો પાદશાહ થઈ ગયોછે. કેહેછે કે એણે દ-રેક ઋતુમાં પોતાને રેહેવાને માટે જુદે જુદે ઠેકાણે મેહેલો બંધાવ્યા હતા. એની શીરીન નામે એક ઘણીજ ખુબ-સુરત રાણી હતી, અને જેણીની ઉપર એ ઘણોજ પ્યાર રાખતો હતો. એની ઉપર મુસલમાન લોકોના પેગંબર મહમદે પોતાનો ધર્મ કબુલ રાખવા માટે એક નામું મો-

કલ્યું હતું, કે જે એણે કાશાસુ નામની નદીમાં ફાડીને નાખી દીધું હતું. આથી મુસલમાન લોકો એની ઉપર ઘણા ગોસ્સે થયા હતા, તેમજ તમે આ પત્રના આગળા ભાગમાં વાંચ્યું તેમ ખ્રિસ્તીઓનો પણ એણે પવિત્ર ક્રુસ લૂટી લીધો હતો, તેથી તેઓ પણ એની ઉપર ઘણા ચીડાયલા હતા. એનાં મરણ પછી ઈરાનનું રાજ્ય ઘણી ખરાબ હાલતમાં આવી પડયું હતું, જેની હકીકત આવતા પત્રમાં હું તમારી ઉપર લખી મોકલીશ.

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

હુરમજ-ત્રીજાનો ઉસ્તાદ કોણ હતો ?

પોતાના ઉસ્તાદની હૈયાતી લગણ એની ચાલચલણ કેવી હતી, તથા તેનાં મરણ બાદ કેવી થઈ ગઈ હતી ?

રૂમના શાહનશાહનાં લશકરે આથી શું કીધું હતું ?

ત્યાર બાદ કોણનાં લશકરે, તથા કઈ નદી ઓળંગી **ઈરાન** ઉપર ચઢાઈ કીધી હતી ?

હુરમજે તેની સામે કોણને, તથા કેટલાં માણસોનું લશકર આપી મોકલ્યો હતો ?

તેઓ વચ્ચે કયાં લડાઈ થઈ હતી, અને તેમાં કોણ હાર્યું હતું ?

ત્યાર બાદ **હુરમજે બેહરામને** કયાં લડવાને મોકલ્યો હતો ?

ત્યાં તે ફાવ્યો હતો કે નહીં ?

આથી હુરમજે તેને માટે શું ભેટ મોકલ્યું હતું ?

બેહરામે આથી શું કીધું હતું ?

હવે **ખુસરૂ** નાસીને ક્યાં ગયો હતો ?
આથી હુરમઝે કોણને બંદીખાને નાખ્યા હતા ?
તેઓએ છુટી હુરમઝને શું કીધું હતું ?
પછી **ખુસરૂ**ને કોણની સાથે લડાઇ થઇ, અને તેમાં કોણ હાર્યો ?
આથી **ખુસરૂ** ક્યાં નાઠો, તથા હુરમઝનું શું થયું ?
ખુસરૂએ કોણની મદદથી બેહરામને હરાવ્યો હતો ?
તખ્ત ઉપર આવ્યા પછી **ખુસરૂ**એ શું કીધું હતું ?
પછી તેણે રૂમીઓ સાથે ક્યારે લડાઇ કરી તેમને હરાવ્યા હતા ?
ત્યા બાદ એણે કયા મુલકો પોતાને સ્વાધીન કીધા હતા ?
પછી એણે કયું શેહેર જીત્યું હતું, તથા ત્યાંથી **ઈરાન** તરફ શું મોકલ્યું હતું ?
એણે ત્યાં કેટલા ખ્રિસ્તીઓને બંદીવાન કીધા હતા ?
પછી **ખુસરૂ**એ ક્યાં વર્ષમાં **મિસર** દેશ ઉપર સવારી કીધી, અને કયું શેહેર તાબે કીધું હતું ?
બીજે વર્ષે એણે ક્યાં શેહેરને ઘેરો ઘાલી લીધું હતું ?
હવે **રૂમના** કયા શાહનશાહે **ખુસરૂ** સાથે સુલેહ કરવા માટે એલચીઓ મોકલ્યા હતા ?
ખુસરૂએ તેને શું કેહેવડાવ્યું હતું ?
આથી **હીરેકલીઅસે** શું કીધું, અને તેમાં કોણ હાર્યો ?
આ વખતે પણ **ખુસરૂ**એ સલાહ નહીં કીધાથી એની પ્રજાના લોકોએ એને શું કીધું હતું ?
ત્યાં એને કોણે અને કયાં વર્ષમાં મારી નખાવ્યો હતો ?
એણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હતું ?
એની રાણીનું નામ શું હતું ?

મુસલમાન લોકો શા માટે એ પાદશાહ ઉપર ગોસ્સે થયા હતા ?

એનાં મરણ પછી ઈરાનનું રાજ્ય કેવી હાલતમાં આવી પડયું હતું ?

પત્ર ૩૨ મો.

મારી પ્યારી દીકરી,

છેલ્લા પત્રમાં મેં તમને લખ્યું હતું કે ખુસરૂ-પરવીઝની પછી ઈશાનનું રાજ્ય ઘણી ખરાબ હાલતમાં આવી પડયું હતું. તમને યાદ હશે કે ખુસરૂને મારી નાખી તેનો દીકરો શીરોએ ઈ૦ સ૦ ૬૨૮) માં ઈરાનનાં તખ્ત ઉપર બેઠો હતો. એ ઘણો ઘાતકી હતો, અને ફકત સાત મહિના રાજ્ય ચલાવી મરણ પામ્યો હતો.

એની પછી એના એક નહાના દીકરા અર્દશીરને એના ઉમરાવોએ તખ્ત ઉપર બેસાડયો, પણ શેહરિયાર નામના એક હાકેમે આવી તેને મારી નાખ્યો, અને પોતે રાજ્ય ચલાવવા લાગ્યો. તેણે પણ થોડાજ દિવસ રાજ્ય ચલાવ્યું, તેવામાં પાદશાહી વંશના કોઇ મળતિયાએ તેને મારી નાખ્યો, અને ખુસરૂ-પરવીઝની પુરાન-દોખ્ત નામની એક દીકરીને તખ્ત ઉપર બેસાડી. તેણે માત્ર છ મહિના રાજ્ય ચલાવ્યું.

તેની પછી તેનો પિતરાઈ શાહુશનનદેહ તખ્ત ઉપર આવ્યો. તેણે માત્ર એકજ મહિનો રાજ્ય ચલાવ્યું હતું. પછી પાછી ખુસરૂ-પરવીઝની અરઝમ-

દોખ્ત નામની બીજી દીકરી તખ્ત ઉપર આવી, પણ તેને ખોરાસાનના હાકિમ ફરોખહુરમઝના દીકરા ફરૂતએ મારી નાખી; અને અહવઝ શેહેરમાંથી અદેશીર-બાબેગાનની તોખમના કશરા નામના એક શખ્સને લાવી તખ્ત ઉપર બેસાડયેા, પણ તે રાજ્ય ચલાવવાને નાલાયક હેાવાથી તેને ઉઠાડી મેલ્યેા.

ત્યારબાદ ફરોખઝાદ નામના એક શખ્સને તખ્ત ઉપર બેસાડયેા. તે બિચારાએ એક મહિનેા પણ રાજ્ય ચલાવ્યું નહીં, તેવામાં તેને ઝેહેર દઈ મારી નાખ્યેા, અને ઈરાનનાં તખ્ત ઉપર માઠાં ભાગ્યનેા યઝદ-જર્દ-શેહેરિયાર ઈ૦ સ૦ ૬૩૨) માં આવ્યેા. કેહેછે કે આ યઝદજર્દ ખુસરૂ-પરવીઝનેા નબીરેા હતેા, પણ તેને બાળપણથી બાહેર મેાકલી દીધાથી તે કેટલું'ક સુધી ઈસ્તખરમાં પડી રહ્યેા હતેા.

મારી પ્યારી દીકરી, આ પત્ર ઉપરથી તમે ખુસરૂ-પરવીઝનાં રાજ્યની પછીથીતે યઝદજર્દ તખ્ત ઉપર બેઠેા ત્યાં લગણનાં ચાર વર્ષમાં ઈરાનનું રાજ્ય કેવી ખરાબ હાલતમાં હતું, તે જોયું હશે. જે જે પાદશાહેા એટલા વખતના અરસામાં થઈ ગયા હતા, "તે ફકત નામનાજ હતા, અને બાકીનેા બધેા અખત્યાર લુચ્ચા અમીર ઉમરાવેાના હાથમાં હતેા." યઝદજર્દના તખ્ત ઉપર બેઠા પછી અસલી ઈરાનની શેહનશાહત તદન પડી ભાગી, જે વિષેનું વર્ણન આવતા પત્રમાં તમારી ઉપર લખી મેાકલીશ.

હું છું તમારેા વાહાળેા બાપ.

૧૩.

સવાલો.

ખુસરૂ-પરવીઝને મારી નાખી ઈરાનનાં તખ્ત ઉપર કોણ બેઠો હતો ?

શીરોએ કેવો પાદશાહ હતો, તથા કેટલા મહિના રાજ્ય ચલાવી મરણ પામ્યો હતો ?

એની પછી કોણને તખ્ત ઉપર બેસાડયો હતો ?

અર્દશીરને મારી નાખી કોણ રાજ્ય ચલાવવા બેઠો હતો ?

શેહરિયારને કોણે મારી નાખ્યો, તથા તેની જગાએ કોણને તખ્ત ઉપર બેસાડી ?

પુરાનદોખ્તે કેટલા મહિના રાજ્ય ચલાવ્યું હતું, અને તેની પછી કોણ તખ્ત ઉપર આવ્યું હતું ?

શાહરાનનદેહે કેટલું સુધી રાજ્ય કીધું, અને તેની પછી કોણ તખ્ત ઉપર આવ્યું ?

અરઝમ-દોખ્તને કોણે મારી નાખી, અને કોણને, તથા કયાંથી લાવી તખ્ત ઉપર બેસાડયો ?

કશરાને શા માટે તખ્ત ઉપરથી ઉઠાડી મેલ્યો ?

પછી કોણને તખ્ત ઉપર બેસાડયો હતો ?

ફરોખઝાદને કેવી રીતે મારી નાખ્યો હતો ?

પછી ઈરાનનાં તખ્ત ઉપર કોણ, અને કયાં વર્ષમાં આવ્યો હતો ?

પત્ર ૩૩ મો.

મારી પ્યારી દીકરી,

મારા છેલ્લા પત્રમાં તમે વાંચ્યું હશે કે ઈરાનનાં તખ્ત ઉપર ઇ૦ સ૦ ૬૩૨) માં યઝદજર્દ-શેહરિયાર

આવ્યો હતો. એ ઘણો નબળો પાદશાહ હતો. એના વખતમાં ઈરાનીઓનું રાજ્ય સદાબરૂં તેઓના હાથમાંથી આરબોએ લઈ મુકયું હતું.

એ આરબોને તે વખતના લોકો ઘણા હલકા ગણતા હતા. "તેઓનો મુલક પાહાડી, ત્યાંની જમીન વેરાન, તથા મેદાનો સઘળાં રેતાળ હતાં." તેઓ ત્યાં લૂટફાંટ કરી સ્વતંત્રતાથી રેહેતા હતા. પેહેલાં તેઓ "સૂર્ય તથા ગ્રહોની પૂંજા કરતા હતા," પણ પાછળથી તે સઘળાઓએ મહમદનો ધર્મ કબુલ કીધો હતો. તેઓ વગર સમજણના તથા ઝનુની હોવાથી "પોતાનો ધર્મ બીજા લોકોમાં ફેલાવવાને ઘણી જાસ્તી તથા જુલમો ચલાવ્યા હતા." જે લોકો બીજો ધર્મ પાળતા તેમને તેઓ કુફરને નામે ઓળખતા, તથા તેમને મારી નાખવાનું, અને તેઓની સાથે લડાઇ કરવાનું સવાબ સમજતા હતા.

મહમદની પછી જેઓ તેના વારસ થયા, તેઓને ખલીફ કરી કેહેછે. ઈરાનનાં રાજ્ય ઉપર પેહેલ વેહેલો હુમલો આરબોએ ખલીફ ઓમરના વખતમાં કીધો હતો. ઓમરે સઅદે વકાસ નામના પોતાના એક સરદારને ૩૦૦૦૦) માણસોનું એક લશ્કર આપી ઈરાનીઓની સાંમે લડવા મોકલ્યો. યઝદજર્દે પણ ઈરાનીઓનું એક લશ્કર તૈયાર કીધું, અને તેની સરદારી રૂસ્તમ ફરોખઝાદ નામના એક સરદારને આપી.

બંને લશ્કરો વચ્ચે બગદાદની પાસે કાદસીહ નામની જગો આગળ એક જબરી લડાઈ થઈ, તેમાં ઈરાનીઓ હાર્યા, તથા રૂસ્તમ ફરોખઝાદ માર્યો ગયો, અને કાવીઆની ઝુંડો આરબોએ લઈ લીધો. આ લડાઈ ઈ૦ સ૦ ૬૩૬) માં થઈ હતી, અને તેને કાદસીહની લડાઈ કરી કેહેછે.

આ હારની ખબર જેવી યઝદજર્દને થઈ તેવોજ તે પોતાની સાથે કેટલોક અશબાબ લઈ હુલવાન તરફ નાસી ગયો. આથી સઅદેવકાસે ઈરાનનું પાયતખ્ત જે મદાએન નામનું શેહેર હતું તે હાથ કરી લીધું. પછી તે યઝદજર્દની પુઠે દોડયો, તથા જલવલાહના કિલ્લામાં શરવાન તથા આઝર બીજાનના પ્રાંતોમાંથી જે ઘોડેસ્વાર લશ્કર યઝદજર્દની મદદે આવ્યું હતું, તેની સાંમે પોતાના ભત્રિજા હશમને મોકલ્યો. હશમે તેની ઉપર હુમલો કરી તે કેદ પકડયું. આ સાંભળી યઝદજર્દ હુલવાનથી નિકળી રઐ તરફ નાઠો, જેથી હુલવાન હશમે પોતાને હસ્તક કરી લીધું.

ત્યારબાદ ખલીફ ઓમરને સઅદેવકાસ વિષે કાંઇ ફરિયાદ પોંહચ્યાથી તેણે તેને પાછો બોલાવી લીધો, અને તેની જગાએ ઓમર યુસીર નામના એક સરદારને નેમ્યો. યઝદજર્દે ફરીથી એકવાર "ઈરાનનું નસીબ અજમાવી જોવા" ૧૫૦૦૦૦) માણસોનું એક મોટું લશ્કર ખોરાસાન, રઐ, તથા હામદનમાંથી એ-

કઠું કીધું, અને તેની સરદારી ફીરૂઝન નામના એક નામીચા સરદારને આપી. ઓમરે પણ આથી એક મોટું લશ્કર એકઠું કીધું, અને તેની સરદારી નોમન નામના એક ધર્મ ચૂસ્ત શખ્સને આપી. આ બંને લશ્કરો વચ્ચે હામદનની દક્ષિણે નાહુવંદનાં મેદાનમાં એક મોટી જોશ ભરી લડાઇ થઇ, જેમાં નોમન પોતે માર્યો ગયો, પણ તેનાં લશ્કરે ઘણી બહાદૂરીથી લડાઇ ચલાવી, અને ઈરાનીઓને તદન હરાવ્યા. આ લડાઇ ઈ૦ સ૦ ૬૪૧) માં થઇ હતી, અને તેને નાહુવંદની લડાઇ કરી કેહેછે. એ લડાઇથી ઈરાનનું રાજ્ય આરબોને હસ્તક ગયું હતું.

હવે આથી કમનસીબ બિચારો યજ્ઞદજર્દ નાસીને સિસ્તાન ગયો; અને ત્યાંથી પછી ખોરાસાન તથા મર્વમાં ગયો અને મર્વથી આઠ મૈલ દુર એક દળનારના ઘેરમાં જઇ ત્યાં સંતાયો. તેણે જે કિંમતી પોશાક પેહેરેલો હતો, તેથી લલચાઇને પેલા મુજી દળનારે તે બિચારાને મારી નાખ્યો. જયારે આ વાતની ખબર ઈરાનીઓને થઇ, ત્યારે તેઓએ તે દળનારને એકદમ મારી નાખ્યો, અને યજ્ઞદજર્દનાં રવાનને ઈસ્તખરનાં દોખમામાં અવલમંજલ પહોંચાડયું. એણે નવ વર્ષ રાજ્ય કીધું હતું, અને દશ વર્ષ સુધી નાસ્તો ફર્યો હતો. એ ઈ૦ સ૦ ૬૫૧) માં માર્યો ગયો, અને એ બનાવથી ઈરાનનાં અસલી રાજયની તદન આખરી આવી. ઇ-

રાનીઓ નાસ્તા ભાગતા કુર દેશોમાં જઈ રહ્યા, અને બેશુમાર હાદેસાઓ બન્યા.

મારી બ્યારી દીકરી, હવે ઈરાનની તવારિખને લગતા મારા પત્રો પુરા થયાછે, અને હું આશા રાખું છું કે આ મારા સઘળા પત્રો તમે સાચવીને રાખ્યા હશે, તથા તેમાની બાબતો પણ તમને બધી યાદ હશે; અને જ્યારે તમે ઈરાનની તવારિખને લગતાં મોટાં મોટાં પુસ્તકો વાંચશો, ત્યારે આ મારા પત્રોમાની બિના તમને એક દીબાચા જેવી થઈ પડશે. હવે હું થોડા દિવસમાં આવી તમને મળીશ, માટે આ મારો પત્ર તમોએ છેલ્લો સમજવો; અને તે બંધ કરતી વેળા તમને નામીઆ પાદશાહ નોશીરવાન-આદેલની થોડીક કિમ્મતી શિખામણો પાછી યાદ દેવડાવું છું તે ઉપર તમો સદા અમલ કરજો;—

"તમારી દિયાનત પાખ રાખજો; ઈનસાફની રાહે
" ચાલજો; બંદગીમાં મશગુલ રેહેજો; દુખીઓને સાહે
" થજો; કેળવણીનો ફેલાવો કરજો; સારાં માણસોને
" મદદ આપજો; ડાહ્યાં માણસોની સલાહ લેજો; બો-
" દાથી બિહિતાં રેહેજો; સાચ્ચું બોલજો; અને સર્વનાં
" સુખમાં તમારૂં પોતાનું સુખ જાણજો."

હું છું તમારો વાહાળો બાપ.

સવાલો.

યઝદજર્દ–શેહેરિયારના વખતમાં ઈરાનનું રાજ્ય સ્થાપ્યું કોણે લય મુક્યું હતું ?

આ આરબોને તે વખતના લોકો કેવા ગણતા હતા ? તેઓએ પાછળથી કયો ધર્મ કબુલ કીધો હતો ?

મહમદની પછી જેઓ તેના વારસ થયા, તેમને શું કેહેછે ?

ઈશાનનાં રાજ્ય ઉપર આરબોએ પેહેલવેહેલો કોણના વખતમાં હુમલો કીધો હતો ?

ખલીફ ઓમરે કોણને તથા કેટલાં માણસોનાં લશ્કર સાથે ઈરાનીઓની સાંમે લડવાને મોકલ્યો હતો ?

યઝદજર્દે ઈરાની લશ્કરની સરદારી કોણને આપી હતી ?

બંને લશ્કરો વચ્ચે કયાં લડાઇ થઈ હતી, અને તેમાં કોણ હાર્યા હતા ?

એ લડાઇ કયાં વર્ષમાં થઇ હતી, અને તેને કયાંની લડાઇ કરી કેહેછે ?

આ હારથી યઝદજર્દ નાસીને કયાં ગયો હતો ?

આથી સઅદેવકાસે કયું શેહેર હાથ કરી લીધું ?

પછી તે પોતે કયાં ગયો, અને પોતાના ભત્રિજા હશમને કયાં મોકલ્યો ?

હશમે તેમને શું કીધું ?

આથી યઝદજર્દ ત્યાંથી કયાં નાસી ગયો ?

પછી ખલીફ ઓમરે સઅદે વકાસને શા માટે પાછો બોલાવી લીધો, તથા તેની જગાએ કોણને નેમ્યો ?

ચઝ્ઝદજર્દે ફરીથી કેટલાં માણસોનું, તથા કયાં શેહેરો-માંથી લશ્કર એકઠું કીધું, અને તેની સરદારી કોણને આપી ?

ઓમરે કોણની સરદારી હેઠલ તેઓની સામે લશ્કર મોકલ્યું ?

આ બંને લશ્કરો વચ્ચે કયાં લડાઈ થઈ હતી, અને તેમાં કોણ માર્યો ગયો હતો ?

નોમનના માર્યા ગયાથી તેનાં લશ્કરે કેવી રીતે લડાઇ ચલાવી હતી ?

તે લડાઇમાં કોણની હાર થઇ હતી ?

એ લડાઇને કયાંની લડાઈ કરી કેહેછે, તથા તે કયાં વર્ષમાં થઈ હતી ?

આથી ઈરાનનું રાજ્ય કોણને હસ્તક ગયું હતું ?

હવે આથી ચઝ્ઝદજર્દ નાસીને કયાં ગયો હતો ?

સિસ્તાનથી પછી તે કયાં ગયો, અને કયાં સંતાયો ?

પેલા દળનારે શાથી લલચાઈ તેને મારી નાખ્યો હતો ?

આ ખબર ઇરાનીઓને થઇ ત્યારે તેઓએ પેલા દળનારને શું કીધું, તથા ચઝ્ઝદજર્દનાં સ્ત્રીને કયાંનાં દોખમામાં અવલમંજલ પહોંચાડયું ?

ચઝ્ઝદજર્દે કેટલાં વર્ષ રાજ્ય કીધું હતું, કેટલાં વર્ષ નાસતો ફર્યો હતો, તથા કયાં વર્ષમાં માર્યો ગયો હતો ?

વધારો.

આ પુસ્તકમાં આવેલાં ઈરાન શિવાય યુનાન, રોમ, ઈત્યાદિ દેશોને લગતા પ્રાંતો, શેહેરો, નદીઓ, ઈત્યાદિના ખુલાસા.

અ—ઓ.

અયોન્યા—યુનાનની પશ્ચિમે આવેલો એક ટાપુ.

આકાન્થસ—એથોસની સંયોગી ભૂમિની પાસેનું મા-સિડનનું એક શેહેર.

આથન્સ—અસલ એટ્ટીકાની, તથા હાલ યુનાનની રાજધાની.

આર્ત્તીમિશિયમનો ભુશલાકા—યુબિયાના ટાપુમાં.

આર્બેલા—આસિરિયાના મુલકમાં તાઇગ્રીસ નદીની પૂર્વે આવેલું એક શેહેર.

આર્મીનિયા—મિસોપોટેમ્યાની ઉત્તરનો દેશ.

આસ્સિરિયા—અસલ તાઇગ્રીસ નદીની પશ્ચિમનો દેશ.

ઈજીયન સમુદ્ર—યુનાન દેશની પૂર્વે આવેલી ભુમ્ધ્ય સમુદ્રની એક શાખા.

ઈથોપ્યા—લિબિયાની દક્ષિણ, અને મિસરની નૈઋત્ય-કોણેનો એક મુલક.

ઈદીસા—યુફ્રેતિસ નદીની પૂર્વે મિસોપોટેમ્યાનું એક શેહેર. હાલ એને "ઓફા" કરી કેહેછે.

ઈફીસસ—એશિઆમૈનરની પશ્ચિમે અયોન્યાનું લગતું એક મુખ્ય શેહેર.

ઈમથ્રોસ—ઇજીયન સમુદ્ર માહેલો યુનાન દેશને લગતો એક ટાપુ.

ઈરીત્રિયા—યુબિયામાનું એક શેહેર.

ઈસસ—સિરિયાની સરહદ ઉપર સીલીશિયાનું એક શેહેર.

એટીકા—ઇજીયન સમુદ્રને કિનારે યુનાનની પૂર્વ દિશાએ આવેલો એક પ્રાંત.

એથોસનો પાહાડ—માસિડનની દક્ષિણે ઇજીયન સમુદ્રને કિનારે.

એનટીઓક—ઓરોનતિસ નદીના દક્ષિણ કિનારા ઉપર સિરિયાનું એક શેહેર.

એનતાદ્રુસ—લિડિયાના ઉત્તર કિનારા આગળનું એક શેહેર.

એરાક્ષીસ નદી—આર્મીનિયામાની કાસ્પિઅન સમુદ્રમાંથી વહેતી નદી.

એશિઆમૈનર—ઇજીયન, કાલા, અને કાસ્પિઅન સમુદ્રોની વચ્ચે આવેલો મહાદ્વીપ.

ઓસ્રોપસ નદી—બીઓશિયામાં આવેલી નદી.

ક.

કાર્થેજ—આફ્રીકાના કોસ્તા ઉપર ફીનિશિયનોએ ઇ૦ સ૦ પૂ૦ ૮૩૩) માં વસાવેલું શેહેર.

કુનેકસા—આસિરિયાનું એક શેહેર.

કેરિયા—એશિઆમૈનરની નૈરૂત્યકોણે આવેલો એક પ્રાંત.

કેલસિદોન—બાઇઝેનશિયમની સામે બીથીનિયામાં આવેલું એક શેહેર.

ખ.

ખીઆલદીઆ—યુફ્રેતિસ અને તાઇગ્રીસ નદીઓની વચ્ચે આવેલો અસલ બાબિલોનિયાનો દેશ.

ગ.

ગ્રેનાઈકસ નદી—ખીથીનિયામાની નદી.

ગોગમેલાનું મેદાન—આર્બેલાથી વીસ મૈલને છેટે એમાદસ નદીના કાંઠા આગળ.

ચ.

ચીઆસ—ઈજીયન સમુદ્ર માહેલો એક ટાપુ, કે જે વાઈન દારૂ અને સંગેમરમરના પથ્થરને માટે વખણાયલોછે.

જ.

જુદીઆ—આર્બસ્થાનની પશ્ચિમે રાતા સમુદ્ર આગળ આવેલું એક શેહેર.

જેરૂસલમ—અસલ જુદીઆનું પાયતખ્ત, અને હાલનું પેલેસ્તાઈન.

ત.

તીસફન—તાઇગ્રીસ નદીના પૂર્વ કાંઠા ઉપરનું એક નામીચું શેહેર. એને પાછળથી મદાએન કરી કેહેતા હતા.

થ.

થર્માપેાલી—થેસેલીના કાંઠા ઉપરની એક સાંકડી ખીણ.

થરમાનેા અખાત—માસિડનની ઈશાનકેાણે આવેલેા ઈજીયન સમુદ્રનેા એક ભાગ.

થેસપી—બીઓશિયામાનું એક શેહેર.

થેસેલી—ઇજીયન સમુદ્રની પશ્ચિમે યુનાનનેા એક પ્રાંત.

થ્રેસ—માસિડન અને કાલા સમુદ્રની વચ્ચેનેા એક મુલક.

ડ.

ડાન્યૂબ નદી—તરકીમાની, કાલા સમુદ્રમાં વહેતી નદી.

ઢ.

ઢિલાસ—સાઇકિલેદીઝની વચ્ચમાં આવેલો ટાપુ.
ઢોશીસકસ—ગ્રેસના કેાસ્તાપરનું એક મેાટું મેદાન.

ન.

નાઈલ નદી—મિસર દેશ માહેલી ભુમધ્ય સમુદ્રમાં વહેતી નદી.

નિનેવે—તાઈગ્રીસ નદીની પૂર્વે આસિરિયાનું પાયતખ્ત.
નિસબીસ—મિસેાપેાટેમ્યામાં તાઈગ્રીસ નદીને કાંઠેનું શેહેર.
નેાક્ષસ—ઈજીયન સમુદ્રમાનેા એક ટાપુ.

પ.

પ્લેટી—બીએાશિયામાનું એક શેહેર.
પ્રેાપેાનટીસ—કાલા અને ભુમધ્ય સમુદ્રની વચ્ચેની સામુદ્રધુની.

ફ.

ફીનિશિયા—ભુમધ્ય સમુદ્રની પૂર્વે આવેલેા સિરિયાનેા એક ભાગ.
ફેાસિસ—એશિઆમૈનર માહેલું એક શેહેર.

બ.

બાઈઝેનશિયમ—અસલ ગ્રેસની પૂર્વ દિશાનું શેહેર. હાલ કાનસ્તેનતીનેાપલ.

બાબિલોન—યુફ્રેતિસ અને તાઇગ્રીસ નદીઓની વચ્ચે આવેલું શહેર.

બીઓશિયા—એટીકા, ફોસિસ, અને લોક્રીસની વચ્ચે આવેલો યુનાનનો એક પ્રાંત.

મ.

માઈલીટસ—એશિઆમૈનરના કાંઠા ઉપર મીએનદર નદીનાં મુખ આગળનું શહેર.

મારાથાન—આથન્સની ઉત્તરનું મેદાન.

માસ્સિડન—ઇજીયન અને એદ્રીઆતીક સમુદ્રોની વચ્ચેનો મુલક.

મિસર—આફ્રીકાની ઈશાનકોણે આવેલો નામીચો દેશ.

મિસોપોટેમ્યા—યુફ્રેતિસ અને તાઇગ્રીસ નદીની વચ્ચેનો મુલક.

મેમફીસ—નાઇલ નદીના પશ્ચિમ કિનારા ઉપર મિસર દેશની અસલ રાજધાની.

ય.

યુબિયા—ઇજીયન સમુદ્ર આગળનો સઉથી મોટો ટાપુ.

લ.

લિડિયા—એશિઆમૈનરની પશ્ચિમનો પ્રાંત.

લિબિયા—મિસરની પશ્ચિમે અને ઇથોપ્યાની વાવ્યકોણે આવેલો દેશ.

લેડા—એશિઆમૈનરના પશ્ચિમ કાંઠા ઉપર ઇજીયન સમુદ્ર માહેલો એક ટાપુ.

લેમોસ—ઇજીયન સમુદ્ર માહેલો યુનાનને લગતો એક ટાપુ.

લેસીડિમન—યુનાનમાં લેકોન્યાનું એક નામીચું શહેર.

સ.

સપાર્ટા—યુનાનનું એક અસલી શેહેર.

સાઈદોન—અસલ ફીનિશિયાનું એક નામીચું શેહેર.

સાઈપ્રસ—ભુમધ્ય સમુદ્ર માહેલો એક ટાપુ.

સાર્ડિસ—અસલ લિડિયાની રાજધાની.

સિકંદ્રીઆ—મિસર દેશમાં નાઈલ નદીનાં મુખ આગળનું શેહેર.

સિથ્યા—ઓકસસ અને જગઝારતિસ નદીઓની વચ્ચેનો દેશ.

સિરિયા—એકગમથી યુફ્રેતિસ નદી અને ભુમધ્ય સમુદ્ર વચ્ચેનો તથા બીજી ગમથી આરબસ્થાન અને તોરસના પાહાડો વચ્ચેનો દેશ.

સીલીશિયા—એશિઆમૈનરની દક્ષિણનો મુલક.

સેલેમિસ—સેરેાનીકના અખાતમાં આવેલો ટાપુ.

સેમોસ—એશિઆમૈનરના પશ્ચિમ કિનારા ઉપરનો ટાપુ.

હ.

હેલીસ નદી—એશિયામૈનરના મધ્ય ભાગમાંની નદી.

હેલેસ્પાન્ત—યુરેાપ અને એશિઆને જુદા પાડનારી એક સાંકડી સામુદ્ર ધુની.

શુદ્ધિપત્ર.

સંકે.	સતર.	અશુદ્ધિ.	શુદ્ધિ.
૩૧	૪	કકાઉશ.	કૈકાઉશ.
૪૨	૯	ખીદરકુશ.	ખીદરકૃશ.
૭૮	૧૩	સાડિસ.	સાર્ડિસ.
૯૪	૧૪	સુસુદિઆ.	સીસીદિઆ.
૧૦૮	૧૯	ઈ. સ. ૨	ઈ. સ. પૂ.
૧૧૪	૫	ફાવા.	ફાવી.

BSB Bayerische StaatsBibliothek
MDZ Münchener DigitalisierungsZentrum Digitale Bibliothek

Patel, Bahmanji Behrâmji

Irân-ni mukhtesar tavârikh /:Abriß der Geschichte von Iran, von Gayomard bis Yazdagard

Bombay 1872
A.or. 2659 t
urn:nbn:de:bvb:12-bsb10996627-6